નિર્ણય સિન્ધુ ગુજરાતી ટીકા મૂલ્ય રૂ. ૮

શિવ પુરાણ શિવ ગીતા સાથે સંપૂર્ણ સચિત્ર મૂલ્ય રૂ. ૬

તુલસી કૃત રામાયણ ગુ. ટી. રૂ ૩॥

યુવતી સૌભાગ્ય રત્ન ગુ. ટી. રૂ. ૦॥

પ્રસ્તાવના

જેમ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, જ્યારે ધર્મનો નાશ થાય ત્યારે ધર્મનો ઉદ્ધાર કરવા ભગવાન અવતારને ધારણ કરે છે તે પ્રમાણે શ્રી શંકર ભગવાનનો અવતાર પણ જ્યારે પાંખડી મતનું પ્રાબલ્ય વધ્યું, ત્યારે ધર્મનો ઉદ્ધાર કરવા ભગવાનના અંશરૂપે શ્રીશંકર ભગવાને અવતાર ધારણ કર્યો. એમણે ઘણાં બ્રહ્મ સંબંધી સ્તોત્રો બનાવ્યાં છે, જેમાં વિવેકાનંદ, અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, સ્વાત્મ નિરૂપણ, વાક્યવૃત્તિ તથા હસ્તામલક સ્તોત્ર આદિ મુખ્ય છે. સઘળા આચાર્યોએ પ્રસ્થાનત્રય પર વિવેચન કર્યું છે. પણ સઘળાના કરતાં શ્રીશંકર ભગવાન્ આ પ્રસ્થાનોનું રહસ્ય ઘણી સારી રીતે સમજાવ્યા છે

ઉપનિષદના સિદ્ધાંતને સમજી સારી રીતે વિવરણ કરવામાં શ્રીશંકર ભગવાને જેટલો વિજય પ્રાપ્ત કર્યો છે, તેટલો બીજા કોઈ ટીકાકારોએ પ્રાપ્ત કર્યો નથી. વળી અદ્વૈત સિદ્ધાંતપર પણ જેટલો શ્રીશંકરે કાબુ મેળવ્યો છે તેટલો બીજા કોઈએ મેળવ્યો નથી. આ અદ્વૈત જ્ઞાન એ એક એવું શ્રેષ્ઠ જ્ઞાન છે કે, જે આત્માની ઉપલબ્ધિવડે થાય છે. આ પરમાર્થ તત્ત્વની પ્રાપ્તિ થવાથી સર્વ વિશ્વનું મિથ્યાપણું તથા અનિર્વાચ્ય એવા એક ચૈતન્ય વિષે સર્વનો સમાવેશ થાય છે, એમ જાણવામાં આવે છે.

સંપત્ બે પ્રકારની છે, આસુરી તથા દૈવી. પ્રાણ અર્થાત્ ઇન્દ્રિયોનું રંજન કરનારી સંપતને આસુરી સંપત્ કહે છે તથા દિવ્ય જ્ઞાનરૂપે પ્રકાશવું તે દૈવી સંપત્ છે. આ દૈવી સંપતથી અમૃત ભાવની પ્રાપ્તિ થાય છે. આજ કારણને લીધે સ

ધનરૂપે એક આધ્યાત્મિક આણી છે દેવા તથા અસુરો એક જ પ્રજાપતિના પુત્રો હતા તથા તેઓએ અમૃત મેળવવા માટે સમુદ્રનું મંથન કર્યું. અંતઃ યોનિ પ્રમાણે એકજ ચૈતન્ય માંથી બે પ્રકારના ભાવો જેવા કે આસુરી તથા દૈવી ભાવો ઉત્પન્ન થયા. આ બે પ્રકારના ભાવો હૃદયાકાશરૂપી સમુદ્રમાં અમૃત અર્થાત્ જન્મ મરણના અભાવ માટે મથન કરવા લાગ્યા તેઓએ મેરૂ પર્વત રૂપે 'ૐકાર' રૂપી પ્રણવને કર્યો તથા વાસુકી નાગ રૂપે કુંડલિની નામની નાડીને કરી તથા તેવડે મથન કરવા માંડયું. આ રીતે મંથન કરતાં ચૌદ રત્નો રૂપે ચૌદ પ્રકારની લાલચો ઉત્પન્ન થઇ. જે તે લાલચમાં ફસાયો, તે અમૃત ભા વને પામી શક્યો નહી. પણ દૈવી સંપત્ જે જ્ઞાનરૂપે છે, તેણે લાલચમાં નહી ફસાતાં અમૃતને મેળવ્યુ તથા આસુરી ભાવ અમૃત અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરી શક્યો નહીં.

જગત્ એ માયારૂપી એક મહા ભયંકર વન છે તથા તેમાં કામ ક્રોધાદિ અનેક શ્વાપદો રહે છે. એ વનમા બ્રહ્મા, વિષ્ણુ, તથા મહેશ્વર એ ત્રણ મહાન્ વૃક્ષો છે, આ વૃક્ષનો જે આશ્રય કરે છે તે શ્વાપદોથી પોતાનું રક્ષણ કરી શકે છે. જેવી કામનાથી મનુષ્ય આ મહાન્ વૃક્ષનો આશ્રય કરે છે તેવાં તેવાં ફળ તેમને પ્રાપ્ત થાય છે. આથી આ વૃક્ષોને વિદ્વાનો કલ્પવૃક્ષો કહે છે.

આ બધાં સ્તોત્રો ઉપરથી રહસ્ય એ લેવાનુ છે કે, અકાર, ઉકાર, મકાર તથા અર્ધ માત્રાવાળા પ્રણવમાં વિશ્વ, પ્રાજ્ઞ તથા તુરીય એ ચાર અધ્યાત્મ પાદવડે અથવા હિરણ્યગર્ભ, ઇશ્વર અને પરમાત્મા આ ચાર પાદવડે તાદાત્મ્ય ભાવને પ્રાપ્ત થયેલ આત્મારૂપ મંત્રનું રટન કરવાથી દુર્વાસનાઓનો નાશ થઇ જાય

છે. દુર્વાસનાનો નાશ થવાથી એની મેળે જીવ પોતે શિવભાવને પામે છે બ્રહ્મમાં દ્વૈત બુદ્ધિ કરાવનારી આ માયા મોટી વિઘ્ન રૂપે છે આ વિઘ્નનાં પ્રપંચ રૂપે અનેક અરચાઓ છે.

જો સદ્ગુરૂરૂપી શ્રીશંકર ભગવાનના ઉપદેશામૃતવડે આ પ્રપંચનું છેદન થાય તો મુમુક્ષુ વૈરાગ્યનો આશ્રય લેતો છતો બ્રહ્મજ્ઞાનના પરિશીલનમાં રાત્રિ દિવસ મચ્યો રહે છે તથા તે સ્વયંજ્યોતિ આનંદરૂપ અદ્વૈત બ્રહ્મને પામે છે. ઋગ્વેદમાં બ્રહ્મ શબ્દનો અર્થ પ્રાર્થના અથવા ભક્તિ કર્યો છે, પણ જૂના બ્રાહ્મણ ભાગમાં બ્રહ્મનો અર્થ પૂર્ણ પવિત્રતા કર્યો છે. આત્મન્ તથા બ્રહ્મન્ આ બેઉ શબ્દો એકજ અર્થના વાચક છે

આ હરેક સ્તોત્રો સારી રીતે સમજવા પડે, માટે વિવેક-ચૂડામણિના જુદા જુદા શ્લોકોપર વિષયના હેડીંગ આપવા છતાં દરેકનાં જુદાં જુદાં પ્રકરણ આપ્યાં છે. આ રીતે વિવેક-ચૂડામણિનાં પાંચ પ્રકરણ પાડ્યાં છે. આટલું કહી હું ઉદારસુ-જ્ઞોની ક્ષમા માગું છું કે, તેઓ આ ગ્રંથને જેમ બને તેમ સારી રીતે સુધારીને વાંચશે. કારણ પ્રેસની ખામીને લીધે અનેક સ્થળે આમાં ભૂલો રહી ગઈ છે, પણ જેમ હંસ દૂધ ને પાણી એકઠાં કરી મૂક્યાં હોય તેમાંથી દૂધનું ગ્રહણ કરે છે તથા પાણીને પડતું રહેવા દે છે. તેમ હંસક્ષીર ન્યાયની માફક દોષો તરફ નજર ન કરતાં વાંચશો આ સર્વમાંથી સારને ગ્રહણ કરી ભૂલોને માટે દરગુજર કરશો.

શ્રીશંકર પાદારવિંદાલિરૂપી

કાર્તિક શુક્લ દ્વિતીયા.

છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રી.

સંવત ૧૯૭૦

અનુક્રમણિકા.

પ્રકરણ ૨ જું

પરમાત્મસ્વરૂપ.

પૃષ્ઠ વિષય

પ્રકરણ ૩ જું

અહંકાર નિરૂપણ

अपरोक्षानुभूति

પ્રકરણ ૧ લું.

સાધન નિરૂપણ.

પૃષ્ઠ	વિષય

ॐ

तत् सत् परमात्मने नमः

अथ श्रीमच्छङ्कराचार्यविरचितः

विवेकचूडामणिः

પ્રકરણ ૧ લું.

દેહનિરૂપણ.

મંગળાચરણ

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोऽस्म्यहम् ॥ १ ॥

ઉત્તમ ગોવિંદ કે જે સઘળા વેદાંતોના સિદ્ધાંતોના વિષયરૂપ છે, પરમ આનંદરૂપ છે અને વાણી તથા મન આદિથી જાણી શકાતા નથી, તેને હું પ્રણામ કરૂં છું. ૧

પુણ્યવિના મોક્ષની અપ્રાપ્તિ

जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता ।
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्त्वमस्मात्परम् ।

आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थिति-
मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः पुण्यैर्विना लभ्यते ॥ २ ॥

પ્રાણીઓમાં માણસનો જન્મ મળવો દુર્લભ છે. તેમાં પુરુષપણું દુર્લભ છે, તેમાં પણ બ્રાહ્મણપણું દુર્લભ છે. તેમાં પણ વેદોક્તધર્મના માર્ગમાં તત્પરપણું દુર્લભ છે. તેમાં પણ વિદ્વાનપણું દુર્લભ છે, તેમાં પણ આત્મા તથા અનાત્માનો વિવેક મળવો દુર્લભ છે. તે થયા પછી પણ સ્વસ્વરૂપનો અનુભવ થવો દુર્લભ છે. અને તે થયા પછી બ્રહ્મરૂપે ચિત્તની સ્થિતિ કરવી એ દુર્લભ છે; માટે મુક્તિ સેંકડો જન્મોમાં કરેલાં કરોડો પુણ્યોવિના મળતી નથી. ૨

મનુષ્યદેહનું દુર્લભપણું.

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥ ३ ॥

મનુષ્યપણું, મોક્ષની ઇચ્છા અને મહાન્ પુરુષોનો આશ્રય, એ ત્રણ પદાર્થો દુર્લભ છે તથા તે ઈશ્વરના અનુગ્રહથી જ મળે છે ૩

આત્મઘાતિ કોણ ?

लब्ध्वा कथंचिन्नरजन्म दुर्लभं तत्रापि पुंस्त्वं श्रुतिपारदर्शनम् ।
यस्त्वात्ममुक्तौ न यतेत मूढधीः सह्यात्महा स्वं विनिहन्त्यसद्-
ग्रहात् ॥ ४ ॥

માણસનો જન્મ કે જે દુર્લભ છે, તે મળ્યા છતાં અને તેમાં પણ જેથી વેદના અર્થનો પાર પામી શકાય, એવું પુરુષપણું મળ્યા છતાં, જે પુરુષ પોતાની મુક્તિને વાસ્તે યત્ન ન કરે, તે

મૂઢ પુરુષ આત્મહત્યા કરનાર છે અર્થાત્ અસત્ એવાં દેહાદિકના મિથ્યા અભિમાનથી પોતે જ પોતાને હાનિ પહોંચાડે છે ૪

इतः कोन्वस्ति मूढात्मा यस्तु स्वार्थे प्रमाद्यति ।
दुर्लभं मानुषं देहं प्राप्य तत्रापि पौरुषम् ॥ ५ ॥

મનુષ્યનો દેહ કે જે દુર્લભ છે, તે મળ્યા છતાં અને તેમાં પણ પુરુષપણું મળ્યા છતાં જે પોતાના સ્વાર્થમાં (મુક્તિમાં) પ્રમાદી (આળસુ) રહે છે, તેથી વધારે બીજા કોને મૂઢ બુદ્ધિવાળો સમજવો? ૫

આત્મજ્ઞાનવિના મુક્તિનો અભાવ.

वदन्तु शास्त्राणि यजन्तु देवान्कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैक्यबोधेन विनापि मुक्तिर्न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ६

ભલે શાસ્ત્રોની ચર્ચા કર્યા કરે, દેવતાઓનું યજન કર્યા કરે, કર્મો કર્યા કરે અને દેવતાઓની ભક્તિ કર્યા કરે, પરંતુ જીવ અને પરબ્રહ્મની એકતા સમજ્યા વિના સેંકડો કલ્પો વીતી જવા છતાં પણ મુક્તિ થતી નથી ૬

अमृतत्वस्य नाशास्ति वित्तेनेत्येव हि श्रुतिः ।
ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ॥ ७ ॥

'ધનથી મુક્તિ મળવાની આશા નથી' એવા અર્થવાળી શ્રુતિ સ્ફુટ રીતે કહે છે કે, કેવળ કર્મો કરવાથી મુક્તિ મળતી નથી. ૭

આત્મપ્રાપ્તિનો યત્ન.

अतो विमुक्त्यै प्रयतेत विद्वान्संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।
सन्तं महान्तं समुपेत्य देशिकं तेनोपदिष्टार्थसमाहितात्मा ॥८॥

આથી અધિકારીએ બાહ્ય વિષયોના સુખની ઇચ્છાનો ત્યાગ કરી મોટા સદ્‌ગુરૂ પાસે જવું તથા તેણે ઉપદેશેલા સિદ્ધાંતોમાં એકાગ્રતા રાખવી. આ રીતે મુક્તિને માટે પ્રયત્ન કરવો જોઇએ. ૮

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ॥ ९ ॥

પોતાનો જીવાત્મા, જે સંસારસમુદ્રમાં ડૂબી ગયો છે તેનો, યોગારૂઢપણું મેળવ્યા પછી, યથાર્થ જ્ઞાનમાં નિષ્ઠા રાખીને પોતાની મેળે જ ઉદ્ધાર કરવો જોઇએ. ૯

संन्यस्य सर्वकर्माणि भवबन्धविमुक्तये ।
यत्यतां पण्डितैर्धीरैरात्माभ्यास उपस्थितैः ॥१०॥

સઘળાં કર્મોનો ત્યાગ કરી, વિવેકી પુરૂષોએ આત્માના વિચારમાં જ તત્પર રહી, સંસારરૂપી બંધનથી છૂટવામાટે યત્ન કરવો જોઇએ.૧૦

વિચારવડે આત્મજ્ઞાન

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किञ्चित्कर्मकोटिभिः ॥११॥

કર્મો ચિત્તની શુદ્ધિ કરવા માટે છે, પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે નથી. આત્મજ્ઞાન તો વિચારથી મળે છે. કરોડો કર્મ કરવાથી જરા પણ આત્મજ્ઞાન મળતું નથી. ૧૧

सम्यग्विचारतः सिद्धा रज्जुतत्त्वावधारणा ।
भ्रान्त्योदितमहासर्पभयदुःखविनाशिनी ॥ १२ ॥

જેમ સારી રીતે વિચારથી સિદ્ધ થયેલ રજ્જુ (દોરી) ના તત્વનો નિશ્ચય, શાંતિ પામેલા પુરૂષે કહેલા મોટા સર્પના ભયરૂપ દુખનો વિનાશ કરે છે. તેમ યથાર્થ વિચારથી સિદ્ધ થયેલો આત્મતત્ત્વનો નિશ્ચય, સંસારવડે ઉત્પન્ન થતા સુખદુઃખનો વિનાશ કરે છે. ૧૨

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायामशतेन वा ॥ १३ ॥

સદ્‌ગુરૂના વચનના અને [illegible] સ્વસ્વરૂપનો નિશ્ચય થાય છે, પણ સ્નાનવડે, દાનવડે, તેમ જ સેંકડો પ્રાણાયામ કરવાવડે થતો નથી. ૧૩

अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।
उपाया देशकालाद्याः सन्त्यस्मिन्सहकारिणः ॥१४॥

વિશેષે કરી ફળની સિદ્ધિ થવામાં યોગ્ય અધિકારીની આવશ્યકતા છે અને તેમાં દેશ તથા કાળ આદિ ઉપાયો સહાય કરનારાછે. ૧૪

अतो विचारः कर्तव्यो जिज्ञासोरात्मवस्तुनः ।
समासाद्य दयासिन्धुं गुरुं ब्रह्मविदुत्तमम् ॥ १५ ॥

એટલા માટે આત્માના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળાએ દયાના સમુદ્રરૂપ અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ ગુરુની પાસે જઈ, આત્માનો વિચાર કરવો જોઇએ. ૧૫

અધિકારીનું લક્ષણ.

मेधावी पुरुषो विद्वानूहापोहविचक्षणः ।
अधिकार्यात्मविद्यायामुक्तलक्षणलक्षितः ॥ १६ ॥

જે પુરૂષ બુદ્ધિમાન્, વિદ્વાન્, તર્ક વિતર્ક કરવામાં વિચક્ષણ અને મુક્ત પુરૂષનાં લક્ષણોવડે યુક્ત હોય, તે પુરૂષ આત્મવિદ્યાનો અધિકારી છે. ૧૬

विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥ १७ ॥

જે પુરૂષ વિવેકી, વૈરાગ્યવાળો, શમ આદિ ગુણોવાળો અને મોક્ષની ઇચ્છાવાળો હોય, તે જ બ્રહ્મની જિજ્ઞાસાવાળો કહેવાય છે.૧૭

સાધનોનું વર્ણન.

साधनान्यत्र चत्वारि कथितानि मनीषिभिः ।
येषु सत्स्वेव सन्निष्ठा यदभावे न सिध्यति ॥१८॥

વિદ્વાનોએ બ્રહ્મવિદ્યાને વાસ્તે ચાર સાધનો કહેલાં છે કે જે સાધનો હોય તો જ બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થાય છે અને ન હોય તો પ્રાપ્ત થતી નથી. ૧૮

શમ, દમ તથા ઉપરતિનું લક્ષણ.

आदौ नित्यानित्यवस्तुविवेकः परिगण्यते ।
इहामुत्र फलभोगविरागस्तदनन्तरम् ॥ १९ ॥
शमादिषट्कसम्पत्तिर्मुमुक्षुत्वमिति स्फुटम् ।
ब्रह्म सत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चयः ॥ २० ॥
सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ।
तद्वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ॥ २१ ॥
देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोगवस्तुनि ।
विरज्य विषयव्राताद्दोषदृष्ट्या मुहुर्मुहुः ॥ २२ ॥

स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते ।
विषयेभ्यः परावृत्य स्थापनं स्वस्वगोलके ॥ २३ ॥
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ।
बाह्यानालम्बनं वृत्तेरेषोपरतिरुत्तमा ॥ २४ ॥

(૧) નિત્ય તથા અનિત્ય વસ્તુનો વિવેક, (૨) તે પછી આ લોક તથા પરલોક સબંધી ફળો ભોગવવામાં વૈરાગ્ય, ૧૯ (૩) તે પછી શમ આદિ છ વસ્તુની સંપત્તિ અને (૪) મોક્ષની ઇચ્છા એવી રીતે બ્રહ્મવિદ્યાનાં ચાર સાધનો ગણવામાં આવ્યાં છે. તેઓમાં બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે એવો જે નિશ્ચય. ૨૦ તે નિત્ય અનિત્ય વસ્તુનો વિવેક કહેવાય છે દેહાદિથી બ્રહ્મપર્યંત સર્વ અનિત્ય ભોગવસ્તુમાં શ્રવણથી જે અરુચિ થવી, તે વૈરાગ્ય કહેવાય છે વિષયો ઉપર વારવાર દોષદૃષ્ટિ કરવાવડે વિષયોના સમૂહથી વૈરાગ્ય પામી, મનની સ્વલક્ષ્યમાં જે નિયમિત સ્થિતિ થાય, તે શમ કહેવાય છે જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયોને વિષયોથી પાછી વાળીને પોતપોતાના ગોલકોમાં જ રાખવી, એ દમ કહેવાય છે. ચિત્તની વૃત્તિ વિષયોની વાસનાથી રહિત થાય, એ ઉત્તમ ઉપરતિ કહેવાય છે.

તિતિક્ષાનું લક્ષણ

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकं ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥ २५ ॥

કોઇ પણ દુઃખોને મટાડવાનો ઉપાય નહીં કરતાં તથા ચિંતા કે વિલાપ પણ નહીં કરતાં સઘળાં દુઃખોને સહન કરવાં, તેને તિતિક્ષા કહે છે. ૨૫



તીવ્ર વૈરાગ્ય, એ જ સમાધિનું ફળ

वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।
तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥३०॥

જે પુરૂષને મોક્ષ પામવાની ઇચ્છા અને વૈરાગ્ય તીવ્ર હોય, તે પુરૂષમાં જ શમ આદિ પદાર્થો સફળ થાય છે ૩૦

વૈરાગ્યને અભાવે શમાદિ સાધન નિષ્ફળ.

एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।
मरौ सलिलवत्तत्र शमादेर्भानमात्रता ॥ ३१ ॥

જે પુરૂષમાં મોક્ષ પામવાની ઇચ્છા અને વૈરાગ્ય એ બે સાધનની મંદતા હોય, તે પુરૂષમાં નિર્જળ ભૂમિમાં જળની પેઠે (ઝાંઝવાનાં પાણીની પેઠે) શમ દમ આદિ સાધનોનો ભાસ માત્ર હોય છે. ૩૧

ભક્તિનું સ્વરૂપ.

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरभिधीयते ॥ ३२ ॥

મોક્ષનાં કારણોની સામગ્રીમાં ભક્તિ જ સર્વોત્તમ છે અને સ્વસ્વરૂપનું અનુસંધાન, એને જ ભક્તિ કહે છે. ૩૨

ઉત્તમ ગુરૂનું લક્ષણ.

स्वात्मतत्त्वानुसन्धानं भक्तिरित्यपरे जगुः ।
उक्तसाधनसंपन्नस्तत्त्वजिज्ञासुरात्मनः ॥ ३३ ॥
उपसीदेद्गुरुं प्राज्ञं यस्माद्बन्धविमोक्षणम् ।
श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ॥ ३४ ॥

શ્રદ્ધાનું લક્ષણ

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥२६॥

શાસ્ત્ર અને ગુરુનું વાક્ય સત્ય છે એવો જે નિશ્ચય રાખવો. તેને સત્પુરુષો શ્રદ્ધા કહે છે, જે શ્રદ્ધાથી આત્મવસ્તુની પ્રાપ્તિ થાય છે. ૨૬

સમાધાનનું લક્ષણ.

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वदा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ॥२७॥

ચિત્તને જોઈતા પદાર્થો આપીને તેનું લાલન કરવું, એ સમાધાન ન કહેવાય, પણ સર્વદા શુદ્ધ બ્રહ્મમાં બુદ્ધિનું સ્થાપન કરવું, એ સમાધાન કહેવાય છે ૨૭

મુમુક્ષુતાનું લક્ષણ

अहंकारादिदेहान्तान्बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥ २८ ॥

અહંકારથી દેહસુધીના સર્વ બંધો અજ્ઞાનથી કલ્પાયલા છે. તેઓને, સ્વસ્વરૂપના જ્ઞાનવડે મૂકી દેવાની જે ઇચ્છા, તે મુમુક્ષુતા જાણવી. ૨૮

मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥ २९ ॥

મુમુક્ષુતા પ્રથમ મંદ કે મધ્યમ હોય, તો પણ વૈરાગ્યથી, શમ આદિથી અને ગુરુની કૃપાથી વૃદ્ધિ પામે, એટલે યોગ્ય ફળને ઉત્પન્ન કરે છે. ૨૯

[illegible]

[illegible] ।

[illegible] ॥२०॥

[illegible]
[illegible] ૨૦

[illegible]

[illegible] ।

[illegible] ॥ २१ ॥

[illegible]
[illegible] ૨૧

[illegible]

[illegible] ।

[illegible] ॥ २२ ॥

[illegible]
[illegible] ૨૨

[illegible]

[illegible] जगुः ।

[illegible] ॥ २३ ॥

[illegible] ।

[illegible] ॥ २४ ॥

ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः ।
अहेतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥ ३५ ॥

'પોતાના આત્માન' તત્ત્વનું અનુસંધાન કરવું, એ ભક્તિનું સ્વરૂપ છે,' એમ બીજાઓ કહે છે. ઉપર કહેલાં સાધનોથી સંપન્ન થયેલા આત્માના તત્વને જાણવાની ઇચ્છાવાળા ગુરૂષે, ૩૩ વિદ્વાન્ ગુરુને શરણે જવું કે જેથી બંધમાથી છૂટકારો થાય. આ ગુરૂ વેદને જાણનાર, અવર્જિત, કામરહિત, બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ, ૩૪ બ્રહ્મમાં જ રમણ કરનાર, કાષ્ઠરહિત અગ્નિની પેઠે શાંત, કોઈ પ્રકારના હેતુથી રહિત, દયાના સમુદ્રરૂપ અને સેવા કરનારા સત્પુરૂષોના બાંધવરૂપ હોવો જોઈએ. ૩૫

तमाराध्य गुरुं भक्त्या प्रह्वप्रश्रयसेवनैः ।
प्रसन्नं तमनुप्राप्य पृच्छेज्ज्ञातव्यमात्मनः ॥ ३६ ॥

ભક્તિથી, નમ્રતાથી, વિનયથી અને સેવાવડે તેમનુ આરાધન કરી, તેમની પાસે જઇને આત્મશ્રેયને માટે પૂછવું.

ગુરુને વિનય

स्वामिन्नमस्ते नतलोकबन्धो कारुण्यसिन्धो पतितं भवाब्धौ ।
मामुद्धरात्मीयकटाक्षदृष्ट्या ऋज्व्यातिकारुण्यसुधाभिवृष्ट्या ॥

"હે સ્વામિન્! હે પ્રણામ કરનારા લોકોના બંધુરુપ! કરૂણાના સમુદ્રરૂપ! હું કે જે સંસારરૂપ્દ્રમાં પડયો છું, તેને સરલ અને કરૂણારૂપ અમૃતને વર્ષનારી આપની કટાક્ષયુક્ત દૃષ્ટિવડે ઉદ્ધાર કરો. ૩૭

दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दुरदृष्टवातैः ।
भीतं प्रपन्नं परिपाहि मृत्योः शरण्यमन्यद्यदहं न जाने ॥३८॥

અજ્ઞાનથી કાયમ નહીં એવા સંસારરૂપ દાવાનળથી તપેલો, દુઃખ પ્રાપ્તિરૂપી પવનોએ કંપાવેલો, બીધેલો અને શરણાગત એવા મારું સંસારમાંથી રક્ષણ કરો તું આપ વિના બીજા કોઈ રક્ષકને જાણતો નથી. ૩૮

शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जना न हेतुनान्यानपि तारयन्तः ॥

શાંત, મહાત્મા, વસંતની પેઠે લોકોનું હિતકર્તા, પોતે ભયંકર સંસારરૂપી સમુદ્રથી તરેલા અને બીજાઓને હેતુવિના કેવળ કરુણાથી સંસારમાંથી તારનારા જગતમાં સત્પુરુષો વસે છે. ૩૯

अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम्।
सुधांशुरेष स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥४०

જેમ સૂર્યનાં કઠોર કિરણોથી તપી ગયેલી પૃથ્વીને શાંત કરવી, એ ચંદ્રનો સ્વભાવ છે તેમ બીજાના (સંસારસંબંધી) પરિશ્રમને મટાડવામાં ઉત્સુકતા રાખવી, એ મહાત્માઓનો સ્વભાવ જ છે. ૪૦

ब्रह्मानन्दरसानुभूतिकलितैः पूतैः सुशीतैर्युतै-
र्युष्मद्वाक्कलशोज्झितैः श्रुतिसुखैर्वाक्यामृतैः सेचय ।
संतप्तं भवतापदावदहनज्वालाभिरेनं प्रभो
धन्यास्ते भवदीक्षणक्षणगतेः पात्रीकृताः स्वीकृताः ॥४१॥

હે પ્રભુ! સંસારના તાપરૂપી દાવાનળની જ્વાળાઓથી બહુ જ તપેલા એવા મને બ્રહ્માનંદના રસાનુભવથી ભરેલાં, પવિત્ર, બહુ જ ઠંડાં, યોગ્ય, આપની વાણીરૂપ કળશમાંથી નીકળેલાં

ગુરૂ કહે છે—તું અવિદ્યાના બંધમાંથી છૂટી બ્રહ્મીભૂત થવા ઈચ્છે છે. તું ભાગ્યશાળી અને કૃતાર્થ છે. તારા કુળને તેં પવિત્ર કર્યું છે ૫૨

સંસારબંધમાંથી છોડવનાર આત્મા જ.

ऋणमोचनकर्तारः पितुः सन्ति सुतादयः ।
बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न कश्चन ॥ ५३ ॥

પોતાને માથે કરજ હોય તો તેમાંથી પુત્ર આદિ લોકો છોડાવે છે, પણ સંસારરૂપી બંધનમાંથી છોડવનાર તો (આત્માવિના) અન્ય કોઈ નથી ૫૩

मस्तकन्यस्तभारादेर्दुःखमन्यैर्निवार्यते ।
क्षुधादिकृतदुःखं तु विना स्वेन न केनचित् ॥ १४ ॥

માથાપર બોજો આદિ મૂકવામાં આવ્યો હોય તો તેનું દુઃખ બીજાઓથી મટાડી શકાય છે; પરંતુ ભૂખ આદિથી થયેલું દુઃખ પોતાવિના બીજા કોઈથી અટકાવી શકાતું નથી. ૫૪

पथ्यमौषधसेवा च क्रियते येन रोगिणा ।
आरोग्यसिद्धिर्दृष्टास्य नान्यानुष्ठितकर्मणा ॥ ५५ ॥

રોગી જો પોતે પથ્યનું તથા ઓષધનું સેવન કરે તો આરોગ્યની પ્રાપ્તિ થાય છે. પણ રોગી સિવાય અન્ય કોઈ કરે તો તેથી રોગીને આરોગ્યની પ્રાપ્તિ જોવામાં આવતી નથી. ૫૫

वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा स्वेनैव वेद्यं न तु पण्डितेन ।
चन्द्रस्वरूपं निजचक्षुषैव ज्ञातव्यमन्यैरवगम्यते किम् ॥ ५६ ॥

જેમ ચંદ્રનું સ્વરૂપ પોતાનાં ચક્ષુથી જ જાણવામાં આવે છે, પણ શું તે અન્યથી જાણવામાં આવે છે? તેમ આત્માનું

विनापरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥ ६४

જેમ ઔષધ પીધા વિના ઔષધનું નામ લેવાથી રોગ મટતો નથી. તેમ અપરોક્ષ અનુભવ થયા વિના બ્રહ્મ બ્રહ્મ એવા શબ્દો બોલવાથી મુક્તિ થતી નથી ૬૪

अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
ब्रह्मशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम ॥ ६५ ॥

દૃશ્ય પદાર્થનો લય કર્યા વિના અને આત્મતત્વ જાણ્યા વિના કેવળ બોલવાનો પરિશ્રમ કરવાવાળા બ્રહ્મ શબ્દોવડે મનુષ્યને મુક્તિ કેવી રીતે મળી શકે ? ૬૫

अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम ।
राजाहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥ ६६ ॥

શત્રુઓનો સંહાર કર્યા વિના અને બધી પૃથ્વીની લક્ષ્મી મેળવ્યાવિના 'હું રાજા છું.' એવા શબ્દથી રાજા થવાય નહિ ૬૬

કેવળ તર્કવડે આત્મતત્વનો અ

आप्तः किं खननं तथोपरि शिलाद्युत्कर्षणं स्वीकृति
निक्षेपः समपेक्षते नहि बहिः शब्दैस्तु निर्गच्छति ।
तद्वद्ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते
मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ॥६७॥

જેમ પૃથ્વીમાં દટાયલું ધન યથાર્થ બોલનારના કહ્યા વિના, ખોદ્યાવિના અને ઉપર રહેલા પથરા આદિ કહાડી નાખ્યા વિના માત્ર બહારના શબ્દ બોલવાથી જ નીકળતું નથી, તેમ માયાનાં [illegible]થી તિરોહિત થયેલું નિર્મળ આત્મતત્વ પણ બ્રહ્મવેત્તાના

ઉપદેશ, મનન અને ધ્યાન આદિ વિના કેવળ તર્કો કર્યાથી જ મળતું નથી ૬૭

तस्मात्सर्वप्रयत्नेन भवबन्धविमुक्तये ।
स्वैरेव यत्नः कर्तव्यो रोगादाविव पण्डितैः ॥ ६८ ॥

એટલા માટે સમજુઓએ રોગ આદિથી છૂટવાને વાસ્તે જેમ પોતાથી પ્રયત્ન કરવું જોઈયે છે, તેમ સંસારના બંધથી છૂટવાને માટે પણ પોતાથી જ સઘળી રીતે પ્રયત્ન કરવુ જોઈએ

શિષ્યના પ્રશ્નની પ્રશંસા

यस्त्वयाद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः ।
सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥ ६९ ॥

આ જે ઘણો ઉત્તમ અને શાસ્ત્રકારોએ સ્વીકારેલો પ્રશ્ન તેં કર્યો, તે સૂત્ર જેવો છે, ગુપ્ત ઉત્તરવાળો છે અને મોક્ષની ઈચ્છાવાળાઓએ તેનો ઉત્તર જાણવાયોગ્ય છે. ૬૯

शृणुष्वावहितो विद्वन्यन्मया समुदीर्यते ।
तदेतच्छ्रवणात्सद्यो भवबन्धाद्विमोक्ष्यसे ॥ ७० ॥

હે સમજુ શિષ્ય ! હું એનો જે ઉત્તર કહું છું તે સાંભળ. એ સાંભળતાં જ તું તરત સંસારના બંધનથી મુક્ત થશે. ૭૦

મોક્ષના સાધનનો ક્રમ

मोक्षस्य हेतुः प्रथमो निगद्यते वैराग्यमत्यन्तमनित्यवस्तुषु ।
ततः शमश्चापि दमस्तितिक्षा न्यासः प्रसक्ताखिलकर्मणां भृशम् ७१

સર્વ અનિત્ય વસ્તુઓમાં વૈરાગ્ય, એ મોક્ષનું પ્રથમ કારણ

કહેવાય છે. પછી શમ, દમ, તિતિક્ષા અને સાથે લાગેલાં કર્મોનો ત્યાગ, એ મોક્ષના સાધનરૂપ છે. ૭૧

ततः श्रुतिस्तन्मननं मतत्त्वध्यानं चिरं नित्यनिरन्तरं मुनः
ततोऽविकल्पं परमेत्य विद्वानिहैव निर्वाणसुखं समृच्छति ॥७२॥

તે પછી શ્રવણ, મનન અને નિત્ય તથા નિરંતર લાંબા કાળ સુધી નિદિધ્યાસન, એ મુમુક્ષુને મોક્ષના સાધનરૂપે છે. આટલાં સાધનો થયા પછી પરમ નિર્વિકલ્પપણું પામીને વિવેકી પુરુષ આ દેહમાં રહ્યા છતાં જીવન્મુક્તના સુખને પ્રાપ્ત થાય છે.

આત્માનાત્માનું વિવેચન

यद्बोद्धव्यं तवेदानीमात्मानात्मविवेचनम् ।
तदुच्यते मया सम्यक् श्रुत्वात्मन्यवधारय ॥ ७३ ॥

હવે આત્મા અને અનાત્માનું વિવેચન જે તારે સમજવાનું છે, તે હું સારી રીતે કહું છું. તે સાંભળ્યા પછી તું વાત બરાબર મનમાં ગોઠવજે. ૭૩

मज्जास्थिमेदःपलरक्तचर्मत्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।
पादोरुवक्षोभुजपृष्ठमस्तकैरङ्गैरुपाङ्गैरुपयुक्तमेतत् ॥ ७४ ॥
अहंममेति प्रथितं शरीरं मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।
नभोनभस्वद्दहनाम्बुभूमयः सूक्ष्माणि भूतानि भवन्ति तानि७५
परस्परांशैर्मिलितानि भूत्वा स्थूलानि च स्थूलशरीरहेतवः ।
मात्रास्तदीया विषया भवन्ति शब्दादयःपञ्च सुखाय भोक्तुः७६

આ હું અને મારું કરી કહેવાતું, મોહના સ્થાનકરૂપ શરીર મજ્જા, હાડકાં, મેદ, માંસ, લોહી, ચર્મ અને ત્વચા નામની

ધાતુઓવડે યુક્ત છે અને પગ, સાથળ, છાતી, હાથ, પીઠ અને મસ્તક આદિ અંગો તથા ઉપાંગોવાળું છે. વિદ્વાનો આને સ્થૂલ શરીર કહે છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી નામના સૂક્ષ્મ ભૂતોએ પોતપોતાના અંશોથી પરસ્પરની સાથે મળી સ્થૂલ થઈ આ સ્થૂલ શરીરને ઉત્પન્ન કર્યું છે. પાંચ ભૂતોની તન્માત્રા, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો ભોક્તાને સુખ આપે છે, એમ કહેવાય છે. ૭૪-૭૬

વિષયપાશ જન્મમરણનું કારણ.

य एषु मूढा विषयेषु बद्धा रागोरुपाशेन सुदुर्दमेन ।
आयान्ति निर्यान्त्यध उर्ध्वमुच्चैः स्वकर्मदूतेन जवेन नीताः ७७

જે મૂઢ પુરુષો બહુ જ શ્રમથી તોડી શકાય એવા રાગરૂપી દૃઢ પાશવડે આ વિષયોમાં બંધાયલા છે, તેઓ પોતાના કર્મરૂપી દૂતવડે વેગપૂર્વક તણાઇ તણાઇને વારે ઘડીએ સંસારમાં ઉંચી નીચી યોનિઓમાં આવાગમન કર્યા કરે છે. ૭૭

શબ્દાદિ વિષયો બંધનનું કારણ.

शब्दादिभिः पञ्चभिरेव पञ्च पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः ।
कुरङ्गमातङ्गपतङ्गमीनभृङ्गा नरः पञ्चभिरञ्चितःकिम् ॥ ७८ ॥

પોતાના ગુણથી બંધનને પામેલા મૃગો, હાથીઓ, પતંગીઆં, માછલાં તથા ભ્રમરો આ પાંચ પ્રાણીઓ શબ્દ આદિ પાંચ વિષયોમાંની એક એક આસક્તિને લીધે મરણ પામે છે ત્યારે એ પાંચે વિષયોમાં આસક્તિ ધરાવનારો મનુષ્યપ્રાણી દુઃખી થાય, તેમાં શી નવાઇ ? ૭૮

સર્પ કરતાં વિષયમાં વિશેષતા.

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्ययम् ॥ ७९ ॥

કાળા નાગના ઝેર કરતાં પણ વિષય વધારે ભુંડો છે. કારણ કે વિષ તો ખાનારને મારે છે અને વિષય તો ચક્ષુવડે જોનારને પણ મારે છે. ૭૯

ષટ્શાસ્ત્રનું જ્ઞાન મોક્ષનું સાધન નથી

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥ ८० ॥

જે માણસ છોડી ન શકાય એવા વિષયોની આશારૂપી મોટા પાશથી છૂટો થાય, તે જ માણસ મોક્ષ પામવાને યોગ્ય થાય છે. બીજો છ શાસ્ત્રોને જાણનાર હોય, છતાં મોક્ષ પામવાને યોગ્ય થતો નથી. ૮૦

તીવ્ર વૈરાગ્યના અભાવથી મોક્ષનો અભાવ.

आपातवैराग्यवतो मुमुक्षून् भवाब्धिपारं प्रतियातुमुद्यतान् ।
आशाग्रहो मज्जयतेऽन्तराले निगृह्य कण्ठे विनिवर्त्य वेगात् ८१

તીવ્ર વૈરાગ્યથી રહિત જે મુમુક્ષુઓ, સંસારરૂપી સમુદ્રનો પાર પામવા સજ્જ થાય છે, તેઓને આશારૂપી ઝુડ ગળાવડે પકડી, વેગથી પાછા વાળી, વચમાં જ ડૂબાડી દે છે. ૮૧

આશાગ્રહનો નાશ, એ જ મોક્ષ.

विषयाख्यग्रहो येन सुविरक्त्यसिना हतः ।
स गच्छति भवाम्भोधेः पारं प्रत्यूहवर्जितः ॥ ८२ ॥

જેણે વિષયોની આશારૂપી ગુડનો દૃઢ વૈરાગ્યરૂપી તરવાર-વડે નાશ કર્યો છે, તે માણસ સંસારરૂપી સમુદ્રના પારને નિ-વિઘ્ન રીતે પામે છે. ૮૨

અજ્ઞાનિઃ ગુરુવડે મોક્ષની પ્રાપ્તિ

विषमविषयमार्गैर्गच्छतोऽनच्छबुद्धेः
प्रतिपदमभियातो मृत्युरप्येष विद्धि।
हितसुजनगुरूक्त्या गच्छतः स्वस्य युक्त्या
प्रभवति फलसिद्धिः सत्यमित्येव विद्धि ॥ ८३ ॥

અસ્વચ્છ અર્થાત્ મૂઢ બુદ્ધિવાળો જે મનુષ્ય, વિષયોરૂપી વિષમ માર્ગોમાં ચાલે છે, તેને ડગલે ડગલે માથાપર મોત ભમે છે એમ તું જાણ. પણ જે માણસ હિતકારી અને બ્રહ્મનિષ્ઠ ગુરુના કહેવા પ્રમાણે યુક્તિપૂર્વક ચાલે છે. તેને ફળની સિદ્ધિ અવશ્ય થાય છે એમ તું જાણ. ૮૩

વિષયના ત્યાગવડે મોક્ષની પ્રાપ્તિ.

मोक्षस्य काङ्क्षा यदि वै तवास्ति त्यजातिदूराद्विषयान्विषं यथा
पीयूषवत्तोषदयाक्षमार्जवप्रशान्तिदान्तीर्भज नित्यमादरात् ८४

તારે જો મોક્ષ પામવાની ઇચ્છા હોય તો વિષયોને ઝેરની પેઠે દૂરથી જ તું છોડી દે અને દયા, ક્ષમા, સરળતા, શમ તથા દમ કે જે અમૃતની પેઠે સંતોષ આપનાર છે, તેઓનું નિરંતર તું આદરથી સેવન કર. ૮૪

આત્મઘાતીનું લક્ષણ.

अनुक्षणं यत्परिहृत्य कृत्यमनाद्यविद्याकृतबन्धमोक्षणम्।
देहः परार्थोऽयममुष्य पोषणे यः सज्जते स स्वमनेन हन्ति ८५

અનાદિ કાળથી લાગેલી અવિદ્યાએ કરેલા બંધનથી છૂટવાનો ઉપાય કે જે અવશ્ય કરવા યોગ્ય છે તેને છોડી દઈ જે પુરૂષ આ કાગડા કુતરાં આદિને કામ આવે એવા દેહનું પોષણ કરવામાં લાગે છે, તે માણસ પોતે જ આત્મઘાતી છે. ૮૫

શરીરના પોષણવાળાને આત્મજ્ઞાનનો અભાવ.

शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।

ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स गच्छति ॥ ८६ ॥

જે માણસ શરીરના પોષણની અપેક્ષા રાખતો છતાં, આત્માને જોવા ઈચ્છે છે, તે માણસ ઝુડને લાકડું છે એમ જાણી તેને પકડી નદીને તરવા ઇચ્છે છે, એમ સમજવું. ૮૬

મોહ મૃત્યુના કારણરૂપ.

मोहा एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु ।

मोहो विनिर्जितो येन स मुक्तिपदमर्हति ॥ ८७ ॥

મુમુક્ષુ પુરૂષને શરીર આદિ પદાર્થોમાં મોહ, એ જ મોટા મૃત્યુરૂપ છે. જે પુરૂષ મોહને જિતે, તે જ મુક્તિપદ પામવા યોગ્ય છે. ૮૭

મોહનો જય એ જ મોક્ષનું સાધન.

मोहं जहि महामृत्युं देहदारासुतादिषु ।

यं जित्वा मुनयो यांति तद्विष्णोः परमं पदम् ॥ ८८ ॥

હે શિષ્ય ! સ્ત્રી અને પુત્ર આદિમાં મોહ કે જે મોટા મૃત્યુરૂપ છે તેને હણી નાંખ. મોહને જિતવાથી મુનિઓ વિષ્ણુના પરમ પદને (મુક્તિને) પામે છે. ૮૮

સ્થૂલ શરીરની નિંદા

त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥ ८९ ॥

આ સ્થૂલ શરીર ત્વચા, માંસ, લોહી, નાડીઓ, મેદ, મજ્જા અને હાડકાંઓના સમૂહરૂપ છે; તથા વિષ્ટા ને મૂત્રથી ભરપૂર હોવાથી નિંદાને લાયક છે. ૮૯

પંચીકૃત ભૂતોથી સ્થૂલ દેહની ઉત્પત્તિ

पञ्चीकृतेभ्यो भूतेभ्यः स्थूलेभ्यः पूर्वकर्मणा ।
समुत्पन्नमिदं स्थूलं भोगायतनमात्मनः ।
अवस्था जागरस्तस्य स्थूलार्थानुभवो यतः ॥ ९० ॥

આત્માને ભોગવવાના સ્થાનરૂપ આ સ્થૂલ શરીર પૂર્વ કર્મની વાસનાને લીધે પંચીકરણને પામેલાં સ્થૂલ ભૂતોમાંથી ઉત્પન્ન થયું છે. જાગ્રત અવસ્થા એ જ સ્થૂલ શરીરની અવસ્થા છે, જેથી તેમાં સ્થૂલ પદાર્થોનો જ અનુભવ થાય છે. ૯૦

बाह्येन्द्रियैः स्थूलपदार्थसेवां स्रक्चन्दनस्त्र्यादिविचित्ररूपाम् ।
करोति जीवः स्वयमेतदात्मना तस्मात्प्रशस्तिर्वपुषोऽस्य जागरे ॥ ९१ ॥

જીવ પોતે પોતાવડે બહારની ઇન્દ્રિયોવડે માળા, ચંદન અને સ્ત્રી આદિ વિચિત્ર રૂપવાળા સ્થૂલ પદાર્થોનું સેવન કરે છે. માટે જાગ્રત અવસ્થામાં સ્થૂલ શરીર છે, એમ કહેવામાં આવે છે. ૯૧

જીવ તથા દેહનો ભેદ

सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः ।
विद्धि देहमिदं स्थूलं गृहवद्गृहमेधिनः ॥ ९२ ॥

જેમ ગૃહસ્થાશ્રમીનું ઘર હોય છે તેમ આ સ્થૂલ શરીર છે કે જેના આશ્રયથી પુરૂષનો સઘળો સંસાર ચાલ્યા કરે છે. ૯૨

સ્થૂલ શરીરના ધર્મો.

स्थूलस्य संभवजरामरणानि धर्माः
स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः ।
वर्णाश्रमादिनियमा बहुधामयाः स्युः
पूजावमानबहुमानमुखा विशेषाः ॥ ९३ ॥

જન્મ, જરા, મરણ, સ્થૂલતા આદિ ઘણા પ્રકારની બાળપણ આદિ અવસ્થાઓ, વર્ણ તથા આશ્રમ આદિના નિયમો, ઘણા પ્રકારના રોગો અને પૂજા, અપમાન તથા માન આદિ સઘળા વિશેષો સ્થૂલ શરીરના ધર્મો છે ૯૩

જ્ઞાનેન્દ્રિયની તથા કર્મેન્દ્રિયની ગણના.

बुद्धीन्द्रियाणि श्रवणं त्वगक्षि घ्राणं च जिह्वा विषयावबोधनात् ।
वाक्पाणिपादा गुदमप्युपस्थः कर्मेन्द्रियाणि प्रवणेन कर्मसु ॥ ९४ ॥

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, ઘ્રાણ અને જિહ્વા વિષયોને જાણવું દેવાથી તેને જ્ઞાનેન્દ્રિય કહેવામાં આવે છે અને વાણી, હાથ, પગ, ગુદા તથા ઉપસ્થ કર્મોમાં પ્રવૃત્ત થાય છે, માટે તે કર્મેન્દ્રિય કહેવાય છે ૯૪

મન તથા બુદ્ધિનું લક્ષણ

निगद्यतेऽन्तःकरणं मनोधीरहंकृतिश्चित्तमिति स्ववृत्तिभिः ।
मनस्तु संकल्पविकल्पनादिभिर्बुद्धिः पदार्थाध्यवसायधर्मतः ॥ ९५ ॥

પોતાની જેમ તેની વૃત્તિઓને લીધે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવી રીતે અંતઃકરણ ચાર પ્રકારનું કહેવાય

ઇંદ્રિયરૂપ ।

કે સંકલ્પ અને વિકલ્પ આદિ વૃત્તિઓને લીધે મન કહેવાય છે અને કાર્યોનો નિશ્ચય કરવારૂપ ધર્મને લીધે બુદ્ધિ કહેવાય છે ૯૫

અહંકાર તથા ચિત્તનું લક્ષણ

अत्राभिमानादहमित्यहंकृतिः स्वार्थानुसंधानगुणेन चित्तम् ॥९६

શરીરમાં હું છું એવું અભિમાન કરવારૂપ વૃત્તિને લીધે અહંકાર કહેવાય છે અને પોતાના અર્થનું અનુસંધાન કરવારૂપ ગુણને લીધે ચિત્ત કહેવામાં આવે છે ૯૬

પ્રાણના પાંચ ધર્મ

प्राणापानव्यानोदानसमाना भवत्ययं प्राणः ।
स्वयमेव वृत्तिभेदाद्विकृतिभेदात्सुवर्णसलिलवत् ॥९७॥

જેમ સુવર્ણ અને જળ પોતાના વિકારોના ભેદને લી[illegible] કડાં અથવા બુદબુદ આદિ જુદા જુદા નામોથી ઓ[illegible] પાય છે, તેમ પ્રાણ પણ પોતાના જુદા જુદા ધર્મને લી[illegible] પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એમ પાંચ પ્રકારે [illegible] કહેવાય છે. ૯૭

સૂક્ષ્મ શરીરનું સ્વરૂપ

वागादि पञ्च श्रवणादि पञ्च प्राणादि पञ्चाभ्रमुखानि पञ्च[illegible]
बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥[illegible]

વાણી આદિ પાંચ ઇન્દ્રિયો, શ્રોત્ર આદિ પાંચ ઇ[illegible] પ્રાણ આદિ પાંચ વાયુઓ, આકાશ આદિ પાંચ ભૂતો, [illegible] કારણાદિ અવિદ્યા, કામ અને કર્મ એ આઠ પુરીઓ [illegible] સૂક્ષ્મ શરીર કહેવાય છે.૯૮

इदं शरीरं शृणु सूक्ष्मसंज्ञितं लिङ्गं त्वपञ्चीकृतभूतसंभवम् ।
सवासनं कर्मफलानुभावकं स्वाज्ञानतोऽनादिरुपाधिरात्मनः ९९

પંચીકરણને નહીં પામેલાં ભુતોથી ઉત્પત્તિને પામેલું, વાસનાવાળું અને કર્મોનાં ફળોનો અનુભવ કરાવનારૂં, સૂક્ષ્મની સંજ્ઞાને પામેલું આ લિંગ શરીર, પોતાના સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે, આત્માની ઉપાધિ અનાદિ છે, એમ માને છે ૯૯

સ્વપ્નમા બુદ્ધિનું કર્તાપણું.

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्कालीननानाविधवासनाभिः १००
कर्त्रादिभावं प्रतिपद्य राजते यत्र स्वयं भाति ह्ययं परात्मा ।
धीमात्रकोपाधिरशेषसाक्षी न लिप्यते तत्कृतकर्मलेशैः ।
यस्मादसङ्गस्तत एव कर्मभिर्न लिप्यते किञ्चिदुपाधिना कृतैः १०१

સ્વપ્ન એ ઉપર કહેલાં લિંગશરીરની સ્વતંત્ર અવસ્થા છે, કે જેમાં લિંગશરીર નકરૂં પરેલું જોવામાં આવે છે. સ્વપ્નઅવસ્થામાં બુદ્ધિ પોતે જ જાગ્રતના સમયની અનેક પ્રકારની વાસનાઓથી, (૧૦૦) કર્તા આદિ ભાવને માને છે. એ અવસ્થામાં બુદ્ધિરૂપી ઉપાધિવાળો અને સર્વનો સાક્ષી એવો આત્મા પોતે જ પ્રકાશે છે અને બુદ્ધિએ કરેલાં કર્મોથી જરા લેપાતો નથી. આત્મા પોતે અસંગ છે. તેથી જ ઉપાધિએ કરેલાં કર્મો તેને લેપન કરી શકતાં નથી. ૧૦૧

આત્માનું અસંગપણું.

सर्वव्यापृतिकरणं लिङ्गमिदं स्याच्चिदात्मनः पुंसः ।
वास्यादिकमिव तक्ष्णस्तेनैवात्मा भवत्यसङ्गोऽयम् ॥ १०२ ॥

अहंकारः स विज्ञेयः कर्ता भोक्ताभिमानवान् ।
सत्त्वादिगुणयोगेन चावस्थात्रयमश्नुते ॥ १०६ ॥
विषयाणामानुकूल्ये सुखी दुःखी विपर्यये ।
सुखं दुःखं च तद्धर्मः सदानन्दस्य नात्मनः ॥ १०७ ॥

આ સ્થૂળાદિદેહમાં ચિદાભાસના તેજવડે હું એવું અભિમાન ધરીને જે આ કર્મ કર્યું છે તે જ કર્તા અને ભોક્તાપણાના અભિમાનવાળો અહંકાર એમ સમજવું. એ અહંકાર સત્વઆદિ ગુણોના યોગથી ત્રણ અવસ્થાઓને ભોગવે છે. (૧૦૫-૬) વિષયો જ્યારે અનુકૂળ હોય છે ત્યારે સુખી અને પ્રતિકૂળ હોય છે, ત્યારે દુઃખી થાય છે માટે સુખ અને દુઃખ એ અહંકારના ધર્મ છે, પણ સદાનંદરૂપ આત્માના એ ધર્મો નથી. ૧૦૭

આત્માની પ્રિયતમતા.

आत्मार्थत्वेन हि प्रेयान्विषयो न स्वतः प्रियः ।
स्वत एव हि सर्वेषामात्मा प्रियतमो यतः ॥ १०८ ॥

વિષય આત્માને વાસ્તે પ્રિય હોય છે પણ તે પોતાને અર્થે પ્રિય હોતા નથી. આથી સર્વ કરતાં આત્મા અત્યંત પ્રિય છે. ૧૦૮

સુષુપ્તિમાં આત્માનંદનો અનુભવ.

तत आत्मा सदानन्दो नास्य दुःखं कदाचन ।
यत्सुषुप्तौ निर्विषय आत्मानन्दोऽनुभूयते ।
श्रुतिः प्रत्यक्षमैतिह्यमनुमानं च जाग्रति ॥ १०९ ॥

એટલામાટે આત્મા સર્વદા આનંદરૂપ છે. એને કદીપણ દુઃખ નથી. કારણ કે સુષુપ્તિમાં વિષયજ્ઞાનો આત્માનંદ અનુભવમાં આવે છે. સુષુપ્તિમાં એવા આત્માનંદનો અનુભવ થવામાં શ્રુતિ, પ્રત્યક્ષતા, લોકોમાં પ્રસિદ્ધિ અને અનુમાન એ ચાર પ્રમાણો છે.

પરમેશની શક્તિ એજ માયા

अव्यक्तनाम्नी परमेशशक्तिरनाद्यविद्या त्रिगुणात्मिका परा ।
कार्यानुमेया सुधियैव माया यया जगत्सर्वमिदं प्रसूयते ११०

અવ્યક્ત એ નામવાળી, અનાદિ, અવિદ્યારૂપ, ત્રિગુણવાળી, કાર્યોથી પર, અને કાર્યો ઉપરથી પંડિતોના અનુમાનમાં આવતી જે પરમેશ્વરની શક્તિ છે, તે માયા જાણવી, જેથી આ સર્વ જગત્ ઉત્પન્ન થયું છે. ૧૧૦

सन्नाप्यसन्नाप्युभयात्मिका नो भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।
साङ्गाप्यनङ्गाप्युभयात्मिका नो महाद्भुतानिर्वचनीयरूपा १११

એ માયા સાચી નથી, ખોટી નથી તેમજ સાચા તથા ખોટાપણું એ બેઉ સ્વભાવવાળી પણ નથી, આશ્ચર્યથી ભિન્ન નથી, અભિન્ન નથી અને ભિન્ન તથા અભિન્નપણું એ બન્ને સ્વભાવ વાળી પણ તે નથી. સાકાર કે નિરાકાર નથી અને સાકાર તથા નિરાકારપણું એ બેઉ સ્વભાવવાળી પણ નથી. પરન્તુ મહા અદ્ભુત અનિર્વચનીયરૂપ છે. ૧૧૧

शुद्धाद्वयब्रह्मविबोधनाश्या सर्पभ्रमो रज्जुविवेकतो यथा ।
रजस्तमःसत्त्वमिति प्रसिद्धा गुणास्तदीयाः प्रथितैः स्वकार्यैः ११२

જેમ રજ્જુનો વિવેક થવાથી સર્પના ભ્રમનો નાશ થાય

છે તેમ શુદ્ધ અને અદ્વૈતરૂપ બ્રહ્મનો બોધ થવાથી માયાનો તથા તેના કાર્યોનો નાશ થાય છે. માયાના કાર્યો ઉપરથી સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણો માયાના છે એમ કહેવાય છે. ૧૧૨

માયાના ગુણોનું નિરૂપણ

विक्षेपशक्ती रजसः क्रियात्मिका यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।
रागादयोऽस्याः प्रभवन्ति नित्यं दुःखादयो ये मनसो विकाराः ॥११३

ક્રિયારૂપ વિક્ષેપશક્તિ રજોગુણની છે, જેની અનાદિ કાળથી પ્રવૃત્તિ ચાલી છે. રાગ અને દુઃખ આદિ જે મનના વિકારરૂપ છે, તેની સર્વદા આ શક્તિથી ઉત્પત્તિ થાય છે. ૧૧૩

રજોગુણના ધર્મો.

कामः क्रोधो लोभदम्भाद्यसूयाहंकारेर्ष्यामत्सराद्यास्तु घोराः ।
धर्मा एते राजसाः पुम्प्रवृत्तिर्यस्मादेषा तद्रजो बन्धहेतुः ॥११४॥

કામ, ક્રોધ, લોભ, દંભ આદિ તેમ જ અહંકાર, ઈર્ષ્યા તથા મત્સર આદિ સર્વે રજોગુણના ધર્મો છે, જેવડે પુરૂષની આ પ્રવૃત્તિ થયા કરે છે. આથી રજોગુણ બંધનના કારણરૂપે છે. ૧૧૪

આવરણ શક્તિ તમો ગુણનું કાર્ય.

एषा वृत्तिर्नाम तमोगुणस्य शक्तिर्यया वस्त्ववभासतेऽन्यथा ।
सैषा निदानं पुरुषस्य संसृतेर्विक्षेपशक्तेः प्रवणस्य हेतुः ॥११५॥

આવરણ શક્તિને લીધે એક પ્રકારની વસ્તુ અન્ય પ્રકારે ભાસે છે અને એ જ પુરૂષને સંસારનું કારણ તથા વિક્ષેપશક્તિમાં લાગવાનું કારણ છે ૧૧૫

प्रज्ञावानपि पण्डितोऽपि चतुरोऽप्यत्यन्तसूक्ष्मात्मदृ-
ग्व्यालीढस्तमसा न वेत्ति बहुधा संबोधितोऽपि स्फुटम् ।

भ्रान्त्यारोपितमेव साधुकलयत्यालम्बते तद्गुणा-
नन्तासौ महती दुरन्ततमसः शक्तिर्महत्यावृतिः ॥ ११६ ॥

મનુષ્ય બુદ્ધિમાન, પંડિત, ચતુર અને અત્યંત સૂક્ષ્મ એવા આત્માનું જ્ઞાન હોવા છતાં જ્યાં સૂધી તમોગુણથી આવૃત હોય છે ત્યાં સૂધી જ્ઞાનોપદેશ કરવા છતાં તેને જ્ઞાનપ્રાપ્તિ થતી નથી; અને ભ્રાંતિથી માનેલી વાતને સારી ગણે છે તથા તમના ગુણોને જ પકડી રહે છે. ખેદ થાય છે કે, તમોગુણની દુષ્ટ તથા પ્રબળ શક્તિ નીચ પરિણામને લાવનારી છે. ૧૧૬

अभावना वा विपरीतभावना संभावना विप्रतिपत्तिरस्याः ।
संसर्गयुक्तं न विमुञ्चति ध्रुवं विक्षेपशक्तिः क्षपयत्यजस्रम् ११७

આ (આવરણશક્તિ) ના સંસર્ગવાળા પુરૂષનો અનાસ્થા અથવા ઉંધો નિશ્ચય, વિચાર અને સંશય કદી ત્યાગ કરતા નથી અને વિક્ષેપશક્તિ નિરંતર તેનો અધઃપાત કરે છે. ૧૧૭

તમોગુણનું લક્ષણ.

अज्ञानमालस्यजडत्वनिद्राप्रमादमूढत्वमुखास्तमोगुणाः ।
एतैः प्रयुक्तो न हि वेत्ति किञ्चिन्निद्रालुवत्स्तम्भवदेव तिष्ठति ११

અજ્ઞાન, આલસ્ય, જડતા, નિદ્રા, પ્રમાદ અને મૂઢતા આદિ તમોગુણનાં લક્ષણો છે. એ લક્ષણોવાળો પુરૂષ કાંઈ સમજતો નથી, પણ ઉંઘાએલાની પેઠે તથા સ્તંભની માફક બેસી રહે છે.

સત્વ ગુણનું કાર્ય.

सत्त्वं विशुद्धं जलवत्तथापि ताभ्यां मिलित्वा सरणाय कल्पते ।
यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्प्रकाशयत्यर्क इवाखिलं जडम् ११९

સત્વગુણ જો કે જળની પેઠે શુદ્ધ છે તોપણ જ્યારે રજો-ગુણ અને તમોગુણથી મિશ્રિત થાય છે ત્યારે શરણ અર્થાત્

શરીરનો આશ્રય કરેછે. આ શરીરમાં રહેલો આત્મા, જેમ સૂર્ય અખિલ જગતનો પ્રકાશ કરે છે તેમ, પ્રતિબિંબરૂપે થયેલો છતો પ્રકાશે છે. ૧૧૯

મિશ્ર સત્વગુણના ધર્મ.

मिश्रस्य सत्त्वस्य भवन्ति धर्माःस्त्वमानिताद्या नियमा यमाद्याः।
श्रद्धा च भक्तिश्च मुमुक्षुता च दैवी च संपत्तिरसन्निवृत्तिः १२०

નિરભિમાનપણું આદિ, નિયમો, યમ આદિ, શ્રદ્ધા, ભક્તિ, મુમુક્ષુપણું, દૈવી સંપત્તિ અને દુષ્ટ પદાર્થોથી નિવૃત્તિ એવા મિશ્રિત થયેલા સત્વગુણના ધર્મો છે. ૧૨૦

શુદ્ધ સત્વગુણના ધર્મ.

विशुद्धसत्त्वस्य गुणाः प्रसादः स्वात्मानुभूतिः परमा प्रशान्तिः।
तृप्तिः प्रहर्षः परमात्मनिष्ठा यया सदानन्दरसं समृच्छति १२१

પ્રસન્નતા, સ્વસ્વરૂપનો અનુભવ, પરમશાંતિ, તૃપ્તિ, હર્ષ અને પરમાત્મામાં નિષ્ઠા કે જેથી સર્વદા આનંદરસની પ્રાપ્તિ થાય છે, આ શુદ્ધ સત્વગુણના ધર્મો છે. ૧૨૧

અવ્યક્તમાં ગુણોની સામ્યતા.

अव्यक्तमेतत्त्रिगुणैर्निरुक्तं तत्कारणं नाम शरीरमात्मनः।
सुषुप्तिरेतस्य विभक्त्यवस्था प्रलीनसर्वेन્દ્રियबुद्धिवृत्तिः ॥१२२॥

એ ત્રણે ગુણોની સામ્યાવસ્થાવાળા તત્વને અવ્યક્ત કહે છે અને તે આત્માનું કારણ શરીર છે. જેમાં સઘળી ઇન્દ્રિયોની અને બુદ્ધિની વૃત્તિઓ લય પામી જાય છે એવી સુષુપ્તિ, એ અવ્યક્તની સ્વતંત્ર અવસ્થા છે. ૧૨૨

સુષુપ્તિનું લક્ષણ.

सर्वप्रकारप्रमितिप्रशान्तिर्बीजात्मनावस्थितिरेव बुद्धेः।
सुषुप्तिरेतस्य किल प्रतीतिः किंचिन्न वेद्मीति जगत्प्रसिद्धेः १२३

સર્વ પ્રકારના ઇંદ્રિયાદિકવડે થતા પ્રમાણોની શાંતિ અને બુદ્ધિને બીજરૂપે રહેવું, તે સુષુપ્તિ અવસ્થા છે. સુષુપ્તિ અવસ્થાની પ્રતીતિ બેરકી જ છે, તેમાં જાગતાવસ્થા પ્રાપ્ત થતાં તેને કાંઈ તે અવસ્થાનું જ્ઞાન હોતું નથી એ વાત સર્વના અનુભવમાં છે. આથી સુષુપ્તિમાં આત્મા સાક્ષીરૂપે રહે છે. અજ્ઞાનના અનુભવને પ્રસિદ્ધ કરે છે, એ વાત જગતમાં જાહેરની છે તેથી આત્મા સુષુપ્તિમાં પણ સાક્ષીરૂપે રહે છે. એ સિદ્ધ થાય છે. ૧૨૩

અનાત્માનું લક્ષણ

देहेन्द्रियप्राणमनोऽहमादयः सर्वे विकारा विषयाः सुखादयः ।
व्योमादिभूतान्यखिलं च विश्वमव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥ १२४

દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને અહંકારઆદિ સઘળા વિકારો, સુખ આદિ વિષયો, આકાશ આદિ ભૂતો અને અવ્યક્ત પર્યંત સર્વ જગત્ અનાત્મ પદાર્થરૂપે છે ૧૨૪

જગતના કાર્યનું અસત્યપણું.

माया मायाकार्यं सर्वं महदादि देहपर्यन्तम् ।
असदिदमनात्मतत्त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥ १२५ ॥

માયા અને મહત્આદિથી દેહસુધીનું સઘળું માયાનું કાર્ય અનાત્મરૂપ છે અને તે ઝાંઝવાના પાણીની પેઠે મિથ્યા છે એમ તું જાણ. ૧૨૫

પ્રકરણ ૬ ઠું.

પરમાત્મસ્વરૂપ.

अथ ते संप्रवक्ष्यामि स्वरूपं परमात्मनः ।
यद्विज्ञाय नरो बन्धान्मुक्तः कैवल्यमश्नुते ॥ १२६ ॥

મન તથા અહંકારના વિકારોનો જાણનાર, દેહ, ઇંદ્રિય તથા પ્રાણોએ કરેલી ક્રિયાઓને જાણનાર અને જેમ લોઢાને અગ્નિ અનુસરે છે તેમ એઓને અનુસરતો આત્મા પોતે કાંઇ ક્રિયા કરતો નથી અને કોઇપણ પ્રકારના વિકારને પામતો નથી. ૧૩૫

न जायते नो म्रियते न वर्धते न क्षीयते नो विकरोति नित्यः।
विलीयमानेऽपि वपुष्यमुष्मिन्न लीयते कुम्भ इवाम्बरःस्वयम्१३६

એ નિત્ય (અવિનાશી) આત્મા જન્મતો નથી, મરતો નથી, વધતો નથી, ઘટતો નથી, વિકાર પામતો નથી તથા જેમ ઘડો ફૂટી જતાં તેની અંદર રહેલું આકાશ લય પામતું નથી; તેમ આ શરીર લય પામવા છતાં જે પોતે લય પામતો નથી,

प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः
सदसदिदमशेषं भासयन्निर्विशेषः।
विलसति परमात्मा जाग्रदादिष्ववस्था-
स्वहमहमिति साक्षात्साक्षिरूपेण बुद्धेः ॥ १३७ ॥

પ્રકૃતિથી તથા વિકારોથી ભિન્ન, શુદ્ધબોધરૂપ, સદઅસતરૂપ, સર્વ જગતને પ્રકાશ આપતો અને કોઇ પણ પ્રકારના વિશેષથી રહિત પરમાત્મા, 'હું હું' એવી રીતે બુદ્ધિના સાક્ષીરૂપવડે જાગ્રત આદિ અવસ્થામાં પ્રકાશે છે. ૧૩૭

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
न्ययमहमिति साक्षाद्विद्धि बुद्धिप्रसादात्।
जनिमरणतरङ्गापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥ १३८ ॥

જે ક્રિયા તુ નિષ્પ્રયોજન કરેલા મનવડે તથા બુદ્ધિના
વિકારવડે આત્માને 'હું છું' એમ સ્ફુટ રીતે ચિત્તમાં આપ
જેમ નથી. મારાથી તર જેનાવડે કોનો પાર આવતો નથી એવા
સંસારરૂપ સમુદ્રને તર અને બ્રહ્મરૂપે સ્થિતિ કરી કૃતાર્થ થ.

[illegible]

अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः
प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।
येनैवायं वपुरिदमसत्सत्यमित्यात्मबुद्ध्या
पुष्यत्युक्षत्यवति विषयैस्तन्तुभिः कोशकृद्वत् ॥ १३९ ॥

પુરુષને આ દેહાદિક અનાત્મામાં 'હું છું' એવી મતિરૂપ
બંધ અજ્ઞાનથી પ્રાપ્ત થયો છે તથા તે જન્મ મરણ સંબંધી
ક્લેશોના સમૂહના કારણરૂપ છે, જેથી આ અસત્ શરીરને સત્યરૂપ
તથા 'હું છું' એમ સમજીને વિષયોવડે પોષે છે અને રક્ષણ
કરે છે તથા તેમ કરવાથી જેમ કોશેટાનો કીડો તંતુઓથી બંધાય
છે, તેમ હાર્દિ કરી બંધાય છે. ૧૩૯

अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा
विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।
ततोऽनर्थव्रातो निपतति समादातुरधिक-
स्ततो योऽसद्ग्राहः स हि भवति बन्धः शृणु सखे ॥१४०॥

જેમ વિવેકના અભાવને લીધે સર્પમાં 'રજ્જુ છે' એવી
બુદ્ધિ થાય છે તેમ અજ્ઞાનથી મૂઢ થયેલા પુરુષને અનાત્મામાં
આત્મા છે એવી બુદ્ધિ થાય છે. આથી અનાત્માને આત્મા
કરી લેનારને અપાર અનર્થોનો સમૂહ આવી પડે છે, જેથી મિથ્યા
આગ્રહ ઉત્પન્ન થાય છે તથા આ જ બંધનું સ્વરૂપ છે. ૧૪૦

આત્મજ્ઞાનિ એજ બોધ

अखण्डनित्याद्वयबोधशक्त्या स्फुरन्तमात्मानमनन्तवैभवम् ।
समावृणोत्यावृतिशक्तिरेषा तमोमयी राहुरिवार्कबिम्बम् ॥१४१॥

અખંડ, નિત્ય તથા એકરૂપ બોધશક્તિથી સ્ફુરતા અને અનંત મહિમાવાળા આત્માને, રાહુ જેમ સૂર્યના બિંબને ઢાંકી દે છે, તેમ આ તમોમય આવરણ શક્તિ ઢાંકી દે છે ૧૪૧

વિક્ષેપશક્તિથી થતી અવ્યથા

तिरोभूते स्वात्मन्यमलतरतेजोवति पुमा-
ननात्मानं मोहादहमिति शरीरं कलयति ।
ततः कामक्रोधप्रभृतिभिरमुं बन्धनगुणैः ।
परं विक्षेपाख्या रजस उरुशक्तिर्व्यथयति ॥ १४२ ॥

અત્યંત નિર્મળ પ્રકાશવાળું આત્મસ્વરૂપ ઢંકાઇ જવાથી પુરુષ મોહને લીધે અનાત્મ શરીરને 'હું છું' એમ માને છે અને એમ થયા પછી રજોગુણની વિક્ષેપ નામની મોટી શક્તિ કામ તથા ક્રોધ આદિ બંધનના ગુણોથી તેને બહુ જ પીડે છે. ૧૪૨

अपारे संसारे विषयविषपूरे जलनिधौ
निमज्योन्मज्यायं भ्रमति कुमतिः कुत्सितगतिः ॥१४३॥

વિષયરૂપી વિષથી ભરપૂર આ અપાર સંસારાર્ણવમાં નિંદિત ગતિવાળો તથા દુર્બુદ્ધિ મનુષ્ય નીચે જાય, ઉપર આવે, એમ ભ્રમણ કર્યા કરે છે. ૧૪૩

અહંકાર એ આત્માનું આવરણ

[illegible] तिरोधाय विजृम्भते यथा ।
आत्मोदिताहंकृतिरात्मतत्त्वं तथा तिरोधाय विजृम्भते स्वयम्१४४

જેમ સૂર્યના તેજથી ઉત્પન્ન થયેલી વાદળાંઓની પંક્તિ સૂર્યને તિરોહિત કરીને પોતે પ્રકાશે છે તેમ આત્માથી ઉત્પન્ન થયેલો અહંકાર આત્માને આવૃત કરી પોતે પ્રકાશે છે. ૧૪૪

कवलितदिननाथे दुर्दिने सान्द्रमेघै-
र्व्यथयति हिमझंझावायुरुग्रो यथैतान् ।
अविरततमसात्मन्यावृते मूढबुद्धिं ।
क्षपयति बहुदुःखैस्तीव्रविक्षेपशक्तिः ॥ १४५ ॥

જેમ ઘનઘોર વાદળાંઓવડે સૂર્યનો ગ્રાસ થઈ જતાં ટાઢો તોફાની પવન લોકોને અત્યંત પીડે છે. તેમ નિરંતરના તમોગુણવડે આત્મા આવરણયુક્ત થઈ જતાં, તીવ્રતાવાળી વિક્ષેપશક્તિ મૂઢ બુદ્ધિવાળા પુરુષને ઘણાં દુઃખોથી પીડે છે.

एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।
याभ्यां विमोहितो देहं मत्वात्मानं भ्रमत्ययम् ॥ १४६ ॥

આ આવરણ તથા વિક્ષેપ શક્તિવડે પુરુષને બંધ થાય છે, જે શક્તિઓથી મોહ પામેલો પુરુષ, દેહને આત્મા છે, એમ માને છે ૧૪૬

સંસારનું વૃક્ષરૂપે નિરૂપણ.

बीजं संसृतिभूमिजस्य तु तमो देहात्मधीरङ्कुरो
रागः पल्लवमम्बु कर्म तु वपुः स्कन्धोऽसवः शाखिकाः ।
अग्राणीन्द्रियसंहतिश्च विषयाः पुष्पाणि दुःखं फलं
नानाकर्मसमुद्भवं बहुविधं भोक्तात्र जीवः खगः ॥ १४७ ॥

તમ અર્થાત્ અજ્ઞાન એ સંસારરૂપી વૃક્ષનું બીજ છે, દેહને આત્મા માનવો એ અંકુર છે, રાગ એ પાંદડારૂપે છે, કર્મ એ

જળરૂપે છે, શરીર એ સ્કંધરૂપ છે. અનુગમ—આળા શાખા
રૂપ છે, ઇન્દ્રિયોનો સમૂહ શાખાઓના અગ્રરૂપ છે, વિષ
ફૂલરૂપ છે, (અનેક પ્રકારના કર્મોથી ઉત્પન્ન થએલું) ઘ
પ્રકારનું દુઃખ એ ફળરૂપ છે, અને તે ફળને ભોગવના
પક્ષીરૂપ જીવ છે. ૧૪૭

અનાત્મબંધ એ ... ...

अज्ञानमूलोऽयमनात्मबन्धो नैसर्गिकोऽनादिरनन्त ईरित ।
जन्माप्ययव्याधिजरादिदुःखप्रवाहपातं जनयत्यमुष्य ॥ ४

અજ્ઞાન મૂળવાળો આ અનાત્મ પદાર્થોવડે બંધ સ્વાભા
અનાદિ અને અનંત કહેવાય છે. આ બંધથી આ જીવને
મરણ, વ્યાધિ અને જરા આદિ દુઃખોના પ્રવાહમાં પડવું પડે

બંધનો શસ્ત્રાદિથી નાશ

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना छेत्तुं न शक्यो न च कर्मकोटि
विवेकविज्ञानमहासिना विना धातुः प्रसादेन सितेन मञ्जुना

એ બંધ, ઇશ્વરની કૃપાવડે મેળવાયેલા વિવેક અને વિ
નરૂપ સુંદર મોટા ખડ્ગવિના બીજાં અસ્ત્રોથી, અગ્નિથી વા
કે કરોડો કર્મોવડે પણ કાપી શકાતો નથી. ૧૪૯

પરમાત્મજ્ઞાનથી સંસારનો નાશ.

श्रुतिप्रमाणैकमतेः स्वधर्मनिष्ठा तयैवात्मविशुद्धिरस्य ।
... ... परमात्मवेदनं तेनैव संसारसमूलनाशः ॥ १

વેદને જ મુખ્ય પ્રમાણ માનવાવડે સ્વધર્મ વિશે
ઉત્પન્ન થાય છે, સ્વધર્મમાં નિષ્ઠા થવાથી અંતઃકરણની
થાય છે અને તેમ થવાથી પરમાત્માનું જ્ઞાન થાય છે.

આત્માનું જ્ઞાન થવાથી જ સંસારનો મૂળ સહિત નાશ થાય છે. ૧૫૦

આત્મતત્ત્વના અભાવમાં પ્રતીતિ કારણ.

कोशैरन्नमयाद्यैः पञ्चभिरात्मा न संवृतो भाति ।
निजशक्तिसमुत्पन्नैः शैवालपटलैरिवाम्बु वापिस्थम् ॥१५१

પોતાની શક્તિથી (માયાથી) ઉત્પન્ન થયેલા અન્નમય આદિ પાંચ કોશોવડે આત્મા ઢંકાયેલો હોવાથી જેમ જળ પોતાથી ઉત્પન્ન થયેલા સેવાળના સમૂહથી ઢંકાઈ જવાને લીધે પ્રતીત થતું નથી, તેમ તે પ્રતીત થતો નથી. ૧૫૧

પાંચ કોશના નાશથી આત્માની પ્રત્યક્ષ પ્રતીતિ

तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।
तृष्णासन्तापहरं सद्यः सौख्यप्रदं परं पुंसः ॥ १५२

पञ्चानामपि कोशानामपवादे विभात्ययं शुद्धः ।
नित्यानन्दैकरसः प्रत्यग्रूपः परं स्वयंज्योतिः ॥ १५३ ॥

જેમ સેવાળને દૂર કરી નાખવાથી તરસ તથા તાપને હરવાવાળું અને પુરુષને તરત અત્યંત સુખ આપનારું શુદ્ધ જળ સારીરીતે પ્રતીત થાય છે. પાંચ કોશનો અપવાદ કરવાથી તેજ પ્રમાણે શુદ્ધ, નિત્ય, આનંદ, એક રસ, પર અને સ્વયંપ્રકાશ આ પ્રત્યગાત્મા સ્પષ્ટ પ્રતીત થાય છે. ૧૫૨-૫૩

આત્માનાત્માના વિવેકવડે સચ્ચિદાનંદપ્રાપ્તિ.

आत्मानात्मविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तेनैवानन्दी भवति स्वं विज्ञायैव सच्चिदानन्दम् ॥१५४॥

વિવેકીએ બંધમાંથી છુટવામાટે આત્મા તથા અનાત્માનો

વિવેક કરવો જોઇએ. તેમ કરવાથી જ પોતાને સચ્ચિદાનંદરૂપે જાણી આનંદયુક્ત થવાય છે. ૧૫૪

મુક્તનું લક્ષણ.

मुञ्जादिषीकामिव दृश्यवर्गात्प्रत्यञ्चमात्मानमसङ्गमक्रियम् ।
विविच्य तत्र प्रविलाप्य सर्वं तदात्मना तिष्ठति यः स मुक्तः १५५

મુંજના ખડમાંથી જેમ સળીનુ ભિન્નરૂપે વિવેચન કરવામાં આવે છે તેમ પ્રત્યગાત્મા પંચ કોશોથી અસંગ અને અક્રિય છે એમ વિવેચન કરી તે સર્વનો પ્રત્યગાત્મામાં લય કરી આત્મસ્વરૂપે કરી જે પુરૂષ રહે છે, તે જ મુક્ત છે. ૧૫૫

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश-
श्चान्नेन जीवति विनश्यति तद्विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि
र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥ १५६ ॥

આ દેહ અન્નથી ઉત્પન્ન થયો છે તે અન્નમય કોશરૂપે છે; અન્નથી જીવે છે અને અન્ન ન મળે તો નાશ પામે છે. તે ત્વચા, ચર્મ, માંસ, રૂધિર, હાડકાં અને વિષ્ઠાના સમૂહરૂપે છે. તે દેહ પોતે નિત્ય શુદ્ધ આત્મા થવા યોગ્ય નથી. ૧૫૬

पूर्वं जनेरपि मृतेरपि नायमस्ति
जातक्षणः क्षणगुणोऽनियतस्वभावः ।
नैको जडश्च घटवत्परिदृश्यमानः
स्वात्मा कथं भवति भावविकारवेत्ता ॥ १५७ ॥

આ દેહ જે જન્મની પહેલાં નથી, મરણપછી પણ નથી, એક ક્ષણ વાર જન્મભાવને પામેલો છે, થોડા સમયને માટે ગુણયુક્ત

છે. જેના સ્વભાવનો નિશ્ચય હોતો નથી, જે એકરૂપે નથી, જેની માટી કે જડ લેવામાં આવે છે. આવા દેહને, ઉત્પત્તિ આદિ વિકારોને જાણવાવાળા, આત્મારૂપે કેવી રીતે કહી શકે ? ૧૫૭

पाणिपादादिमान्देहो नात्मा व्यङ्गेऽपि जीवनात् ।
तत्तच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥ १५८ ॥

હાથ તથા પગ આદિ અવયવોવાળો દેહ છે, પણ આત્મા અવયવથી રહિત હોવા છતાં મરી જતો નથી, માટે આત્મા દેહ સરખો નથી. આત્માની કોઈ શક્તિનો નાશ થતો નથી અને દેહની શક્તિનો નાશ થાય છે માટે આત્મા દેહ નથી. આત્માનું કોઈ નિયમન કરનાર નથી. પણ તે પોતે નિયામક છે ૧૫૮

દેહ તથા આત્મામાં રહેલ વિલક્ષણતા

देहतद्धर्मतत्कर्मतदवस्थादिसाक्षिणः ।
सत एव स्वतः सिद्धं तद्वैलक्षण्यमात्मनः ॥ १५९ ॥

આત્મા દેહનો, દેહના ધર્મોનો, દેહના કર્મોનો અને દેહની અવસ્થા આદિનો સાક્ષી હોવાથી આત્મામાં પોતાની મેળે જ દેહથી વિલક્ષણપણું સિદ્ધ થાય છે. ૧૫૯

शल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।
कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥ १६० ॥

આ દેહ કે જે હાડકાંઓના ઢગલારૂપ, માંસથી વેષ્ટિત થયેલો, મળોથી પૂર્ણ અને અત્યંત નિંદ્ય છે, તે જ્ઞાનરૂપ આત્મા કેવી રીતે થઈ શકે ? કારણ કે આત્મા દેહના સર્વ ગુણોથી વિલક્ષણ છે. ૧૬૦

त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशावहंमतिं मूढजनः करोति ।
विलक्षणं वेत्ति विचारशीलो निजस्वरूपं परमार्थभूतम् १६१

આ દેહ જે ત્વચા, માંસ, મેદ, હાડકાં અને વિષ્ઠાના સંચયરૂપ છે તેને મૂઢ જન 'હું છું' એમ બુદ્ધિ કરે છે. પણ વિચારવાળો પુરુષ તો પરમાર્થરૂપ પોતાના સ્વરૂપને દેહથી વિલક્ષણ જાણે છે. ૧૬૧

૭૩, વિદ્વાન તથા વિવેકીની બુદ્ધિમાં ફેરફાર.

देहोऽहमित्येव जडस्य बुद्धिर्देहे च जीवे विदुषस्त्वहं धीः ।
विवेकविज्ञानवतो महात्मनो ब्रह्माहमित्येव मतिः सदात्मनि ॥१६२

મૂઢ બુદ્ધિવાળો માણસ દેહ 'હું' છું એમ માને છે, સમજુ માણસ દેહને તથા જીવને 'હું' માને છે અને વિવેક તથા વિજ્ઞાનવાળો મહાત્મા માણસ, આત્માને વિશે 'હું બ્રહ્મરૂપ છુ' એમ જ બુદ્ધિ કરે છે. ૧૬૨

अत्रात्मबुद्धिं त्यज मूढबुद्धे त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशौ ।
सर्वात्मनि ब्रह्मणि निर्विकल्पे कुरुष्व शांतिं परमां भजस्व १६३

હે મૂઢબુદ્ધિ ! આ દેહ કે જે ત્વચા, માંસ, મેદ અને હાડકાંઓના સમૂહરૂપ છે તેમાં 'હું છું' એવી બુદ્ધિનો ત્યાગ કર અને સર્વના આત્મારૂપ જે નિર્વિકલ્પ બ્રહ્મ છે તે જ હું છું' એમ નિશ્ચય રાખીને પરમ શાંતિ પામ. ૧૬૩

અહંતાના ત્યાગવિના મોક્ષનો અભાવ.

देहेन्द्रियादावसति भ्रमोदितां विद्वानहंतां न जहाति यावत् ।
तावन्न तस्यास्ति विमुक्तिवार्ताप्यस्त्वेष वेदान्तनयान्तदर्शी१६४

જ્યાંસુધી વિવેકી મનુષ્ય અસત્ દેહ ઇન્દ્રિયાદિમાં ભ્રમથી ઉત્પન્ન થયેલ અહંતાનો ત્યાગ કરતો નથી ત્યાં સૂધી ભલે તે વેદાંત શાસ્ત્રના પારને પામેલો હોય છતાં તેની મુક્તિ નથી. ૧૬૪

छायाशरीरे प्रतिबिम्बगात्रे यत्स्वप्नदेहे हृदि कल्पिताङ्गे ।
यथात्मबुद्धिस्तव नास्ति काचिज्जीवच्छरीरे च तथैव माऽस्तु ॥ १६५

પડછાયાના દેહમાં પ્રતિબિંબરૂપ દેહમાં અને હૃદયમાં કલ્પેલા સ્વપ્નદેહમાં જરા પણ 'હું છું' એવી બુદ્ધિ જેમ તું રાખતો નથી, તેમ આ જીવતા શરીરમાં પણ આત્મબુદ્ધિ ના રાખ ૧૬૫

देहात्मधीरेव नृणामसद्धियां जन्मादिदुःखप्रभवस्य बीजम् ।
यतस्ततस्त्वं जहि तां प्रयत्नात्त्यक्ते तु चित्ते न पुनर्भवाशा ॥ १६६

અજ્ઞાનીની અસત્ બુદ્ધિને લીધે દેહને વિષે 'હું છું' એવું અભિમાન જન્મ આદિ દુઃખો ઉત્પન્ન થવાનું કારણ છે માટે પ્રયત્ન કરીને એ અભિમાનને તું છોડી દે. એ અભિમાન જો ચિત્તમાંથી છૂટી જાય તો પછી પુનર્જન્મની આશા નથી.

પ્રાણમય કોશનું વર્ણન

कर्मेन्द्रियैः पञ्चभिरञ्चितोऽयं प्राणो भवेत्प्राणमयस्तु कोशः ।
येनात्मवानन्नमयोऽन्नपूर्णः प्रवर्ततेऽसौ सकलक्रियासु ॥१६७॥

પાંચ કર્મેન્દ્રિયોવડે યુક્ત જે પ્રાણ છે, તે પ્રાણમય કોશ છે કે જે પ્રાણમય કોશવડે આત્મવાન્ અન્નમય કોશ, અન્નના પૂરવાથી સઘળી ક્રિયાઓમાં પ્રવર્તે છે. ૧૬૭

नैवात्मापि प्राणमयो वायुविकारो
गन्तागन्ता वायुवदन्तर्बहिरेषः ।
यस्मात्किञ्चित्क्वापि न वेत्तीष्टमनिष्टं
स्वं वान्यं वा किंचन नित्यं परतंत्रः ॥ १६८ ॥



અનાદિ કાળથી [illegible] જેવા કર્તાભાવવાળો તથા [illegible] સ્વરૂપવાળો આ જીવ છે. તે પૂર્વની વાસનાને લીધે [illegible] કરે છે, [illegible] છે, વિવિધ યોનિઓમાં જાય છે અને ઉંચા નીચા લોકોમાં જાય છે. આ વિજ્ઞાનમય કોશને જાગ્રત સ્વપ્નાદિ અવસ્થા તથા સુખદુઃખ રહેલાં છે. ૧૮૮-૮૯

देहादिनिष्ठाश्रमधर्मकर्मगुणाभिमानं सततं ममेति ।
विज्ञानकोशोऽयमतिप्रकाशः प्रकृष्टसान्निध्यवशात्परात्मनः ।
अतो भवत्येष उपाधिरस्य यदात्मधीः संसरति भ्रमेण १९०

પરમાત્મા ઉત્તમ સાન્નિધ્યપણાને લીધે વિજ્ઞાનમય કોશ અત્યંત પ્રકાશવાળો છે. તેને દેહાદિમાં નિષ્ઠાનું, આશ્રમ-ધર્મનું, કર્મનું તથા ગુણનું અભિમાન છે તથા 'મારું' એ રીતનું અભિમાન હોય છે તેથી તેને ઉપાધિ થાય છે, જેથી આત્મબુદ્ધિવાળાને સંસારમાં આવવું પડે છે. ૧૯૦

“આ, આ” એવી રીતે ઇદં આકારે જણેલી વસ્તુનો બાધ થતાં છતાં પણ ‘આ’ એવા શબ્દવડે જે વસ્તુ કહી શકાતી નથી તેથી ત્રણે કાળમાં જેનો બાધ થઈ શકતો નથી તે બ્રહ્મ છે. એ બ્રહ્મ ત્રણે કાળમાં હોવાથી પરોક્ષ નથી.

બ્રહ્મ સ્વપ્રકાશ ૧૫

नावेद्यमपि परोक्षं भवति ब्रह्म स्वयंप्रकाशत्वात् ।
‘सत्यं ज्ञानमनन्तं ब्रह्म’ त्यैतस्य लक्षणं भवेत ॥ २० ॥

अन्नमयादेरस्मादपरं यदि नानुभूयते किंचित् ।
अनुभविताऽन्नमयादेरस्तीत्यस्मिन्न कश्चिदपलापः ॥ १५ ॥

સર્વના અનુભવમાં આવના આ અન્નમય આદિ કોષથી ભિન્ન આત્મા જેવી કોઇ પણ વસ્તુ અનુભવમાં આવતી નથી એમ જો કહીએ તો 'આ અન્નમય કોષ છે' એમ જાણનારો તે કોષથી ભિન્ન છે એ વિષયમાં શું કોઇ પણ પુરુષને ભ્રાંતિ છે? નથી જ. (કારણ ઘડા આદિ જ્ઞેય પદાર્થોનો જાણનાર તેથી ભિન્ન જ હોય છે એ વાર્તાનો સર્વને અનુભવ છે.) (૧૫)

આત્માનો અનુભવ કરનાર છે?

स्वयमेवानुभवत्वाद्यद्यप्येतस्य नानुभाव्यत्वम् ।
सकृदप्यभावशङ्का न भवेद्बोधस्वरूपसत्तायाः ॥ १६ ॥

આત્મા પોતે જ અનુભવ રૂપ હોવાથી જો કે તે અન્યના અનુભવનો વિષય થઇ શકતો નથી અર્થાત આત્માને અનુભવનાર અન્ય કોઇ નથી; પરંતુ એટલાથી કરીને જ્ઞાનસ્વરૂપે સ્થિત આત્માની સત્તા ત્રણ કાળમાં કોઇ પણ કાળે નથી, એવી શંકાનો સંભવજ નથી. કારણ કે સર્વને સત્તાસ્ફૂર્તિ આપનાર આત્મા ન હોય તો સંપૂર્ણ વિશ્વ અંધકારમય થઇ જાય (૧૬)

આત્મા અનુભવનો અવિષય

अनुभवति विश्वमात्मा विश्वेनासौ न चानुभूयेत ।
न खलु प्रकाश्यतेऽसौ विश्वमशेषं प्रकाशयन् भानुः १७

જેમ સૂર્યનારાયણ સંપૂર્ણ વિશ્વને પ્રકાશ કરે છે પણ વિશ્વ તેને પ્રકાશી શકતું નથી, તેજ પ્રમાણે અનુભવ સ્વરૂપ જે

મહા વાકયના અર્થનો વિચાર કર્યા વિના આત્મજ્ઞાન થતું નથી માટે તેના અર્થનો વિચાર મુમુક્ષુજનોએ અવશ્ય કર્ત્તવ્ય છે; પરંતુ વાકયમાં રહેલાં પદોના અર્થનું જ્ઞાન થયા વિના વાક્યનું જ્ઞાન નથી થતું એટલા સારૂ સદ્ગુરૂની કૃપાના બળ વડે તત્પદ અને ત્વં પદના અર્થના શોધનપૂર્વક મહાવાકયનો વિચાર કરનારો મુમુક્ષુજન, થોડા સમયમાં આત્માના પરોક્ષ જ્ઞાનને પામે છે. (૨૪)

ત્વંપદનો વાચ્યાર્થ

देहेन्द्रियादिधर्मानात्मन्यारोपयन्नभेदेन ।
कर्तृत्वाद्यभिमानी बोधः स्यात्त्वंपदस्य वाच्योऽर्थः ॥२५॥

હું જાડો છું, પાતળો છું એમ શરીરના ધર્મોને, હું કાણો છું, બહેરો છું એમ ઇંદ્રિયોના ધર્મોનો તથા સુખ દુઃખ આદિ અંતઃકરણના ધર્મોને આત્માને વિષે અભેદ રૂપે આરોપી કર્ત્તાપણું આદિના અભિમાન રૂપ ઉપાધિ સહિત જે બોધ અર્થાત્ સોપાધિક ચૈતન્ય છે, તે ત્વંપદનો વાચ્યાર્થ છે એ સોપાધિક ચૈતન્યને શબલાર્થ કહે છે.

ટીપ— 'तत्त्वमसि' એ મહા વાકયમાં तत्, त्वं, असि, એ ત્રણ પદો છે તેમાં ત્વં પદના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ એમ બે પ્રકારના અર્થ છે તેમાંથી વાચ્યાર્થ આ શ્લોક વડે દર્શાવવામાં આવ્યો છે. (૨૫)

દયાળુ ગુરૂ શિષ્ય ઉપર કરૂણા દૃષ્ટિ કરીને જો મહા વાકયનો ઉપદેશ કરે તોજ આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય છે પોતાની બુદ્ધિ વડે જ કરેલા વિચારથી તેવું જ્ઞાન થતું નથી. શ્રુતિ પણ કહે છે કે आचार्यवान् पुरुषो वेद જેમને ગુરૂ હોય છે તેમને જ ગુરૂદ્વારા જ્ઞાનનો લાભ થાય છે.

જહત્લક્ષણા નિરૂપણ.

निखिलमपि वाच्यमर्थं त्यक्त्वा वृत्तिस्तदन्विते ऽन्यार्थे ।
जहतीति लक्षणा स्याद् गङ्गायां घोष इतिवदत्र ॥ ३३ ॥

સંપૂર્ણ વાચ્ય અર્થનો ત્યાગ કરી વાચ્યાર્થની સાથે સંબંધ ધરાવનારા અન્ય અર્થનેવિષે જે પદની વૃત્તિ (સબંધ) તેને જહત્ લક્ષણા કહે છે. એ લક્ષણા ગંગાયાં * ઘોષઃ. (ગંગામાં નેસ) ઇત્યાદિ સ્થળે પ્રસિદ્ધ છે તત્ તથા ત્વં પદને વિષે જહત્ લક્ષણા માનવી નહિ કારણ કે તત્પદના તથા ત્વં પદના સંપૂર્ણ અંશનો ત્યાગ થતો નથી પણ માત્ર વિરૂદ્ધ અંશનો ત્યાગ થાય છે. ૩૩

અજહત્ લક્ષણાનું સ્વરૂપ

वाच्यार्थमत्यजन्त्या यस्या वृत्तेः प्रवृत्तिरन्यार्थे ।
इयमजहतीति कथिता शोणो धावतिवदत्र न ग्राह्या ३४

શક્તિ વૃત્તિવડે પ્રતીત થતા અર્થને નહી તજતા, પદની વાચ્ય અર્થથી અન્ય અર્થનેવિષે જે પ્રવૃત્તિ, તેને અલંકાર શાસ્ત્રીઓ અજહત્ લક્ષણા કહે છે. शोणो धावति (રાતા રંગ વાળો દોડે) એ વાકય અજહત્ લક્ષણાનુ ઉદાહરણ છે આ વાકયમાં शोण પદનો મુખ્ય અર્થ તો રાતા ગુણ એટલોજ છે, પરંતુ રાતા ગુણમાં દોડવાની ક્રિયા પ્રત્યક્ષવડે બાધિત થવાથી शोण શબ્દ વડે રાતો ઘોડો એવા અર્થનું ગ્રહણ કરવું, આ પ્રકારે શોણ

* આ વાક્યમાં ગંગા શબ્દનો મુખ્ય અર્થ પ્રવાહ છે પ્રવાહમાં નેસની સ્થિતિનો પ્રત્યક્ષ પ્રમાણવડે બાધ થવાથી ગંગાપદ તેના પ્રવાહ અર્થ છોડી દઈ પ્રવાહ સાથે સંબંધવાળા તીરમાં તે પદની પ્રવૃત્તિ છે એમ જાણવું.

કેવળ વિધિવાક્યજ પ્રવૃત્તિ કરાવે છે એમ નથી, કિંતુ ઇષ્ટહેતુ વસ્તુનું જ્ઞાન પણ પ્રવૃત્તિનું કારણ છે. જેમકે રાજા છે એ વાત જાણી મનુષ્ય પોતાની મેળેજ રાજાનાં દર્શનને માટે પ્રવર્તે છે તથા 'પુત્ર થયો' એ વાક્ય સાંભળી વિના કહ્યાં જાત કર્માદિ ક્રિયાને માટે પ્રવૃત્ત થાય છે. ઉપર કહેલાં બે વાક્ય વિધિવાક્ય ન હોતાં છતાં પણ પ્રવૃત્તિ કરાવે છે, માટે વિધિવાક્યજ પ્રવર્તક છે એવો કંઇ નિયમ નથી ૪૦

[illegible]

[illegible] श्रुतिवाक्यैरात्मा [illegible]तोऽपि ।
[illegible] न शक्यते पुरुषैः ॥ ४१ ॥

[illegible] ૪૧

[illegible]

[illegible] ।
[illegible] न [illegible] ॥

नापेक्षते यदन्यद्यदपेक्षन्तेऽखिलानि मानानि ।
वाक्यं तन्निगमानां मानं ब्रह्माद्यतीन्द्रियार्थगतौ ॥ ४५ ॥

જે શ્રુતિરૂપ પ્રમાણને પોતાની સિદ્ધિમાં અન્ય પ્રમાણની અપેક્ષા નથી પણ અન્ય પ્રમાણો પોતાની સિદ્ધિ માટે જેની અપેક્ષા રાખે છે, તે શ્રુતિવાક્ય, ઈંદ્રિયવડે નહી જાણી શકાતા બ્રહ્મ આદિ પદાર્થોનું જ્ઞાન થવામાં કારણરૂપ છે. બ્રહ્મ આદિ પદાર્થો જે ઇંદ્રિયવડે ગમ્ય નથી, તેનું જ્ઞાન થવામાં વેદવાક્ય જેવું કોઇ પણ પ્રમાણ નથી ૪૫

આત્મા પ્રમાણથી રહિત.

मानं प्रबोधयन्तं बोधं मानेन ये बुभुत्सन्ते ।
एधोभिरिव दहनं दग्धुं वाञ्छन्ति ते महात्मानः ॥ ४६ ॥

પ્રમાણોના પણ પ્રકાશક આત્માને જે મંદબુદ્ધિવાળા અજ્ઞાની જનો પ્રમાણવડે જાણવાને ઇચ્છે છે, તેઓ કાષ્ઠ કે જેમને અગ્નિ બાળે છે તે કાષ્ઠવડે અગ્નિને બાળવાને ઇચ્છે છે; માટે તેઓ અતિ મહાત્મા છે; (આ અજ્ઞાનીના ઉપહાસરૂપ વાક્ય છે.) સર્વને પ્રકાશ કરતા સૂર્યને પ્રકાશ કરવા માટે જેમ અન્ય પ્રકાશની જરૂર નથી. તેમજ જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન કરાવવા માટે અન્ય જ્ઞાનની જરૂર નથી. ૪૬

વેદનું અનાદિત્વ

वेदोऽनादिरमुष्य व्यञ्जक ईशः स्वयंप्रकाशात्मा ।
तदभिव्यक्तिमुपाधिस्तीक्ष्णांशौ गुर्विपि प्रभाणामिति ॥ ४७ ॥

જેમ ઘટને પ્રકાશ કરનાર સૂર્યનારાયણ છે તેમ વેદ કે જે અનાદિ છે તેને પ્રકાશ કરનાર ઈશ્વર છે જેમ વેદને

नापेक्षते यदन्यद्यदपेक्षन्तेऽखिलानि मानानि ।
वाक्यं तन्निगमानां मानं ब्रह्माद्यतीन्द्रियार्थगतौ ॥ ४५ ॥

જે શ્રુતિરૂપ પ્રમાણને પોતાની સિદ્ધિમાં અન્ય પ્રમાણની અપેક્ષા નથી પણ અન્ય પ્રમાણો પોતાની સિદ્ધિ માટે જેની અપેક્ષા રાખે છે, તે શ્રુતિવાક્ય, ઇંદ્રિયવડે નહી જાણી શકાતા બ્રહ્મ આદિ પદાર્થોનું જ્ઞાન થવામાં કારણરૂપ છે. બ્રહ્મ આદિ પદાર્થો જે ઇંદ્રિયવડે ગમ્ય નથી, તેનું જ્ઞાન થવામાં વેદવાક્ય જેવું કોઇ પણ પ્રમાણ નથી ૪૫

આત્મા પ્રમાણથી રહિત.

मानं प्रबोधयन्तं बोधं मानेन ये बुभुत्सन्ते ।
एधोभिरेव दहनं दग्धुं वाञ्छन्ति ते महात्मानः ॥ ४६ ॥

પ્રમાણોના પણ પ્રકાશક આત્માને જે મહબુદ્ધિવાળા અજ્ઞાની જનો પ્રમાણવડે જાણવાને ઇચ્છે છે, તેઓ જાણે કે જેમને અગ્નિ બાળે છે તે કાષ્ઠવડે અગ્નિને બાળવાને ઇચ્છે છે; માટે તેઓ અતિ મહાત્મા છે; (આ અજ્ઞાનીના ઉપહાસરૂપ વાક્ય છે.) સર્વને પ્રકાશ કરતા સૂર્યને પ્રકાશ કરવા માટે જેમ અન્ય પ્રકાશની જરૂર નથી તેમજ જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન કરવા માટે અન્ય જ્ઞાનની જરૂર નથી ૪૬

વેદનું અનાદિપણું

वेदोऽनादिरमुष्य व्यञ्जक ईशः स्वयंप्रकाशात्मा ।
तदविदखिलमुदितय सोऽर्कोऽसौ मूर्तिमि प्रमाणमिति ॥४७॥

જેમ ઘટને પ્રકાશ કરનાર સૂર્યનારાયણ છે તેમ વેદ કે જે અનાદિ છે તેને પ્રકાશ કરનાર ઇશ્વર છે જેમ વેદને

વેદના બે ભાગ છે, તેમાં પ્રથમ જે કર્મકાંડનો ભાગ છે તે યજ્ઞરૂપ કર્મ, તેનો કર્ત્તા તથા સ્વર્ગાદિ કર્મનું ફળ ઇત્યાદિ દ્વૈતનુંજ પ્રતિપાદન કરેછે અને બીજો ઉપનિષદ્ ભાગ, સર્વ ભેદરહિત તથા સર્વના અનુભવના વિષયરૂપ બ્રહ્મ વસ્તુનું જ પ્રતિપાદન કરેછે. ૫૦

દ્વૈત તથા અદ્વૈતમાંથી સત્ય શું ?

अद्वैतमेव सत्यं तस्मिन् द्वैतं त्वसत्यमध्यस्तम् ।
रजतमिव शुक्तिकायां मृगतृष्णायामिवोदकस्फुरणम् ॥ ५१ ॥

જેમ સત્ય સીપનેવિષે મિથ્યા રૂપાનો આરોપ થાયછે તથા જેમ મધ્યાહ્નના સૂર્યના કિરણોને વિષે મિથ્યા જળની પ્રતીતિ થાયછે, તેમજ અદ્વૈત બ્રહ્મરૂપ સત્ય વસ્તુને વિષે દ્વૈત એટલે આ પ્રપંચરૂપ મિથ્યા પદાર્થ કેવળ અજ્ઞાનવડે કલ્પાયલો છે. ૫૧

દ્વૈત વસ્તુનો અદ્વૈતમાં આરોપ.

आरोपितं यदि स्याद्द्वैतं वस्त्ववस्तुनि द्वैते ।
युक्तं नैव तदा स्यात्सत्येऽध्यासो भवत्यसत्यानाम् ॥ ५२ ॥

અદ્વૈત બ્રહ્મ જે સત્ય વસ્તુ છે તેનો આરોપ મિથ્યા દ્વૈત વસ્તુને વિષે છે એમ જો કદી કોઇ કહે તો તે પણ યોગ્ય નથી. કારણ કે દ્વૈત એ વસ્તુજ નથી, માટે તેને વિષે આરોપ સંભવે નહીં. માટે સત્ય વસ્તુને મિથ્યા વસ્તુનો આરોપ થાયછે ૫૨

સત્યાસત્યનો આરોપ અસંભવ

यद्यारोपणमुभयोस्स्याद्द्वयातिरिक्तस्य कस्यचिद्भावः ।
आरोपणं न युक्तं तस्माद्द्वैतमसत्यता याता ॥ ५३ ॥

શકે નહી; તેમજ જો તે પરમાત્મા હોય તો તે સદા પરમાત્માજ છે એમ માનવું ઉચિત છે; તાત્પર્ય કે જીવ, પરમાત્માજ છે. ઉપાધિવડે તે જીવભાવને પામ્યો છે, માટે ઉપાધિનો નાશ થયે તે પરમાત્મ સ્વરૂપ જ રહે છે. ૬૧

જીવનું સર્વદા એજ સ્વરૂપ.

यदि वा परेण साम्यं जीवश्चेद्व्रजति साधनबलेन ।
कालेन तदपि किपता नश्यत्येवेति निश्चितं सकलैः ॥ ६१ ॥

જો કદી જીવ ઉપાસના આદિ સાધનોના સામર્થ્યવડે પરમાત્માના સમાન રૂપવાળો થતો હોય તો તેનું પરમાત્મા સરખું રૂપ જ્યાંસુધી સાધનનું બળ રહેછે ત્યાંસુધી ટકે છે, તે પછી નાશ પામે છે, એવો વિદ્વાનોએ નિશ્ચય કર્યોછે, કારણ કે જે ઉત્પન્ન થાય છે તેનો અવશ્ય નાશ પણ થાય છે, એવો સિદ્ધ નિયમ છે. ૬૨

સર્વસ્વરૂપનો લય એજ બ્રહ્મપ્રાપ્તિ.

तस्मात्परं स्वकीयं मोहं मोहात्मकं च संसारम् ।
स्वज्ञानेन जहित्वा पूर्णः स्वयमेव शिष्यते नान्यत् ॥ ६२ ॥

તે કારણ માટે આત્મજ્ઞાનવિના અન્ય ઉપાયવડે ન મટી શકે એવા પોતાના મોહ (અજ્ઞાન)ને તથા મોહરૂપ આ સંસારને સ્વરૂપજ્ઞાનવડે તજી દેવાથી પૂર્ણ એટલે સર્વ વસ્તુઓને વિષે નિરન્તર ભેદરહિત કેવળ આત્માજ શેષ રહેછે, તે વિના બીજું કંઇ પણ શેષ રહેતું નથી. કારણ કે જ્ઞાનવડે અવિદ્યાના કાર્યરૂપ સર્વ પ્રપંચનો લય થવાથી કેવળ બ્રહ્મસ્વરૂપ જ રહેછે ૬૩

પ્રશ્ન—બંધનો લય થવાથી બ્રહ્મસ્વરૂપજ બાકી રહે છે, એમાં શું કારણ છે તે આ પ્રકરણમાં કહું છું.—

જેમ રજ્જુ આદિ વસ્તુઓનો, પોતાને વિષે આરોપેલ સર્પમાળા, પાણીનો રેલો ઇત્યાદિની સાથે જેમ દશ્ય સંબંધ (દેખાય તેટલોજ સંબંધ) છે. તેમજ આત્મા જે દ્રષ્ટા, તેનો કર્તૃત્વાદિ દશ્ય ધર્મોની સાથે દશ્ય અથવા આધ્યાત્મિક સંબંધ છે. અન્ય સંયોગ સમવાય આદિ સંબંધ નથી કારણ કે આત્મા સદા અસંગ એટલે સર્વ સંબંધ રહિત છે આત્માના અસંગપણાને શ્રુતિ પણ પ્રતિપાદન કરે છે. ત્યાં શ્રુતિ—असंगो नहि सज्जते અર્થ—આત્મા અસંગ હોવાથી કોઈ વસ્તુમાં પણ આસક્ત થતો નથી. ૭૨

બ્રહ્મને સંબંધની અનપેક્ષા

कर्तृ च कर्म यस्य स्फुरति ब्रह्मैव तत्र जानाति ।
यस्य न कर्तृ न कर्म स्फुरत्यात्मानमेव वेदितुं क्षमते ॥ ७३ ॥

જેને કર્તાપણું તથા કર્મનું સ્વરૂપ સ્ફુરે છે, તેજ બ્રહ્મ રૂપ છે; કારણ કે કર્તા તથા કર્મના સ્ફુરણરૂપ છે કર્તા તથા કર્મ તો બ્રહ્મને જાણતે નથી. કારણ કે તેના તો કંઇ વસ્તુજ નથી. માટે બ્રહ્મ, કે જે કર્તા પણ નથી અને કર્મ પણ નથી તે જ સર્વને જાણે છે. ૭૩

ભ્રમ । ભ્રમેર.

कर्तृत्वादिकल्पितमायामात्रं प्रतीयते निखिलम् ।
इति केनचिद्दुक्ता भ्रान्तिर्मायाविनो नान्यः ॥ ७४ ॥

કર્તાપણું, ભોક્તાપણું, ઇત્યાદિ સર્વ આત્માને વિષે જે પ્રતીત થાય છે તે સર્વ માયા કલ્પિત પ્રતીત થાય છે, એમ કેટલાએક વદીને કહે છે પરંતુ ના તેઓની ભ્રાંતિ છે;

કેટલાક વાદીઓ કહે છે કે, જગતનું કારણ અસત્ છે, પરંતુ તે પક્ષ સંભવતો નથી. કારણ કે અસત્ એટલે જે વસ્તુ છેજ નહીં, તેનું કારણપણું સંભવે નહિ. જો બીજ એવી વસ્તુ છે તોજ તેમાં અંકુરને ઉત્પન્ન કરનારી શક્તિ લોકોના જોવામાં આવેછે. બીજવિના કોઇપણ કાળે અંકુર ઉત્પન્ન થાય નહીં. તેમજ જગતનું કારણ કોઇ ન હોય તો જગતની ઉત્પત્તિ થઇ શકે નહીં. ૭૭

कारणमसदिति कथयन् वन्ध्यापुत्रेण निर्वहेत्कार्यम् ।
किंच मृगतृष्णिकाम्भ पीत्वादेन्यां महीपर्शां शमयेत् ॥ ७८ ॥

જે વાદી જગતનુ કારણ અસત્ કહે છે, તે વાંઝણીના દીકરાવડે પ્રજાની ઉત્પત્તિ કરી શકે ખરો તથા ઝાંઝવાનાં પાણી પીને પોતાની અત્યંત તરસ મટાડી શકે ખરો. તાત્પર્ય જેમ વાંઝણીનો દીકરો તથા ઝાંઝવાનું જળ છે જ નહીં તેથી તેમ નાથી પ્રજાની ઉત્પત્તિ તથા તૃષ્ણાની નિવૃત્તિ થતી નથી. તેમજ જગતનું કારણ અત્યંત અસત્ હોય તો તેથી જગતરૂપ કાર્ય ઉપજી શકે નહિ. ૭૮

શ્રુતિ તથા યુક્તિથી કારણની સત્‌રૂપે સિદ્ધિ.

यस्मान्न सोयमसतो वादः संभवति शास्त्रयुक्तिभ्याम् ।
यस्मात्सदेव तत्त्वं सर्वेषां कारणं भवति जगताम् ॥ ७९ ॥

અસત્ પદાર્થનું કારણપણું સંભવતું નથી. માટે પૂર્વે ક-

કેટલાક વાદીઓ કહે છે કે, જગતનું કારણ અસત્ પરંતુ તે પક્ષ સંભવતો નથી. કારણ કે અસત્ એટલે જે બીજ નહીં, તેનું કારણપણું સંભવે નહિ. જો બીજ એવી વ છે તોજ તેમાં અંકુરને ઉત્પન્ન કરનારી શક્તિ લોકોના જોવા આવેછે. બીજવિના કોઇપણ કાળે અંકુર ઉત્પન્ન થાય નહીં. મજ જગતનું કારણ કોઇ ન હોય તો જગતની ઉત્પત્તિ શકે નહીં. ૭૭

कारणमसदिति कथयन् वन्ध्यापुत्रेण निर्वहेत्कार्यम् ।
किंच मृगतृष्णिकाम्भ पीत्वाऽन्यां महीयसीं शमयेत् ॥ ७८

જે વાદી જગતનું કારણ અસત્ કહે છે, તે વાંઝણીના દીક રાવડે પ્રજાની ઉત્પત્તિ કરી શકે ખરો તથા ઝાંઝવાનાં પાણી પીને પોતાની અત્યંત તરશ મટાડી શકે ખરો. તાત્પર્ય જેમ વાંઝણીનો દીકરો તથા ઝાંઝવાનું જળ છેજ નહીં તેથી તેમ નાથી પ્રજાની ઉત્પત્તિ તથા તૃષ્ણાની નિવૃત્તિ થતી નથી. તે મજ જગતનું કારણ અત્યંત અસત્ હોય તો તેથી જગતરૂપ કાર્ય ઉપજી શકે નહિ. ૭૮

શ્રુતિ તથા યુક્તિથી કારણની સતરૂપે સિદ્ધિ.

यस्मान्न सोऽयमसतो वादः संभवति शास्त्रयुक्तिभ्याम् ।
यस्मात्सदेव तत्वं सर्वेषां कारणं भवति जगताम् ॥ ७९ ॥

અસત્ પદાર્થનું કારણપણું સંભવતું નથી. માટે પૂર્વે

ટીકા—શ્રુતિ ભગવતી પણ કહે છે કે (यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते अथ तस्य भयं भवति જ્યારે આ, (પુરૂષ) આ બ્રહ્મને વિષે લેશ પણ ભેદ કરે છે અર્થાત્ માને છે તેને જન્મ-મરણરૂપ ભય ઉત્પન્ન થાય છે.) માટે આ સમગ્ર જગત્ સત્યરૂપ બ્રહ્મથી ભિન્ન નથી, એમ ઉપનિષદો પ્રતિપાદન કરે છે.

परिपक्वमानसानां पुरुषवराणां पुरातनैः सुकृतैः ।
ब्रह्मैवेदं सर्वं जगदिति भूयः प्रबोधयत्येषः ॥ ८२ ॥

શ્રવણ મનન આદિ સાધનોવડે જેની બુદ્ધિ સ્વસ્વરૂપને વિષે સ્થિરતાને પામી છે તથા જેમણે પોતાનાં જન્માંતરનાં અનેક સુકૃતોવડે પોતાના આત્માથી અભિન્નપણે બ્રહ્મનો અનુભવ કર્યો છે એવા ઉત્કૃષ્ટ અધિકારીઓને "સઘળું જગત્ બ્રહ્મરૂપ છે" એમ ઉપનિષદ વારંવાર બોધન કરે છે જે (सर्वं खल्विदं ब्रह्म આ સંપૂર્ણ પ્રપંચ બ્રહ્મરૂપ છે) એમ શ્રુતિ કહે છે, માટે બ્રહ્મથી ભિન્ન કોઇ પણ વસ્તુ નથી. ૮૨

જ્યારે બ્રહ્મ જ ભાસે છે, બીજું કંઈ પણ ભાસતું નથી અને વેદાન્ત પણ એ પ્રમાણે પ્રતિપાદન કરે છે ત્યારે સર્વને તે પ્રમાણે ભાન કેમ થતું નથી? તેના સંબન્ધમાં કહે છે કે—

अनवगतकाञ्चनानां भूषणधीरेव भूषणे हैमे ।
एवमविवेकभाजां जगति जनानां न तात्त्विकी धिषणा ॥८३॥

બાળક વગેરે જેઓ સુવર્ણને ઓળખતા નથી, તેમને સુવર્ણના અલંકારમાં કેવળ અલંકાર બુદ્ધિ છે; તે સુવર્ણનો છે

અહંબુદ્ધિ ભ્રાંતિરૂપે.

वपुरिन्द्रियादिविषयाहंबुद्धिश्चेद्भवत्यसौ भ्रान्तिः ।
अतस्मिंस्तद्बुद्धिरित्यध्यासेन शास्यमानत्वात् ॥ ८६ ॥

'શરીર ઇંદ્રિયાદિક હું છું' એવી બુદ્ધિ જો થાય તો તે બુદ્ધિ ભ્રાંતિ અથવા અધ્યાસરૂપ રહે છે. કારણ કે "જે વસ્તુ જે પદાર્થરૂપે નથી, તેને વિષે તે પદાર્થની બુદ્ધિને અધ્યાસ (ભ્રમ) કહેવો' એવું શારીરક ભાષ્યમાં અધ્યાસનું લક્ષણ આપ્યું છે. આ લક્ષણ, દેહ ઇંદ્રિયાદિ જે આત્મા નથી, તેને વિષે કરાતી અહંબુદ્ધિને વિષે લાગુ થઇ શકે છે. ૮૬

અહંકારાદિની આત્મામાં કલ્પના.

तस्मादशेषसाक्षी परमात्मैवाहमर्थ इत्युचितम् ।
अजडवदेव जडोऽयं सत्संबन्धाद्भवत्यहङ्कारः ॥ ८७ ॥

અહંકારાદિક, આત્માને વિષે કલ્પિત છે માટે, સર્વનો સાક્ષી આત્મા જ 'હું' શબ્દનો અર્થ અર્થાત્ હું એવો શબ્દ આત્માને જ કહેનાર છે એમ માનવું યોગ્ય છે. એ અહંકાર જડ છે તથાપિ ચેતનના સંબંધને લીધે પોતે ચેતન સરખો જણાય છે. ૮૭

હું એવી પ્રતીતિનો વિષય આત્મા જ.

तस्मात् सर्वशरीरेष्वहमहमित्येव भासते स्पष्टः ।
यः प्रत्ययो विशुद्धस्तस्य ब्रह्मैव भवति मुख्यार्थः ॥ ८८ ॥

તે કારણ માટે, 'હું' 'હું' એ પ્રકારે સત્ શરીરોમાં પ્રકટ તથા એક સરખું જ્ઞાન જણાય છે, તે જ્ઞાનનો મુખ્ય વિષય બ્રહ્મ જ છે. ૮૮

गोशब्दादिव गोत्वं गदति व्यक्तिः प्रतीयतेऽर्थतया ।
अहमर्थःपरमात्मा तद्वदहन्तया प्रतीयतेऽहङ्कारः ॥ ८९ ॥

એમ ગો શબ્દવડે તેના મુખ્ય અર્થ ગોત્વ જાતિનો બોધ થાય અને તે ગોત્વજાતિનો* સંબંધ ગોવ્યક્તિની× સાથે હોય છે માટે ગો શબ્દવડે ગોવ્યક્તિનો પણ બોધ થાય છે તેજ પ્રમાણે અહં શબ્દનો મુખ્ય અર્થ તો પરમાત્મા જ છે પરન્તુ ભ્રાન્તિવડે અહં શબ્દનો અર્થ અહંકાર પણ થાય છે ૮૯

અહંકારથી કર્તાપણાનો આરોપ.

दाहकत्वादिकमयसः पावकसङ्गेन भासते यद्वत् ।
तद्वच्चेतनसङ्गादहमिति प्रतिभान्ति कर्तृतादीनि ॥ ९० ॥

જેમ લોઢાને વિષે બાળવાનો ધર્મ અગ્નિના સંયોગવડેજ ભાસે, તેમજ અહંકાર પણ ચેતનને વિષે અધ્યસ્ત (આરોપિત) હોવાથી તેને વિષે કર્તૃત્વ ભોક્તૃત્વ આદિ ધર્મો ભાસે છે. ૯૦

અહંવૃત્તિનો વિષય આત્મા.

देहेन्द्रियादिदृश्यव्यतिरिक्तं निर्विकल्पमतुलमद्वैतम् ।
अहमर्थमिति विदित्वा तद्व्यतिरिक्तं न कल्पयेदन्यत् ९१

જે શરીર ઇંદ્રિય આદિથી વિલક્ષણ છે, જેને વિષે અવિદ્યાનો લેશ પણ નથી, જેના સરખો કોઇપણ પદાર્થ નથી તથા જે હું એવી પ્રતીતિનો વિષય છે. તે બ્રહ્મ હું છું એમ જાણીને બ્રહ્મથી ભિન્ન કોઇ પણ વસ્તુનો વિચાર કરવો નહિ. કેવળ બ્રહ્મચિંતન જ કરવું. ૯૧

---

* ગોત્વ (ગાયપણું) નામનો બધી ગાયમાં રહેલો અન્ય પદાર્થોથી જુદાપણું બતાવનારો ધર્મ. × કોઇ ગાયનું શરીર તે ગોવ્યક્તિ

અહંબુદ્ધિ ભ્રાંતિરૂપ

वपुरिन्द्रियादिविषयाहंबुद्धिर्भ्रम इत्यसौ भ्रान्तिः ।
अतस्मिंस्तद्बुद्धिरित्यध्यासेन भाष्यमानत्वात् ॥ ८६ ॥

'શરીર ઇંદ્રિયાદિક હું છું' એવી બુદ્ધિ જે થાય તો તે બુદ્ધિ ભ્રાંતિ અથવા અધ્યાસરૂપ કહે છે. કારણ કે "જે વસ્તુ જે પદાર્થરૂપે નથી, તેને વિષે તે પદાર્થની બુદ્ધિને અધ્યાસ (ભ્રમ) કહેવો' એવું શારીરક ભાષ્યમાં અધ્યાસનું લક્ષણ આપ્યું છે. આ લક્ષણ, દેહ ઇંદ્રિયાદિ જે આત્મા નથી, તેને વિષે કરાતી અહંબુદ્ધિને વિષે લાગુ થઇ શકે છે. ૮૬

અહંકારાદિની આત્મામાં કલ્પના.

तस्मादशेषसाक्षी परमात्मैवाहमर्थ इत्युचितम् ।
अजडवदेव जडोऽयं मत्संबन्धाद्भवत्यहङ्कारः ॥ ८७ ॥

અહંકારાદિક, આત્માને વિષે કલ્પિત છે માટે. સર્વનો સાક્ષી આત્મા જ 'હું' શબ્દનો અર્થ અર્થાત્ હું એવો શબ્દ આત્માને જ કહેનારે છે એમ માનવું યોગ્ય છે. એ અહંકાર જડ છે તથાપિ ચેતનના સંબંધને લીધે પોતે ચેતન સરખો જણાય છે. ૮૭

હું એવી પ્રતીતિનો વિષય આત્મા જ.

तस्मात् सर्वशरीरेष्वहमहमित्येव भासते स्पष्टः ।
यः प्रत्ययो विशुद्धस्तस्य ब्रह्मैव भवति मुख्यार्थः ॥ ८८ ॥

તે કારણ માટે, 'હું' 'હું' એ પ્રકારે સર્વ શરીરોમાં પ્રકટ તથા એક સરખું જ્ઞાન જણાય છે, તે જ્ઞાનનો મુખ્ય વિષય બ્રહ્મ જ છે. ૮૮

गोशब्दादिव गोत्वं तद्वपि व्यक्तिः प्रतीयतेऽर्थतया ।
अहमर्थः परमात्मा तद्वदहङ्कारोऽप्यहङ्कारः ॥ ८९ ॥

જેમ ગો શબ્દવડે તેના મુખ્ય અર્થ ગોત્વ જાતિનો બોધ થાય અને તે ગોત્વજાતિનો* સંબંધ ગોવ્યક્તિની× સાથે હોય છે માટે ગો શબ્દવડે ગોવ્યક્તિનો પણ બોધ થાય છે તેજ પ્રમાણે અહં શબ્દનો મુખ્ય અર્થ તો પરમાત્માજ છે પરંતુ લક્ષણાવડે અહં શબ્દનો અર્થ અહંકાર પણ થાય છે ૮૯

અહંકારથી કર્તાપણાનો આરોપ

दग्धृत्वादिकमयसः पावकसङ्गेन भासते यद्वत् ।
तद्वच्चेतनसङ्गादहमिति प्रतिभाति कर्तृतादीनि ॥ ९० ॥

જેમ લોઢાને વિષે બાળવાનો ધર્મ અગ્નિના સંયોગવડેજ ભાસે, તેમજ અહંકાર પણ ચેતનને વિષે અધ્યસ્ત (આરોપિત) હોવાથી તેને વિષે કર્તૃત્વ ભોક્તૃત્વ આદિ ધર્મો ભાસે છે ૯૦

અહંવૃત્તિનો વિષય આત્મા

देहेन्द्रियादिदृश्यव्यतिरिक्तं निर्मलमतुलमद्वयम् ।
अहमर्थमिति विदित्वा तद्व्यतिरिक्तं न कल्पयेदन्यत् ९१

જે શરીર ઇંદ્રિય આદિથી વિલક્ષણ છે, જેને વિષે અવિદ્યાનો લેશ પણ નથી, જેના સરખો કોઇપણ પદાર્થ નથી તથા જે હું એવી પ્રતીતિનો વિષય છે, તે ઘણા હું છું એમ જાણીને તેનાથી ભિન્ન કોઈ પણ વસ્તુનો વિચાર કરવો નહિ. કેવળ બ્રહ્મચિંતન જ કરવું. ૯૧

* ગોત્વ (ગાયપણું) નામનો ધર્મ ગાયમાં રહેલો અને બીજા જાતિથી જુદાપણું બતાવનારો ધર્મ. × ગાયનું શરીર તે ગોવ્યક્તિ

ઉપાધિને લીધે આત્મામાં વિચિત્રતા

यद्वत्सुखदुःखानामनुभवभेदाद्विचित्रता देहे ।
तद्वदिह सत्यभेदेऽप्यनुभववैचित्र्यमात्मनामेषाम् ॥ ९२ ॥

જેમ આ એક જ શરીરમાં 'મારા હાથમાં સુખ છે અથવા મારા હાથમાં દુઃખ છે, મારા માથામાં સુખ છે, અથવા મારા માથામાં દુઃખ છે' એ પ્રકારે સુખ દુઃખનો ભેદ માલુમ પડે છે. તેમજ આ સંસારમાં આત્મા એક છતાં પણ તેમની દેહ અંતઃકરણ આદિ ઉપાધિ ભિન્ન ભિન્ન હોવાથી તેમના અનુભવમાં વિચિત્રપણું જણાય છે. જેમકે કોઇ આ જગતને સત્ય કહે છે, કોઇ અસત્ય કહે છે. કોઇ સત્ય અસત્ય કહે છે, કોઇ જગતને આત્માથી ભિન્ન કહે છે, કોઈ અભિન્ન કહે છે તથા કોઇ ભિન્ન ભિન્ન કહે છે ઇત્યાદિ. ૯૨

સંપૂર્ણ સૃષ્ટિ માયાનું કાર્ય:

किमिदं किमस्य रूपं कथमेतदभूदमुष्य को हेतुः ।
इति न कदापि विचिन्त्यं मायेति धीमता विश्वम् ॥ ९३ ॥

આ જગત્ શું છે? આનું રૂપ શું છે? એ કેમ ઉપજ્યું? તથા એનું કારણ શું છે? એવો વિચાર જ્ઞાનવાન્ પુરુષે કોઇ પણ કાળે કરવો નહિ; પણ આ જગત્ કેવળ માયા છે તથા ચૈતન્ય જ પ્રપંચરૂપે સ્ફુરે છે એવો જ વિચાર કરવો. ૯૩

જગત્ તથા બ્રહ્મનો અભેદ

दन्तिनि दारुविकारे दारु तिरो भवति सोऽपि तत्रैव ।
जगति तथा परमात्मा परमात्मन्यपि जगत्तिरोधत्ते ॥ ९४ ॥

લાકડાના બનાવેલા હાથીમાં, બાળકને લાકડું ન દેખતાં કેવળ હાથીનું સ્વરૂપજ ભાસે છે અને લાકડાને ઓળખનાર મોટી ઉમરના માણસને તો લાકડામાં હાથીનો તિરોભાવ થઇ જાય છે, અર્થાત્ તેને હાથી ન ભાસતાં લાકડુંજ ભાસે છે; તેમજ અજ્ઞાની જનને જગતમાં પરમાત્માનો તિરોભાવ થાય છે તથા જ્ઞાનીને પરમાત્મામાં જગતનું તિરોધાન થાય છે, એટલે કે અજ્ઞાનીને જગતજ ભાસે છે, પણ પરમાત્માનું ભાન થતું નથી અને જ્ઞાનીને પરમાત્માજ ભાસે છે જગત્ ભાસતું નથી. ૯૪

જગતરૂપી ચિત્રનો કલ્પન કરનાર કોણ?

आत्ममये महति पटे विविधजगच्चित्रमात्मना लिखितम् ।
स्वयमेव केवलमसौ पश्यन् प्रमुदं प्रयाति परमात्मा ॥ ९५ ॥

આત્મારૂપી વિસ્તીર્ણ (વ્યાપક) પટમાં, આત્મા એજ પોતાની ઇચ્છારૂપી કુંચીવડે વિવિધ રૂપોવાળું જગત્રૂપ ચિત્ર ચિતર્યું છે અને તેને પરમાત્મા પોતેજ જોઇ આનંદ પામે છે. તાત્પર્ય કે જેમ કોઇ ચિત્રકાર પોતાની ઇચ્છાવડે અત્યંત ઉત્તમ ચિત્ર કાઢીને તેને હાથમાં લઈ વારંવાર જોઇને પોતે પ્રસન્ન થાય છે, તેમજ પરમાત્મા પોતાનેવિષે આ જગત્ નામનું ચિત્ર રચી, તેને પોતે જ જોઈ પ્રસન્ન થાય છે. ૯૫

ટીકા—યોગિમિહિરમાં કહ્યું છે કે—आत्मचित्र महाभित्ति स्वेच्छया निर्मायन्ति ॥ स्वयमेव ममात्मैव प्रीणाति ममैव हि ॥ ભગવાન શિવ પોતાની ઇચ્છારૂપી કુંચીવડે જગતરૂપ ચિત્ર પોતાને વિષે કાઢીને, તથા તેને પોતેજ જોઇને પ્રસન્ન થાય છે.

चिन्मात्रममलमक्षयमद्वयमानन्दमनुभवारूढम् ।
ब्रह्मैवास्ति तदन्यन्न किंचिदस्तीति निश्चयो विदुषाम् ॥ ९६ ॥

ચૈતન્યસ્વરૂપ, નિર્મળ, અવિનાશી, દ્વૈતરહિત, આનંદસ્વરૂપ તથા અનુભવવડેજ જાણી શકાય એવું બ્રહ્મજ છે, તે વિના કોઇ પણ વસ્તુ નથી. એવો તત્વવિત્ મહાત્માઓનો નિશ્ચય છે. ૯૬

ટીકાઃ—વાર્તિકકાર શ્રી સુરેશ્વરાચાર્યે કહ્યું છે કે—कदाचिद् व्यवहारे तु द्वैतं यद्यपि पश्यति ॥ बोधात्मव्यतिरेकेण न पश्यति चिदन्वयात् ॥ किं तु पश्यति मिथ्यैव दिङ्मोहेंदुविभागवित् ॥ મનુષ્ય, વ્યવહારકાળમાં જો કે દ્વૈતને જુવે છે તથાપિ સર્વત્ર ચૈતન્ય વ્યાપ્ત હોવાથી જ્ઞાન સ્વરૂપ આત્માથી ભિન્ન પદાર્થને દેખાતો નથી. જેમ દિગ્મૂઢ થએલો પૂર્વ દિશાને પશ્ચિમ દિશા કેવળ ભ્રાંતિથી જાણે છે તથા નેત્રને વિષે તિમિરઆદિ દોષવાળો પુરૂષ એક ચંદ્રમાને વિષે બે ચંદ્રમા કેવળ ભ્રાંતિથી મિથ્યાજ દેખે છે, તેમજ આ જગતને કેવળ મિથ્યાજ દેખે છે

વિદ્યા અવિદ્યાદિ ભેદો કહેવાનું કારણ

व्यवहारस्य दशेयं विद्याविद्येति वदेत्परिभाषा ।
नास्त्येव तत्त्वदृष्ट्या तत्वं ब्रह्मैव नान्यदस्त्यस्मात् ॥ ९७ ॥

શાસ્ત્રીય વ્યવહાર તથા લૈકિક વ્યવહારની સિદ્ધિને માટે વિદ્યા તથા અવિદ્યા એવાં બે મોહોટાં નામ આપ્યાં છે. સિદ્ધાંતની નજરે જોતાં તો વિદ્યાનું તથા અવિદ્યાનું સ્વરૂપજ નથી; એક બ્રહ્મવસ્તુજ છે. તે વિના બીજી કોઇ પણ વસ્તુ નથી ૯૭

ટીકાઃ—શ્રુતિ પણ કહે છે કે, नेहनानास्ति किंचन—આત્માર્થ-બ્રહ્મથી ભિન્ન કોઇ પણ વસ્તુ નથી. 'બ્રહ્મથી ભિન્ન વસ્તુઓ પણ છે' એવા દ્વૈતવાદીઓના મતમાં પણ 'છે' શબ્દ વડે, અસ્તિત્વ રૂપે બ્રહ્મજ કહેવામાં આવે છે એમ કહે છે.

अस्त्यन्यदिति मतं चेतदपि ब्रह्मैव चास्तितारूपम् ।
व्यतिरिक्तमस्तितायाः नास्तितया शून्यमेव तत्सिद्धम् ॥९८॥

બ્રહ્મથી ભિન્ન વસ્તુ પણ છે એવો જો કોઇ વાદીઓનો મત હોય તો તે અન્ય વસ્તુ પણ અસ્તિત્વ રૂપે બ્રહ્મજ છે કારણ કે અસ્તિત્વ બ્રહ્મ વિના અન્ય સ્થળે નથી માટે બ્રહ્મ રૂપ અસ્તિત્વને એક પાસે રાખતા શેષ નાસ્તિત્વ રહ્યું નહીં તે પણ અર્થાત્ શૂન્ય રહ્યું. માટે બ્રહ્મથી ભિન્ન વસ્તુને માનનારા વાદીઓનો શૂન્ય મત સિદ્ધ થયો.

જ્ઞાનીની સ્થિતિ.

तत्त्वावबोधशक्त्या स्थिरतया बाधिताऽपि सा माया ।
आदेहपातमेषामाभात्यात्माप्यथं निजो चिद्रूपः ॥ ९९ ॥

અદ્વૈત આત્મવસ્તુના જ્ઞાનના સામર્થ્યવડે મિથ્યાત્વના નિશ્ચય વડે માયાનો બાધ થયા છતા પણ શરીરના સ્થિતિકાળ પર્યંત, લોકપ્રસિદ્ધ શરીર વ્યવહારરૂપ માયા, મિથ્યા થયા છતા પણ ભાસે છે તથા પોતાનું સ્વરૂપ પણ સચ્ચિદાનંદ સ્વરૂપે ભાસે છે

વિદ્વાન્ તથા અવિદ્વાનમાં ફેર

एष विशेषो विदुषो व्यवहरतोऽपि प्रपञ्चसंसारम् ।
पृथगात्मनो न किंचित्पश्येयुः सकलनिगमनिर्णीतात् ॥१००॥

જ્ઞાની પુરૂષો ઇંદ્રિયોવડે વ્યવહાર કરતા છતા પણ એ માયિક સંસારવ્યવહારને સઘળાં ઉપનિષદ્‌ના વાક્યોવડે જેના સ્વરૂપનો નિશ્ચય થયો છે એવા પોતાના આત્માથી લેશ પણ ભિન્ન દેખતા નથી અને અજ્ઞાનીઓ દેખે છે. એટલો જ જ્ઞાની તથા અજ્ઞાનીમાં તફાવત છે. ૧૦૦

चिन्मात्रममलमक्षयमद्वयमानन्दमनुभवाकदम् ।
यदेवास्ति तदन्यन्न किंचिदस्तीति निश्चयो विदुषाम् ॥९६॥

ચૈતન્યસ્વરૂપ, નિર્મળ, અવિનાશી, દ્વૈતરહિત, આનંદસ્વરૂપ તથા અનુભવવડેજ જાણી શકાય એવું બ્રહ્મજ છે, તેવિના કોઈ પણ વસ્તુ નથી. એવો તત્વવિત્ મહાત્માઓનો નિશ્ચય છે. ૯૬

ટીકાઃ—વાર્તિકકાર શ્રી સુરેશ્વરાચાર્યે કહ્યું છે કે—कदाचित् व्यवहारे तु द्वैतं यद्यपि पश्यति ॥ बोधात्मव्यतिरेकेण न पश्यति चिदन्वयात् ॥ किं तु पश्यति भित्त्वैव दिङ्मोहेन्दुद्विभागवित् ॥ મનુષ્ય, વ્યવહારકાળમાં જો કે દ્વૈતને જુવે છે તથાપિ સર્વત્ર ચૈતન્ય વ્યાપ્ત હોવાથી જ્ઞાન સ્વરૂપ આત્માથી ભિન્ન પદાર્થને દેખાતો નથી જેમ દિગ્મૂઢ થએલો પુરૂષ દિશાને પશ્ચિમ દિશા કેવળ ભ્રાંતિથી જાણે છે તથા નેત્રને વિષે તિમિરઆદિ દોષવાળો પુરૂષ એક ચંદ્રમાને વિષે બે ચંદ્રમા કેવળ ભ્રાંતિથી નિશ્ચય કરે છે, તેમજ આ જગતને કેવળ વિવર્તરૂપ દેખે છે

વિદ્યા અવિદ્યાદિ ભેદો કહેવાનું કારણ

व्यवहारस्य द्वैतं विद्याविद्येति मदेश्वरिमायाः ।
नान्यैव तत्त्वदृष्ट्या तत्त्वं ब्रह्मैव नान्यदस्त्यस्मात् ॥९७॥

શાસ્ત્રીય વ્યવહાર તથા લૌકિક વ્યવહારની સિદ્ધિને માટે વિદ્યા તથા અવિદ્યા એવાં બે મોહોટાં નામ આપ્યાં છે. સિદ્ધાંતની નજરે જોતાં તો વિદ્યાનું તથા અવિદ્યાનું સ્વરૂપજ નથી; એક બ્રહ્મવસ્તુજ છે તે વિના બીજી કોઈ પણ વસ્તુ નથી ૯૭

ટીકાઃ—શ્રુતિ પણ કહે છે કે, नेह नानास्ति किंचन—આ બ્રહ્મથી ભિન્ન કંઈ પણ વસ્તુ નથી. 'બ્રહ્મથી ભિન્ન વસ્તુઓ પણ છે' એમ દ્વૈતદૃષ્ટિવાળા માનતા પણ 'છે' શબ્દ વડે અસ્તિત્વ રૂપે બ્રહ્મ કે દેખાય છે એમ કહે છે

ऊर्ध्वमधस्तिर्यगपि व्याप्तोऽहं विभूतिभिर्निखिलाभिः ।
तर्कापोहविचारैर्निरूप्यमाणोऽहम् ॥ ११० ॥

અત્યંત તેજોમય મારી વિભૂતિઓવડે હું ઉપર નીચે તથા આઠ દિશાઓમાં વ્યાપ્ત છું. ઉહ એટલે તર્ક કરવો તથા અપોહ એટલે વાદીના તર્કનું નિરાકરણ કરવું, એ બેની સહાયતાથી થતા વિચારોવડે હું સ્વીકારવાયોગ્ય હોઉં તેવો પ્રતીત થાઉં છું અર્થાત્ હું સ્વતઃસિદ્ધ છું જ તથાપિ મારા સ્વરૂપની સિદ્ધિ ઉહાપોહવડે થતા વિચારથીજ થતી હોય એમ જણાય છે. ૧૧૦

ऋषिरहमृषिगणोऽहं ग्रहिरहं ग्रन्थधानमेवाहम् ।
ऋद्धिरहं वृद्धिरहं तृप्तिरहं तृप्तिदीपदीप्तिरहम् ॥ १११ ॥

હું ઋષિ એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનો દ્રષ્ટા છું; હું સપ્તઋષિ છું હું સૃષ્ટિ છું. હું ઉત્પન્ન થતાં સર્વ પ્રાણીઓના સમૃદ્ધરૂપ છું. હું સમૃદ્ધિરૂપ છું. હું વૃદ્ધિરૂપ છું, હું સર્વ કામની પ્રાપ્તિરૂપ તૃપ્તિ છું તથા હું સર્વ કામનીપ્રાપ્તિરૂપ પ્રકાશના પ્રકાશરૂપે છું. ૧૧૧

एकोऽहमेवनदीदं नैवमिति स्फुरितभेदरहितोऽहम् ।
यष्टव्योऽहमनीहैरन्तःकरणानुभूतिरहितोऽहम् ॥ ११२ ॥

હું સર્વ ભેદરહિત છું. 'આ વસ્તુ આ પ્રકારની છે' એવી જાતનાં અંતઃકરણનાં સ્ફુરણો રહિત છું, કર્મફળને ઇચ્છનારા નિષ્કામ પુરુષોએ યજ્ઞોમાં યજન કરવા યોગ્ય હું છું, તથા હું પુણ્યાત્મા છું, એવો વિચાર મારા અંતઃકરણમાં નથી. ૧૧૨

एकमात्मामकोऽहं धारणपरिहानरावनमतीनाय ।
ऐश्वर्यमेव मदरं नदानमपापमोहाविहिंतोऽहम् ॥ ११३ ॥

ત્તિમાન છું. હું બ્રહ્માનંદના અનુભવના રસને જાણનાર છું, બાળક તથા ગોવાળ પર્યંત સર્વ મનુષ્યો "હું" "હું" એ પ્રકારે મારો જ મહિમાનો અનુભવ કરે છે અર્થાત્ હુંજ સર્વાત્મા છું. ૧૦૬

इन्द्रियसुखविमुखोहं निजसुखबोधानुभूतिरहितोहम् ।
इति मतिदूरतरोहं भावेतरसुखिताचित्तोहम् ॥ १०७ ॥

હું ઈંદ્રિયોદ્વારા પ્રાપ્ત થતાં અનિત્ય વિષયસુખ રહિત છું, આત્મસુખના અનુભવવડે પૂર્ણ છું, હું 'આત્મા આ પ્રકારનો છે' એવી બુદ્ધિવડે પ્રાપ્ત થતો નથી તથા વિષયસુખથી ભિન્ન સુખ (આત્મસુખ) વડે સુખી થયેલા ચિત્તવાળો છું. ૧૦૭

ईशोहमीश्वराणामीर्ष्याद्वेषानुषङ्गरहितोहम् ।
ईक्षणविषयमनीनामीप्सितपुरुषार्थसाधनपरोहम् ॥ १०८ ॥

કરવાને, ન કરવાને તથા અન્યથા કરવાને સમર્થ પુરૂષોમાં પણ હું અતિશય સામર્થ્યવાળો છું, મારેવિષે રાગદ્વેષાદિ દોષોનો લેશપણ સંબંધ નથી તથા આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં જેમની મતિ છે એવા પુરુષોમાં ઈચ્છેલા મોક્ષરૂપ પુરુષાર્થ સાધવામાં હું તત્પર છું. ૧૦૮

उदयोहमेव जगतामुपनिषदुद्यानकृतविहारोहम् ।
उद्वेलशोकसागरवाडवहुतवह्निनार्चिरहम् ॥ १०९ ॥

ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને પામતાં જગતનો હું પ્રકાશક છું, હું ઉપનિષદરૂપી બગીચામાં વિહાર કરનારો છું અર્થાત્ તેના અર્થનું નિરંતર ચિંતન કરનાર છું, તથા હું વૃદ્ધિ પામેલા શોકસમુદ્રનું શોષણ કરવામાં વડવાનળની જ્વાળારૂપ છું. ૧૦૯

ऊर्ध्वत्वग्निजदीप्तिभिरूर्ध्वमधस्तिर्यगभुवानहम ।
ऊहापोहविचारैस्तरीकृतवत् प्रतीयमानोहम ॥ ११० ॥

અત્યંત તેજોમય મારી વિભૂતિઓવડે હું ઉપર નીચે તથા આઠ દિશાઓમાં વ્યાપ્ત છું ઉહ એટલે તર્ક કરવો તથા અપોહ એટલે વાદીના તર્કનું નિરાકરણ કરવું એ બેની સહાયતાથી થતા વિચારોવડે હું સ્વીકારાયલો હોઉં તેવો પ્રતીત થાઉં છું અર્થાત્ હું સ્વતસિદ્ધ છુંજ તથાપિ મારા સ્વરૂપની સિદ્ધિ ઉહાપોહવડે થતા વિચારથીજ થતી હોય એમ જણાય છે. ૧૧૦

ऋषिरहमृषिगणोहं सृष्टिरहं सृज्यमानमेवाहम ।
ऋद्धिरहं वृद्धिरहं तृप्तिरहं तृप्तिदीपदीप्तिरहम ॥ १११ ॥

હું ઋષિ એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનો દ્રષ્ટા છું; હું સપ્તઋષિ છું હું સૃષ્ટિ છું. હું ઉત્પન્ન થતાં સર્વ પ્રાણીઓના સમૂહરૂપ છું હું સમૃદ્ધિરૂપ છું. હું વૃદ્ધિરૂપ છું, હું સર્વ કામની પ્રાપ્તિરૂપ તૃપ્તિ છું તથા હું સર્વ કામનીપ્રાપ્તિરૂપ પ્રકાશના પ્રકાશરૂપે છું. ૧૧૧

एकोहमेतदीदृशमेवमिति स्फुरितभेदरहितोहम ।
यष्टव्योहमनीहैरन्तःसुकृतानुभूतिरहितोहम् ॥ ११२ ॥

હું સર્વ ભેદરહિત છું. 'આ વસ્તુ આ પ્રકારની છે' એવી જાતનાં અંતઃકરણનાં સ્ફુરણો રહિત છું, કર્મફળને ઇચ્છનારા નિષ્કામ પુરુષોએ યજ્ઞોમાં યજન કરવા યોગ્ય હું છું, તથા હું પુણ્યાત્મા છું, એવો વિચાર મારા અંતઃકરણમાં નથી. ૧૧૨

पेशगात्रभासस्फोऽहं वाक्यपरिज्ञानसागरमथनीनाथ ।
पेशमहमेव सकलं नशामसःशायमोहमिहिरोहम ॥ ११३

મહાવાક્યના જ્ઞાનવડે જેમની મતિ પાવન થયેલી છે, તેમના હૃદયમાં એક આત્મસ્વરૂપનો પ્રકાશક હું છું, સંપૂર્ણ સૃષ્ટિને નિયમન કરનારૂં તત્વ હું છું તથા મધ્ય રાત્રીના ગાઢ અંધકાર સમાન અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરનાર સૂર્ય પણ હુંજ છું. ૧૧૩

ओजोहमौषधीनामोतप्रोतायमानाविभवोहम् ।
ओङ्कारसारसोल्लसदात्मसुखामोदमत्तभृंगोहम् ॥ ११४ ॥

સર્વ ઓષધિઓનું સામર્થ્ય હું છું, મારાવડે સંપૂર્ણ જગત્ ઓતપ્રોત (વ્યાપ્ત) છે તથા ઓંકારરૂપ કમળમાંથી પ્રસરતા સુખ સ્વરૂપ આત્માના જ્ઞાનરૂપ સુગંધવડે મત્ત થયેલો ભ્રમર હું છું અર્થાત્ પ્રણવની ઉપાસનાવડે પ્રાપ્ત થયેલા આત્મજ્ઞાનથી મને અહંકારનું વિસ્મરણ થઇ ગયું છે. ૧૧૪

औघमहमशुभानामौपाधिधर्मजालरहितोहम् ।
औदार्यातिशयोहं चित्तविविधचतुर्वर्गतरणपरोहम् ॥ ११५ ॥

હું પાપ માત્રને નિર્મૂળ કરનારો છું, હું અવિદ્યારૂપ ઉપાધિથી ઉપજેલા સઘળા પ્રપંચરૂપ ધર્મોરહિત છું, હું અત્યંત ઉદાર છું તથા મનઃકલ્પિત વિવિધ પ્રકારના ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સાધવામાં તત્પર છું ૧૧૫

अंकुशमद्गमाविलानां मदत्तया मत्तरणेन्द्राणाम् ।
* अम्बरमिव विमलोऽहं शम्बररिपुजातविकृतिरहितोहम् ॥१६॥

* આ જગોએ મૂળમાં "શમ્બરરિપુરિવ જાતવિકૃતિરહિતોહં' એવો પાઠ છે અને ટીકાકારે તેનો અર્થ કર્યો છે કે "શિવની પેઠે થએલા વિકારરહિત છું પરંતુ તે પાઠ તથા તે અર્થ યથાર્થ ભાસતો નથી. કારણ કે એ અક્ષર વધી જવાથી છંદોભંગ થ.ય છે. કદી એ દોષ ન ગણીએ તો પણ અર્થ તો બરાબર નથી, કારણ કે શમ્બરરિપુ એ કામનું નામ છે, શંકરનું નામ નથી શમ્બરારિર્મનસિજ. કુસુમેષુરનન્યજ: ઇત્યમર: ॥ આ ભાષાન્તરની ભૂલનું પરિણામ હોય એમ જણાય છે

મહાવાક્યના જ્ઞાનવડે જેમની મતિ પાવન થયેલી છે, તેમના હૃદયમાં એક આત્મસ્વરૂપનો પ્રકાશક હું છું, સંપૂર્ણ શાસ્ત્રને નિયમન કરનારૂં તત્ત્વ હું છું તથા મત્ય શાસ્ત્રોના ગાઢ અંધકાર સમાન અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરનાર સૂર્ય પણ હું જ છું ૧૧૩

ओंनौषधीनामोषधीनामोतप्रोतायमानविभवोहम् ।

ओंकारसारसोल्लसदारमधुपामोदमत्तभृंगोहम् ॥ ११४ ॥

સર્વ ઔષધિઓનું સામર્થ્ય હું છું, મારાવડે સંપૂર્ણ જગત્ ઓતપ્રોત (વ્યાપ્ત) છે તથા ઓંકારરૂપ કમળમાંથી પ્રસરતા સુખ સ્વરૂપ આત્માના જ્ઞાનરૂપ સુગંધવડે મત્ત થયેલો ભ્રમર હું છું અર્થાત્ પ્રણવની ઉપાસનાવડે પ્રાપ્ત થયેલા આત્મજ્ઞાનથી મને અહંકારનું વિસ્મરણ થઈ ગયુ છે ૧૧૪

ओंपापदमनुमानामौपाधिप्रपंचजालरहितोहम् ।

ओंदार्यातिशयोहं नित्यविविधचतुर्वर्गसाधनपरोहम् ॥ ११५ ॥

હું પાપ માત્રને નિર્મૂળ કરનારો છું, હું અવિદ્યારૂપ ઉપાધિથી ઉપજેલા સઘળા પ્રપંચરૂપ ધર્મોરહિત છું, હું અત્યંત ઉદાર છું તથા મન કલ્પિત વિવિધ પ્રકારના ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સાધવામાં તત્પર છું ૧૧૫

ओंकुशलदर्माध्यानां महसा धमार्गीन्द्राणाम् ।

* अश्वर्गदिव त्रिधर्मोऽहं शम्बरारिपुत्रानविहृतिविहितोहम् ॥११६॥

* [illegible]

गलितद्वैतकथोऽहं देही भवदखिलमूलहृदयोऽहम् ।
गन्तव्योहमनीहैर्गत्यागतिरहितपूर्णबोधोऽहम् ॥ १२० ॥

મારેવિષે દ્વૈતની વાર્તા માત્ર પણ નથી હું શરીરનો અધિષ્ઠાન છું તથા આ ઉત્પન્ન થતા સઘળા પ્રપંચનું મૂળભૂત જે માયાશક્તિ તેને વિષે હું વ્યાપ્ત છું. ૧૨૦

घनतरमोहतिमिरप्रकरप्रध्वंसभानुनिकरोऽहम् ।
घटिकायामररजनीसंवत्सरयुगकल्पकालभेदोऽहम् ॥ १२१ ॥

મારાં કિરણોનો સમૂહ, અત્યંત ગહન મોહરૂપ અંધકારનો નાશ કરે છે તથા ઘડી, દિવસ, રાત્રી, સંવત્સર, યુગ તથા કલ્પ એ સર્વકાળના ભેદરૂપે પણ હું જ છું ૧૨૧

चरदचरात्मकोऽहं चतुरमतिश्लाघ्यचरितोऽहम् ।
चपलजनदुर्गमोऽहं चलभवजलधिपारदेशोऽहम् ॥ १२२ ॥

સ્થાવર જંગમ પ્રાણીઓ પણ મારૂંજ સ્વરૂપ છે. ચતુર મતિવાળા પુરૂષો મારા ચરિત્રની પ્રશંસા કરે છે, વિષયોમાં ચંચળ વૃત્તિવાળા પુરૂષો મને પામી શકતા નથી. તથા અસ્થિર સંસાર સમુદ્રની પેલેપાર જે બ્રહ્મરૂપ દેશ છે, તે હું છું. ૧૨૨

छन्दःशिरःसुनिगूढज्ञानसुधास्वादमोदमानोऽहम् ।
छलपदरहितजनानां छन्नोऽहं शान्तिमार्गगम्योऽहम् ॥ १२३ ॥

વેદરૂપ મારા મસ્તકના ગુપ્ત રહેલા જ્ઞાનસુધાના આનંદવડે હું પ્રસન્ન છું, છળયુક્ત વર્તીના જેમની મતિનો પ્રવેશ છે એવા પુરૂષથી હું પડદામાં રહું છું અર્થાત્ તેમને મારું જ્ઞાન થતું નથી તથા કુનાદિ વહિત જે શાન્તિમાર્ગ સંપ્રદાય છે, તેવડે મારી પ્રાપ્તિ થાય છે ૧૨૩



રહેલા તત્પદ તથા ત્વંપદના અર્થનું જ્ઞાન છે, તે જ્ઞાનવડે મારૂં અંતઃકરણ સજ્ઞાન થયું છે ૧૨૭

દૈવતદૈત્યનિશાચરમાનવતિર્યઙ્મહીધરાદિરહમ્ ।
દેહેન્દ્રિયરહિતોહં દક્ષિણપૂર્વાદિદિગ્વિભાગોહમ્ ॥ ૧૨૮ ॥

દેવતા, દૈત્ય, રાક્ષસ, પશુ પક્ષી, તથા પર્વત એ સર્વનો આદિ હું છું; હું દેહ ઇન્દ્રિયાદિથી વિલક્ષણ છું તથા દક્ષિણ પૂર્વ આદિ જૂદી જૂદી દિશાઓરૂપ પણ હું છું. ૧૨૮

ધર્માધર્મમયોહં ધર્માધર્માદિબન્ધરહિતોહમ્ ।
ધાર્મિકજનસુલભોઽહં ધન્યોહં ધાતુરાદિભૂતોહમ્ ॥ ૧૨૯ ॥

ધર્મ તથા અધર્મ બંને રૂપે હું છું; ધર્મ અધર્મ આદિ મને બંધનકર્તા નથી, ધર્માત્મા જનોને અનાયાસે મારી પ્રાપ્તિ થાય છે, હું ધન્ય છું તથા બ્રહ્માનું પણ કારણ હું છું. ૧૨૯

વામાદિવિરહિતોહં નરકસ્વર્ગાપવર્ગરહિતોહમ્ ।
નાદાન્તરવિદિતોહં નાનાવિશ્વનિખિલાગમસારોહમ્ ॥ ૧૩૦ ॥

હું નામરૂપાદિથી રહિત છું, કામ્ય, નિષિદ્ધ, નિત્ય આદિ સર્વ કર્મરહિત હોવાથી મારે સ્વર્ગ, નરક કે મોક્ષ એમાંનું કંઇ પણ નથી. યોગી પુરૂષો મને હૃદયમાં ઉઠતા અનાહત ધ્વનિના સાક્ષીરૂપે જાણે છે તથા વિવિધ પ્રકારના વિશ્વમાં તથા સર્વ વેદમાં સારભૂત હું છું. ૧૩૦

પરજીવભેદબાધકપરમાર્થજ્ઞાનશુદ્ધચિત્તોહમ્ ।
પ્રકૃતિરહં વિકૃતિરહં પરિણતિરહમસ્મિ ભાગધેયાનામ્ ॥૧૩૧॥

જીવ ઇશ્વરના ભેદને નિવારનાર જીવબ્રહ્મની એકતારૂપ [illegible] શુદ્ધ અંતઃકરણવાળો છું, ત્રણ ગુણની સમાન [illegible]

રહેલા તત્પદ તથા ત્વંપદના અર્થનું જ્ઞાન છે, તે જ્ઞાનવડે મારૂં અંતઃકરણ સજ્ઞાન થયું છે ૧૨૭

देवतदैत्यनिशाचरमानवतिर्यङ्महीधरादिरहम् ।
देहेन्द्रियरहितोऽहं दक्षिणपूर्वादिदिग्विभागोऽहम् ॥ १२८ ॥

દેવતા, દૈત્ય, રાક્ષસ, પશુ પક્ષી, તથા પર્વત એ સર્વનો આદિ હું છું, હું દેહ ઇન્દ્રિયાદિથી વિલક્ષણ છું તથા દક્ષિણ પૂર્વ આદિ જૂદી જૂદી દિશાઓરૂપ પણ હું છું. ૧૨૮

धर्माधर्ममयोऽहं धर्माधर्मादिबन्धरहितोऽहम् ।
धार्मिकजनसुलभोऽहं धन्योऽहं धातुरादिभूतोऽहम् ॥ १२९ ॥

ધર્મ તથા અધર્મ બંને રૂપે હું છું; ધર્મ અધર્મ આદિ મને બંધનકર્તા નથી, ધર્માત્મા જનોને અનાયાસે મારી પ્રાપ્તિ થાય છે, હું ધન્ય છું તથા બ્રહ્માનું પણ કારણ હું છું. ૧૨૯

नामादिविरहितोऽहं नरकस्वर्गापवर्गरहितोऽहम् ।
नादान्तरविदितोऽहं नानाविश्वनिखिलागमसारोऽहम् ॥ १३० ॥

હું નામરૂપાદિથી રહિત છું, કામ્ય, નિષિદ્ધ, નિત્ય આદિ સર્વ કર્મરહિત હોવાથી મારે સ્વર્ગ, નરક કે મોક્ષ એમાંનું કંઇ પણ નથી. યોગી પુરૂષો મને હૃદયમાં ઉઠતા અનાહત ધ્વનિના સાક્ષીરૂપે જાણે છે તથા વિવિધ પ્રકારના વિશ્વમાં તથા સર્વ વેદમાં સારભૂત હું છું. ૧૩૦

परजीवभेदबाधकपरमार्थज्ञानशुद्धचित्तोऽहम् ।
प्रकृतिरहं विकृतिरहं परिणतिरहमस्मि भागधेयानाम् ॥ १३१ ॥

જીવ ઇશ્વરના ભેદને નિવારનાર જીવબ્રહ્મની એકતારૂપ
[illegible] શુદ્ધ અંતઃકરણવાળો છું, ત્રણ ગુણની સમાન [illegible]

ધાની નિવૃત્તિ તથા પરમ આનંદની પ્રાપ્તિરૂપ મુક્તિ હું છું, મુક્તિજ્ઞાનનો પ્રકાર હું છું, સર્વ પ્રાણીઓને શિક્ષા આપનાર હું છું તથા ઉત્પન્ન થતાં, ઉત્પન્ન થયેલાં અને ઉત્પન્ન થનારાં સંપૂર્ણ જગતનું કારણ હું છું. ૧૩૪

मान्योऽहमस्मि महतां मन्दमतीनाममाननीयोऽहम् ।
मदरागमानमोहितमानसदुर्वासनादुरापोऽहम् ॥ १३५ ॥

હું મોટા પુરૂષોએ માનવાયોગ્ય છું, મંદ બુદ્ધિવાળા અજ્ઞાની જનોએ હું માનવા યોગ્ય નથી અર્થાત્ તેઓ મને માનતા નથી તથા મદ, રાગ, માન આદિ દોષોવડે મોહ પામેલા મનની દુષ્ટવાસનાવડે મારી પ્રાપ્તિ થઈ શકતી નથી. ૧૩૫

यजनयजमानयाजकयागमयोऽहं यमादिरहितोऽहम् ।
इन्द्रयमवरुणयक्षराक्षसमरुदीशवह्निरूपोऽहम् ॥ १३६ ॥

યજન એટલે મંત્ર ભણી હુતદ્રવ્ય હોમવાથી ક્રિયા, યજમાન (યજ્ઞ કરનાર), યાજક (ઋત્વિજો) તથા યજ્ઞરૂપ હું છું. તેમજ ઇન્દ્ર, યમ, વરુણ, યક્ષ, રાક્ષસ, વાયુ, રૂદ્ર અને અગ્નિ એ સર્વરૂપ પણ હું છું. ૧૩૬

रसाविधानाशिक्षावीक्षितलीलावलोकमहिमाहम् ।
रजनीदिवसविरामस्फुरदनुभूतिप्रमाणसिद्धोऽहम् ॥ १३७ ॥

જગતના રક્ષણરૂપ કાર્યોનો ઉપદેશ આપવામાં મારી લીલાનો મહિમા પ્રકાશિત છે તથા રાત્રી દિવસના વિરામને સમયે સ્ફુરણ પામતા અનુભવરૂપ પ્રમાણવડે હું સિદ્ધ છું. ૧૩૭

शिपिविष्टे ।—ભગવદ્‌ભજના અનુષ્ઠાનદ્વારા સર્વેશ્વરને વિષે અખંડવૃત્તિનો પ્રવાહ થવો તેને ભક્તિ કહે છે. એમ 'ભક્તિરસાયન' ગ્રંથમાં કહ્યું છે.

लक्षणलक्ष्यमयोऽहं लाक्षणिकोऽहं लयादिरहितोऽहम् ।
लाभालाभमयोऽहं लब्धव्यानामलभ्यमानोऽहम् ॥ १३८ ॥

હું લક્ષણ તથા લક્ષ્ય ઉભયરૂપ છું. લક્ષણા વૃત્તિવડે મારું સ્વરૂપ જાણી શકાય છે. હું લય* વિક્ષેપ× કષાય ઇ આદિ દોષ રહિત છું, હું લાભ તથા અલાભ ઉભયરૂપ છું તથા મેળવવા યોગ્ય વસ્તુઓમાં ન મળી શકે તેવી વસ્તુ પણ હું છું. ૧૩૮

वर्णाश्रमरहितोऽहं वर्णमयोऽहं वरेण्यगण्योऽहम् ।
वाचामगोचरोऽहं वचनामर्थे पदे निविष्टोऽहम् ॥ १३९ ॥

હું વર્ણ તથા આશ્રમ રહિત છું હું અકારાદિ વર્ણસ્વરૂપ છું. હું શ્રેષ્ઠ પુરુષોએ માનવા યોગ્ય છું. હું પરા, પશ્યન્તી, મધ્યમા તથા વૈખરી એ ચારે વાણીનો વિષય નથી તથા વાક્યોના પદોમાં તથા અર્થોમાં હું જ રહેલો છું ૧૩૯

शमदमविरहितमनसां शास्त्रशतैरप्यगम्यमानोऽहम् ।
शरणमहमेव विदुषां शकलीकृतत्रिविधसंशयगणोऽहम् ॥ १४० ॥

શમદમાદિ સાધન વગરના પુરુષને અનેક શાસ્ત્રોના અવલોકનવડે પણ મારી પ્રાપ્તિ થતી નથી, જ્ઞાનવાન પુરુષોનું શરણ હું છું તથા ત્રિવિધ સંશયોના સમૂહને કાપનાર પણ હું છું. ૧૪૦

षड्भावविरहितोऽहं षड्गुणरहितोऽहमहितरहितोऽहम् ।
षट्कोशविरहितोऽहं षट्त्रिंशत्तत्त्वजालरहितोऽहम् ॥ १४१ ॥

* સુષુપ્તિમાં વૃત્તિનો લય. × લયને છોડીને વૃત્તિનું વિષયમાં જવું. ઇ તીવ્ર રાગદ્વેષાદિ વાસના.

હું જન્માદિ છ* ભાવવિકાર રહિત છું, મધુર × આદિ છ ગુણ (રસ) રહિત છું, માતાથી થતા ત્રણ કોષ તથા પિતાથી થતા ત્રણ કોષ એ છ † કોષરહિત હું છું તથા § છત્રીશ તત્વોના સમૂહરહિત છું. ૧૪૧

संवित्सुखात्मकोहं समाधिसंकल्पकल्पवृक्षोहम् ।
संसारविरहितोहं साक्षात्कारोहमात्मविद्यायाः ॥ १४२ ॥

હું જ્ઞાનસ્વરૂપ તથા સુખસ્વરૂપ છું, હું સમાધિનો તથા સંકલ્પનો કલ્પ વૃક્ષ છું, અર્થાત્ સંકલ્પની તથા સમાધિની સિદ્ધિ કરનાર હું છું, હું સંસાર રહિત છું તથા બ્રહ્મવિદ્યાના સાક્ષાત્ અનુભવરૂપ હું છું. ૧૪૨

हव्यमहं कव्यमहं हेयोपादेयभावशून्योहम् ।
हरिरहमस्मि हरोऽहं विधिरहमेवास्मि कारणं तेषाम् ॥ १४३ ॥

---

* जायते (જન્મવું), अस्ति (જન્મ્યા પછી હયાતીમાં આવવું), वर्द्धते (વધવું), विपरिणमते (ફેરફાર થવો), अपक्षीयते (ક્ષય પામવું) विनश्यति (નાશ પામવું) એ છને ભાવવિકાર કહે છે. × મીઠો, ખારો, તૂરો, તીખો, કડવો એ છ રસ કહેવાય છે.

† સ્નાયુ, અસ્થિ તથા મજ્જા એ ત્રણે કોષ પિતાથી ઉત્પન્ન થાય છે. તથા ત્વચા, માંસ અને રૂધિર એ ત્રણે કોષ માતાથી ઉત્પન્ન થાય છે. એવી રીતે છ કોષવડે બનેલું શરીર ષટ્ કૌશિક કહેવાય છે.
§ છત્રીશ તત્વો શૈવાગમમાં કહ્યા છે તે આ પ્રમાણે —૫ ભૂતો, ૫ પ્રાણ, ૪ અંતઃકરણ, ૧૦ ઇંદ્રિયો ૧ મહત્તત્વ, ૧ કાળ, ૧ પ્રકૃતિ, ૧ માયા, ૧ અવિદ્યા, ૧ પુરૂષ, ૧ બિંદુ, ૧ નાદ, ૧ શક્તિ, ૧ શિવ, ૧ શાંત ૧ અતીત.

દેવોને આપવા યોગ્ય હવ્ય નામનું દ્રવ્ય હું છું. પિતૃઓને આપવા યોગ્ય કવ્ય નામનું અન્ન હું છું, ' આ વસ્તુ તજવા યોગ્ય છે તથા આ ગ્રહવા યોગ્ય વસ્તુ છે ' એવે. ભાર મારામાં નથી, હું હરિ છું, હું હર છું. હું બ્રહ્મા તથા એ બધાં દેવોનું કારણ પણ હું છું ૧૪૩

शालितसकलपदयोहं, क्षपितभवक्लेशजालहृदयोहम ।
शान्ताघसरसहितो विविधव्यवहारमूलमेवाहम ॥१४४॥

પાપ નાંખેલાં સર્વ પાપ રહિત મારૂં સ્વરૂપ છે મારૂં હૃદય સંપૂર્ણ સંસારના કલેશો રહિત છે. હું શાંતિ સુધાના અક્ષરો સહિત હું છું તથા લૌકિક તેમજ શાસ્ત્રીય સર્વ વ્યવહારનું મૂળ કારણ પણ હું છું. ૧૪૪

बहुभिः क्रियेभिरत्तैरहमेवेदं चराचरं विश्वम् ।
सीकरफेनतरङ्गाः सिंधोरपराणि न खलु वस्तूनि ॥ १४५ ॥

' વિવિધ વસ્તુરૂપે હું છું ' એમ વારંવાર કહેવામાં શું પ્રયોજન છે ? કંઈજ નથી. સંપૂર્ણ સ્થાવરજંગમાત્મક વિશ્વ હું છું જેમ છાંટા, ફીણ તથા મોજાઓ, સમુદ્રથી ભિન્ન વસ્તુઓ નથી તેમ સંપૂર્ણ વિશ્વમાં મારા વિના કોઈ પણ વસ્તુ નથી ૧૪૫

शरणं नहि मम जननी न पिता न सुता न सोदरा नान्ये ।
परमं शरणमिदमेव चरणं मम मूर्ध्नि दत्तमम्बुजम् ॥ १४६ ॥

મારૂં શરણ (રક્ષણ) મારી મા નથી, મારા પિતા નથી, મારા પુત્રો નથી, મારા ભાઈઓ નથી તથા કોઈ અન્ય પણ મારૂં રક્ષણ નથી. અર્થાત્ રક્ષણ કરવા સમર્થ નથી. કેવળ ...

ગુરુએ મારા મસ્તક ઉપર સ્થાપેલાં બે ચરણારવિંદ જ મારું શરણ છે. ૧૪૬

आस्ते देशिकचरणं निरवधिरास्ते तदीक्षणे करुणा ।
आस्ते किमपि यदुक्तं किमतःपरमस्ति जन्मसाफल्यम् ॥१४७॥

શ્રી સદ્દગુરુનાં ચરણકમળ મારા ઉપર વિરાજે છે, શ્રી સદ્ગુરુની દૃષ્ટિમાં અપાર દયા રહી છે અર્થાત્ તેમની અત્યંત કૃપાદૃષ્ટિ મારા ઉપર છે તથા શ્રી સદ્ગુરુનું આપેલું અલૌકિક જ્ઞાન મારા હૃદયમાં રહ્યું છે માટે આ ઉપરાંત શી બીજી મારા જન્મની સફળતા છે? ઉપર કહ્યું તે જ જન્મનું ઉત્તમ ફળ છે. ૧૪૭

हिमकरकरभरसान्द्राः शोभितवरदानकल्पविशेषाः ।
श्रीगुरुचरणकटाक्षाः शिशिरा शमयंति चित्तसन्तापम् ॥१४८॥

ચંદ્રમાનાં કિરણોના સાર (અમૃત) સરખાં ઘાટાં, ઇચ્છેલાં, વરદાન આપવામાં અત્યંત સમર્થ તથા શીતળ શ્રી સદ્ગુરુનાં કટાક્ષ, ચિત્તના સંતાપને શમાવે છે ૧૪૮

कवलितचपलचेतो गुरुतरमण्डूकजातपरितोषम् ।
शेते हृदयगुहायां चिरतरमेकैव चिन्मयी भुजगी ॥ १४९ ॥

ચંચળ ચિત્તરૂપ મોટા દેડકાને ગળી જવાથી જેને અત્યંત સંતોષ થયો છે એવી એક ચૈતન્યરૂપી સર્પિણી હૃદયરૂપ [illegible] ઘણા વખતસુધી સુતી છે અર્થાત્ જ્યારે ચિત્તવૃત્તિનો [illegible] થાય છે ત્યારે અંતઃકરણમાં કેવળ ચૈતન્યરૂપ આત્માજ રહે છે. ૧૪૯

ગુરુએ મારા મસ્તક ઉપર સ્થાપેલાં બે ચરણારવિંદ જ મારું શરણ છે. ૧૪૬

आस्ते देशिकचरणं निरवधिरास्ते तदीक्षणे करुणा ।
आस्ते किमपि यदुक्तं किमतःपरमस्ति जन्मसाफल्यम् ॥१४७॥

શ્રી સદ્‌ગુરૂનાં ચરણકમળ મારા ઉપર વિરાજે છે, શ્રી સદ્‌ગુરૂની દૃષ્ટિમાં અપાર દયા રહી છે અર્થાત્ તેમની અત્યંત કૃપાદૃષ્ટિ મારા ઉપર છે તથા શ્રી સદ્‌ગુરૂનું આપેલું અલૌકિક જ્ઞાન મારા હૃદયમાં રહ્યું છે માટે આ ઉપરાંત શી બીજી મારા જન્મની સફળતા છે? ઉપર કહ્યું તે જ જન્મનું ઉત્તમ ફળ છે. ૧૪૭

हिमकरकरसरसान्द्राः कांक्षितवरदानकल्पविशेषाः ।
श्रीगुरुचरणकटाक्षाः शिशिराः शमयंति चित्तसन्तापम् ॥१४८॥

ચન્દ્રમાનાં કિરણોના સાર (અમૃત) સરખાં ઘાટાં, ઇચ્છેલાં, વરદાન આપવામાં અત્યંત સમર્થ તથા શીતળ શ્રી સદ્‌ગુરૂનાં કટાક્ષ, ચિત્તના સંતાપને શમાવે છે ૧૪૮

कवलितचञ्चल्चेतो गुरुवरमण्डूकजातपरितोषम् ।
शेते हृदयगुहायां चिरतरमेकैव चिन्मयी भुजगी ॥ १४९ ॥

ચંચળ ચિત્તરૂપ મોટા દેડકાને ગળી જવાથી જેને અત્યંત સંતોષ થયો છે એવી એક ચૈતન્યરૂપી સર્પિણી હૃદયરૂપ ગુફામાં લાંબા વખતસૂધી સુતી છે અર્થાત્ જ્યારે ચિત્તવૃત્તિનો લય થાય છે ત્યારે અંતઃકરણમાં કેવળ ચૈતન્યરૂપ આત્માજ પ્રકાશે છે. ૧૪૯

मयि सुखबोधोपाधौ महति ब्रह्माण्डबुद्बुदसहस्रम् ।
मायाविक्षेपशालिनि भूत्वा भूत्वा पुनस्तिरोधत्ते ॥१५०॥

હું, કે જે ગાઢા ઉપાધિવડે સુશોભિત તથા જ્ઞાનનો તથા સુખનો મહાસમુદ્ર છું તેને વિષે અનેક બ્રહ્માંડરૂપ પરપોટાઓ વારંવાર ઉપજી ઉપજીને પાછા શમી જાય છે ૧૫૦

गुरुकृपयैव सुनावा प्राक्तनपुण्यप्रवृद्धमारुतया ।
दुःसहदुःखतरङ्गस्तुङ्गः संसारसागरस्तीर्णः ॥१५१॥

શ્રી સદ્ગુરુની કૃપારૂપ નાવ કે જેને સહાયભૂત પૂર્વ-પુણ્યરૂપ વૃદ્ધિ પામેલો અનુકૂળ વાયુ છે તેવડે અસહ્ય દુઃખેરૂપી મોજાંવાળા સંસારરૂપ મહાસાગરને હું તરી ગયો છું. ૧૫૧

सतिमिरसि मोहरूपे विश्वमपश्यं तदेतदित्यखिलम् ।
उदिततरणौ बोधभानौ किमपि न पश्यामि किं त्विदं चित्रम् १५२

જ્યારે અજ્ઞાનરૂપ અંધકાર હતું ત્યારે સંપૂર્ણ વિશ્વને હું જોતો હતો અને જ્યારથી અજ્ઞાનરૂપ સૂર્ય ઉદય થયો ત્યારથી તો આગળ જે દેખાતું હતું તે માંહેલું હું કંઈ પણ દેખતો નથી, એ મહોટું આશ્ચર્ય છે. ૧૫૨

नाहं नमामि देवान् देवानतीत्य न सेवते देवम् ।
न तदनु करोति विधानं तस्मै यतते नमोनमो मह्यम् ॥१५३॥

હું દેવોને નમસ્કાર કરતો નથી, કારણ કે જે સર્વ દેવોને ઉલ્લંઘન કરીને રહેલો છે,-જે સર્વ દેવોથી શ્રેષ્ઠ છે તે દેવોને સેવતો નથી તથા વિધિવાક્યે પ્રતિપાદન કરેલાં કર્મો પણ કરતો નથી, માટે સર્વનો આત્મા તથા મહાત્મ્યરૂપ ચિંતનમાં યત્નવાન્ હું, મારા સ્વરૂપનેજ વારંવાર નમન કરું છું. ૧૫૩

અધિકારીને વિદેહમુક્તિની પ્રાપ્તિ.

इत्यात्मबोधलाभं मुहुर्मुहुरनुचिन्त्य मोदमानेन ।
प्रारब्धकर्मणोन्ते परं पदं प्राप्यते स्वकैवल्यम् ॥ १५४ ॥

પૂર્વે વર્ણવેલા આત્મજ્ઞાનના લાભનો વારંવાર વિચાર કરીને પરમ આનંદને પામેલો જીવન્મુક્ત અધિકારી, પ્રારબ્ધ કર્મને અંતે (શરીર પડયા પછી) નિરૂપમ વિદેહમુક્તિ પામેછે. ૧૫૪

मोहान्धकारहरणं संसाराब्धिलमागरोत्तरणम् ।
स्वात्मनिरूपणमेतत्प्रकरणमकुलदाक्षिणामूर्त्तिः ॥ १५५ ॥

અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરનાર તથા સંસારરૂપ તોફાની મહાસાગરમાંથી તારનાર આ સ્વાત્મનિરૂપણ નામનું પ્રકરણ શ્રી પરમ શિવે રચ્યું છે. અંધકારને શિવસ્વરૂપ કહ્યા છે. એ ઉપરથી આ સ્થળે ઉપાસ્ય દેવનો તથા ઉપાસકનો અભેદ સૂચવ્યો છે. ૧૫૫

अज्ञानान्ध्यविदन्ता विरचितविज्ञानपङ्कजोल्लासः ।
मानसगगनतलं मे भासयति श्रीनिवासगुरुभानुः ॥ १५६ ॥

અજ્ઞાનરૂપ અંધાપાનો નાશ કરવામાં સમર્થ, જ્ઞાનરૂપી કમળને પ્રફુલ્લિત કરનાર શ્રી વિષ્ણુસ્વરૂપ શ્રી સદ્ગુરૂ રૂપી સૂર્ય, મારા હૃદયાકાશને પ્રકાશિત કરે છે. ગુરૂને વિષે ઇશ્વરભાવના કરવી, એ આત્મસાક્ષાત્કારનું કારણ છે, એમ આ શ્લોક સૂચવે છે ૧૫૬

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यश्रीमच्छं-
कराचार्यविरचितं स्वात्मनिरूपणं समाप्तम् ।



॥ ॐ ॥

तत् सत परमात्मने नमः

अथ श्रीमच्छंकराचार्यकृत.

आत्मबोधः

પ્રકરણ ૧ લું—સત્ સ્વરૂપ નિરૂપણ.

तपोभिः क्षीणपापानां शांतानां वीतरागिणाम् ।
मुमुक्षूणामपेक्ष्योऽयमात्मबोधो विधीयते ॥ १ ॥

નિત્ય * નૈમિત્તિક × પ્રાયશ્ચિત્ત × ઉપાસના × આદિ કર્મ રૂપ તપવડે જેમનાં રાગદ્વેષાદિ અંતઃકરણના મૂળ રૂપ પાપ નાશ પામ્યાં છે, એજ કારણથી જેઓ શાંત તથા રાગરહિત છે એવા મુમુક્ષુજનોએ (મોક્ષને માટે) ઇચ્છવા લાયક આ " આત્મબોધ " નામનું પ્રકરણ કહીએ છઇએ ૧

કર્માદિ સાધનો છતાં જ્ઞાનની આવશ્યકતા.

बोधोऽन्यसाधनेभ्यो हि साक्षान्मोक्षैकसाधनम् ।
पाकस्य वह्निवज्ज्ञानं विना मोक्षो न सिद्ध्यति ॥ २ ॥

---

* જે કર્મ ન કરવાથી પ્રત્યવાય લાગે તેવા કર્મો જેવાં કે સન્ધ્યાવન્દન આદિ. × પુત્ર જન્માદિ નિમિત્તને લઇને આચરવાનાં જાતેષ્ટ્યાદિ કર્મો. × માત્ર પાપ નિવૃત્તિનાજ સાધનભૂત ચાંદ્રાયણાદિ કર્મો. × સગુણ બ્રહ્મનું ધ્યાન.

અજ્ઞાનથી સંસારની સત્યતા.

संसारःस्वप्नतुल्यो हि रागद्वेषादिसंकुलः ।
स्वकाले सत्यवद्भाति प्रबोधेऽसत्यवद्भवेत् ॥ ६ ॥

જેમ સ્વપ્ન મિથ્યા છતાં પણ નિદ્રાના સમયમાં સત્ય જેવું ભાસે છે; પરંતુ જાગૃત અવસ્થામાં તે એમની મેળેજ ખોટું થઈ જાય છે તેમ આ રાગ દ્વેષાદિ દોષોવડે ભરપૂર સંસાર મિથ્યા છે, તથાપિ અજ્ઞાન અવસ્થામાં તે સત્ય સરખો ભાસે છે. ૬

જગતનું મિથ્યાપણું.

तावत्सत्यं जगद्भाति शुक्तिकारजतं यथा ।
यावन्न ज्ञायते ब्रह्म सर्वाधिष्ठानमद्वयम् ॥ ७ ॥

જ્યાંસૂધી છીપનો લીલા રંગનો પૃષ્ઠ ભાગ તથા તેની ત્રિકોણ આકૃતિનું યથાર્થ જ્ઞાન નથી થયું ત્યાંસૂધી તે રૂપુંજ ભાસે છે, તેમ નામ રૂપાત્મક સકલ પ્રપંચના અધિષ્ઠાન ભુત અદ્વિતીય શુદ્ધ બ્રહ્મનો જ્યાંસૂધી સાક્ષાત્કાર થયો નથી ત્યાંસૂધી આ જગત્ સત્ય હોય તેવું ભાસે છે. ૭

જગતની અસત્યતાનું દૃષ્ટાંત.

सच्चिदात्मन्यनुस्यूते नित्ये विष्णौ प्रकल्पिताः ।
व्यक्तयो विविधाः सर्वा हाटके कटकादिवत् ॥ ८ ॥

જેમ સુવર્ણને વિષે કટક કુંડળ આદિ વિવિધ પ્રકારના ઘાટ કલ્પાયલા છે; કટક કુંડળ કથન માત્ર છે, વસ્તુતઃ સુવર્ણજ છે તેમ સત્ય, જ્ઞાન, આનંદ સ્વરૂપ, માળાના મણકાનાં સૂત્રની પેઠે સર્વત્ર અનુસ્યૂત. ભૂત. ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં

આપ કલ્પિત (નાશ કલ્પિત) તથા વ્યાપક બ્રહ્મને વિષે દેવ, મનુષ્ય, પશુ, કીટ, આદિ વિવિધ વ્યક્તિઓ માયાવડે કલ્પાયલી છે. તાત્પર્ય કલ્પિત સર્વ વસ્તુ પોતાના અધિષ્ઠાનથી ભિન્ન નથી કેવળ શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ જ છે ૮

यथाकाशो हृषीकेशो नानोपाधिगतो विभुः ।
तद्भेदाद्भिन्नवद्भाति तन्नाशे सति केवलः ॥ ९ ॥

જેમ આકાશ એક છે તોએ ઘટ મઠ આદિ ઉપાધિને યોગે તે ઘટાકાશ મઠાકાશ આદિ ભિન્ન ભિન્ન સ્વરૂપે ભાસે છે તથા ઘટમઠ આદિ ઉપાધિનો નાશ થવાથી કેવળ શુદ્ધ મહાકાશ જ ભાસે છે એ જ પ્રમાણે મનસહિત અગીઆર ઇંદ્રિયોનું પ્રવર્તક, વ્યાપક, શુદ્ધ બ્રહ્મ અંતઃકરણમાં પ્રતિબિંબ ભાવને પામવાથી જીવરૂપે પ્રતીત થાય છે. આત્મસાક્ષાત્કારવડે ઉપાધિનો નાશ થવે અસંગ, શૂન્ય બ્રહ્મચૈતન્ય જ ભાસે છે. ૯

તાત્પર્ય કે જેમ આકાશમાં ભેદ ન હોવા છતાં ઘટ આદિ ઉપાધિને યોગે તેમાં ભેદ જણાય છે, તેમ શુદ્ધ બ્રહ્મમાં ભેદ નથી; તથાપિ અંતઃકરણાદિ ઉપાધિના સંબંધવડે જીવ ઈશ્વર ભેદ પ્રતીત થાય છે. ખરું જોતાં આત્મા અસંગ છે.

હું બ્રાહ્મણ છું, હું બ્રહ્મચારી છું, હું સંન્યાસી છું, એવે પ્રકારે વર્ણ આશ્રમાદિ અનેક ધર્મયુક્ત આત્માની પ્રતીતિ થાય છે, માટે તેને તમે સંગરહિત કેમ કહોછો ? તેના સમાધાનમાં કહ્યું છે કે,

नानोपाधिवशादेव जातिवर्णाश्रमादयः ।
आत्मन्यारोपितास्तोये रसवर्णादिभेदवत् ॥ १० ॥

જેમ જળ સ્વભાવે શુક્લ તથા મધુર જ છે, પરંતુ તેમાં મીઠું, લીંબુનો રસ તથા રાતો, પીળો, કાળો આદિ રંગો

ભોગવવાથી તે ખારૂં, ખાટું, રાતું, પીળું, કડવું એમ વિવિધ રૂપે ભાસે છે, વસ્તુત્વે તે તો શ્વેત અને મધુર જ છે, તેમજ આત્મા પણ અસંગ જ છે. પરંતુ પૂર્વોક્ત અનેક ઉપાધિને યોગે તેને વિષે બ્રાહ્મણત્વ આદિ જાતિ, દેવદત્ત આદિ નામ તથા બ્રહ્મચર્યાદિ આશ્રમો કેવળ ભ્રાંતિજ્ઞાનવડે આરોપિત છે, વસ્તુતઃ તેનેવિષે એ માંહેલું કંઈ પણ નથી. ૧૦

સ્થૂલ ઉપાધિનિરૂપણ.

पंचीकृतमहाभूतसंभवं कर्मसंचितम् ।
शरीरं सुखदुःखानां भोगायतनमुच्यते ॥ ११ ॥

પંચીકૃત × પૃથ્વી આદિ પંચમહાભૂતોથી ઉત્પન્ન થયેલ, પ્રારબ્ધ કર્મે રચેલું તથા આત્માને સુખદુઃખ ભોગવવાનું સ્થાન આ સ્થૂલ શરીર આત્માની પ્રથમ ઉપાધિ છે ૧૧

સૂક્ષ્મ શરીર ઉપાધિનિરૂપણ

पंचप्राणमनोबुद्धिदशेन्द्रियसमन्वितम् ।
अपंचीकृतभूतोत्थं सूक्ष्मांगं भोगसाधनम् ॥ १२ ॥

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ [illegible]

× [illegible]

મન એટલે અંતઃકરણની એકતા વિકલ્પવાળી વૃત્તિ; બુદ્ધિ એટલે નિશ્ચયવાળી વૃત્તિ, શ્રોત્ર, ત્વચા, નેત્ર, જિહ્વા અને નાસિકા એ પાંચ જ્ઞાન ઇન્દ્રિયો તથા વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એ કર્મેન્દ્રિયો મળી દશ ઇન્દ્રિયો; એવી રીતે સત્તર તત્વયુક્ત અપંચીકૃત પંચમહાભૂતથી રચાયેલ સુખ દુઃખ ભોગના સાધનભૂત સૂક્ષ્મશરીર (લિંગશરીર) આત્માની બીજી ઉપાધિ છે. ૧૨

કારણશરીરરૂપ ઉપાધિનિરૂપણ.

अनाद्यविद्यानिर्वाच्या कारणोपाधिरुच्यते ।
उपाधित्रितयादन्यमात्मानमवधारयेत् ॥ १३ ॥

અનાદિ, અનિર્વચનીય એટલે સત્ય અથવા અસત્ય નહી કહી શકાતી, સમષ્ટિ-વ્યષ્ટિ સ્થૂલ-સૂક્ષ્મ શરીરના કારણરૂપ અવિદ્યા, એ આત્માની ત્રીજી ઉપાધિ છે. એ ત્રણે ઉપાધિથી જુદો, તેમનો સાક્ષી હું, અસંગ, કૂટસ્થ-સત્-ચિત્ આનંદ પ્રકાશરૂપ છું. એ પ્રકારે આત્માનો નિશ્ચય કરવો, એ જ આ સ્થાને ત્રણ ઉપાધિના નિરૂપણ કરવાનું પ્રયોજન છે, એમ જાણવું. ૧૩

શંકા—ઉપર કહેલી ત્રણ ઉપાધિથી ભિન્ન આત્મા સત્ ચિત્ આનંદરૂપ છે એવું તમારું કહેવું સંભવતું નથી. કારણ કે આત્મા અન્નમયાદિ કોશરૂપ છે, એ શ્રુતિ ઉપરથી સમજાય છે. શ્રુતિ— (સ વા એષ પુરુષોઽન્નરસમયઃ) તે આ પુરુષ અન્નરસમય છે. માટે અન્નમયાદિથી જુદો આત્મા નથી, કોશ જ આત્મા છે. આના સમાધાનમાં કહ્યું છે કે,

पंचकोशादियोगेन तत्तन्मय इव स्थितः ।
शुद्धात्मा नीलवस्त्रादियोगेन स्फटिको यथा ॥ १४ ॥

જેમ સ્ફટિકમણિ શુદ્ધ સ્વચ્છ વર્ણનો છતાં પણ કાળા વા પીળા વસ્ત્રની સમીપ મુકવાથી કાળો કે પીળો ભાસે છે; તેમ અન્નમયાદિ * કોશના યોગવડે અર્થાત્ તે તે કોશની સાથે આત્માની એકરૂપતા ભ્રાંતિવડે પ્રતીત થવાથી તે, તે તે કોશરૂપે સ્થિત થયા સરખો જણાય છે ૧૪

અજ્ઞાનદશામાં કોશરૂપે પ્રતીત થતા આત્માનો, ગુરુપ્રસાદથી સૂક્ષ્મ ભાવને પામેલી બુદ્ધિવડે વિવેક કરવાથી તે કોશરૂપે ન પ્રતીત થતાં શુદ્ધ સ્વરૂપે પ્રત્યક્ષ થાય છે. એ વાર્તાને દ્રષ્ટાંતસહિત કહે છે.

वपुस्तुपादिभिः कोशैर्युक्तं युक्त्यावघाततः ।
आत्मानमंतरं शुद्धं विविच्यात्तंदुलं यथा ॥ १५ ॥

ચોખા સ્વરૂપે ધોળા તથા શુદ્ધ છે, તોપણ ફોતરાંવડે ઢંકાયલા હોવાથી ફોતરાંરૂપેજ ભાસેછે, પરંતુ તેમને જેમ ખાંડીને ફોતરાંથી જુદા પાડેછે તેમજ પંચકોશની અંદર રહેલા શુદ્ધ આત્માનો યુક્તિરૂપ વિચારવડે તે તે કોશથી વિવેક કરવો એ વિચારનું સ્વરૂપ-સ્વપ્નઅવસ્થામાં સ્થૂલદેહનું ભાન નથી અને આત્માનું ભાન છે, સુષુપ્તિમાં સ્થૂલ તથા સૂક્ષ્મ બંને શરીરનું

* અન્નરસથીજ ઉપજવું, તેવડે જ વૃદ્ધિ પામવું તથા અન્નરૂપ પૃથ્વીમાં અંતે લય પામવું સ્થૂલ શરીર તે અન્નમય કોશ. પાંચ કર્મેન્દ્રિયો તથા પાંચ પ્રાણ મળી પ્રાણમય કોશ. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને મનોમય કોશ. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ મળી વિજ્ઞાનમય કોશ. કારણ શરીરરૂપ મલિન સત્વ પ્રધાન પ્રિય, મોદ અને પ્રમોદ વૃત્તિ સહિત અવિદ્યા તે આનંદમય કોશ, એમ પાંચ કોશ છે.

ભાન નથી અને સુખસ્વરૂપ આત્માનું ભાન છે; જો સુષુપ્તિમાં સુખનું ભાન ન હોય તો "હું સુખે સુતો" એવી જાગીને સ્મૃતિ થવી ન જોઇએ, માટે સુષુપ્તિમાં સુખનું જ્ઞાન છે એ કાળે વિષયજન્ય સુખ તો નથી, પણ કેવળ આત્મસ્વરૂપજ સુખ રૂપે પ્રતીત થાયછે; તથા નિર્વિકલ્પ સમાધિમાં અજ્ઞાનના આવરણ રહિત આત્મા ભાસેછે તથા અજ્ઞાન એટલે કારણ શરીર ભાસતું નથી. એવી રીતે ત્રણ શરીર એક અવસ્થાને છોડી બીજી અવસ્થામાં ભાસતાં નથી, અને આત્મા તો સર્વ અવસ્થામાં ભાસેછે, માટે આત્માને ત્રણ શરીરથી તથા ત્રણે અવસ્થાથી ભિન્ન સમજવો. સ્થુલ શરીર અન્નમયકોષ છે, કારણ શરીર આનંદમયકોષ છે તથા સૂક્ષ્મ શરીરમાં પ્રાણમય, મનોમય તથા વિજ્ઞાનમયકોષનો સમાવેશ થાયછે. માટે ત્રણ શરીરથી આત્માનો વિવેક કરવાથી પાંચે કોષનો વિવેક સહજ થઇ જાયછે. ૧૫

આત્મા અરૂપ હોવાથી સર્વત્ર વ્યાપક છે, માટે તેની સર્વ સ્થળે પ્રતીતિ કેમ નથી થતી? તેના ઉત્તરમાં કહ્યું છે કે,

सदा सर्वगतोऽप्यात्मा न सर्वत्रावभासते ।
बुद्धावेवावभासेत स्वच्छेषु प्रतिबिंबवत् ॥ १६ ॥

જેમ ઘડો, ભીંત, કાચ એ બધાં માટીનાં જ કાર્ય છે, તથાપિ ઘડા અથવા ભીંતમાં પ્રતિબિંબરૂપે સૂર્ય પ્રકાશતો નથી. કારણ કે તેઓ મલિન હોવાથી પ્રતિબિંબ ગ્રહણ કરવાને અયોગ્ય છે; માત્ર કાચ આદિજ સ્વચ્છ હોવાથી તેમાં તેનું પ્રતિબિંબ પડેછે. તેમજ આત્મા જોકે સદા સર્વત્ર વ્યાપક છે, તોપણ રાગાદિ મેલરહિત શુદ્ધ બુદ્ધિમાં જ પ્રકાશે છે, મલિન ઉપાધિ તેનો પ્રકાશ જણાતો નથી. ૧૬

આત્મા દેહ ઇંદ્રિયાદિ સંઘાતમાં રહ્યા છતાં પણ તેથી તે કેવળ જુદો છે, એ વાર્તાને દૃષ્ટાંત આપીને દૃઢ કરીએ

देहेंद्रियमनोबुद्धिप्रकृतिभ्यो विलक्षणम् ।
तद्वृत्तिसाक्षिणं विद्यादात्मानं राजवत्सदा ॥ १७ ॥

જેમ રાજા પોતાની સભામાં બેઠેલા પુરુષોનો સાક્ષી તથા પ્રેરક હોઇને તેનાથી જુદો છે, તેમ આત્મા પણ શરીર ઇંદ્રિય, મન, બુદ્ધિ અને પ્રકૃતિ એ બધાથી વિલક્ષણ છે; એટલે શરીર આદિ જડ દૃશ્ય તથા પરિણામી છે અને આત્મા ચેતન, દ્રષ્ટા તથા અપરિણામી છે તથા દેહની બાલ્યાદિ અવસ્થાનો અને મન આદિ વૃત્તિઓનો સાક્ષી છે, એમ નિશ્ચય કરવો. ૧૭

આત્માનું કેવળ સાક્ષીપણું તમે કહોછો તે સંભવતું નથી; કારણ કે આ દેહાદિ સંઘાતમાં રહી જોવું, સાંભળવું ઇત્યાદિ સર્વ વ્યવહાર કરતો શું પ્રતીત થાય છે ? તેના ઉત્તરમા કહ્યું છે કે,

व्यापृतेष्विन्द्रियेष्वात्मा व्यापारीवाविवेकिनाम् ।
दृश्यतेऽभ्रेषु धावत्सु धावन्निव यथा शशी ॥ १८ ॥

વાયુના વેગવડે આકાશમાં વાદળાને દોડતાં જોઇ મૂર્ખ માણસ માને છે કે ચંદ્રમા દોડે છે, તે જ પ્રકારે ગુરુશાસ્ત્રના ઉપદેશ રહિત અવિવેકી પુરુષ, નેત્ર આદિ ઇંદ્રિયોના પોતપોતાના વ્યવહારને આત્માનેવિષે માને છે અર્થાત્ જોવું, સાંભળવું આદિ સર્વ વ્યવહાર આત્મા જ કરતો હોય તેમ તેઓનું માનવું છે. ૧૮

ઇંદ્રિયાદિને તમે વ્યાપારવાન્ કહોછો ત્યારે તો તેઓ પણ ...તો સંભવે છે અને જો તેને ચૈતન્ય માનો તો તેઓને પણ

અલગ આત્મા માનવાં પડે છે કારણ કે ચૈતન્ય વસ્તુ એ જ આત્મા છે. તેના ઉત્તરમાં કહ્યું છે કે,

> आत्मचैतन्यमाश्रित्य देहेन्द्रियमनोधियः ।
> स्वक्रियार्थेषु वर्तन्ते सूर्यालोकं यथा जनाः ॥ १९ ॥

જેમ સકળ જનો સૂર્યના પ્રકાશને આશ્રયે પોતપોતાના વ્યવહારો કરે છે તેમજ ચૈતન્યસ્વરૂપ આત્માને આશ્રયે જ દેહ, ઇંદ્રિયો, મન અને બુદ્ધિ, પોતપોતાનાં કાર્ય કરે છે. પોતે સ્વતંત્રપણે કરી શકતાં નથી, માટે તેઓ આત્મા નથી. ૧૯

આત્મા ચૈતન્યરૂપ ભલે હો, પરંતુ હું જન્મું છું, હું મરું છું, હું બાળ, હું યુવાન, હું વૃદ્ધ, હું કાણો, હું બહેરો, એવા વ્યવહારો આત્માને વિષે પ્રતીત થવાથી તે જન્મ આદિ વિકારવાન્ હોવો ઘટે છે, ને અવિકારી સંભવતો નથી. આના સંબંધમાં કહ્યું છે કે,

> देहेन्द्रियगुणान्कर्माण्यमले सच्चिदात्मनि ।
> अध्यस्यन्त्यविवेकेन गगने नीलतादिवत् ॥ २० ॥

જેમ મૂઢ પુરુષ, આકાશને વિષે કાળા પીળા રંગોનો આરોપ કરેછે તેમ અવિવેકી જન, બાળ, યુવા આદિ દેહના ધર્મોને, અંધ બધિર આદિ ઇંદ્રિયના ધર્મોને તથા બોલવું, ચાલવું ઇત્યાદિ ઇંદ્રિયોનાં કર્મોને, અજ્ઞાનરૂપ મેલરહિત સત્ ચિત્ આનંદસ્વરૂપ આત્માને વિષે કેવળ પોતાની અજ્ઞાનતાવડે મિથ્યા આરોપે છે. વસ્તુતઃ આત્માવિષે દેહ ઇંદ્રિયાદિના કોઇ ધર્મ નથી. ૨૦

આત્માને વિષે દેહ ઇંદ્રિયાદિના ધર્મો કદી ન હોય; પરંતુ હું કર્તા છું, ભો[illegible] છું, સુખી છું, દુઃખી છું એમ તો આત્માનેવિષે જણાય

માટે તે કર્તા ભોક્તા હોવો જોઇએ અને વૈશેષ મતના અનુયાયી લોકો આત્માને કર્તા ભોક્તા માને છે પણ ખરા. આના સંબંધમાં કહ્યું છે કે,

अज्ञानान्मनसोपाधेः कर्तृत्वादीनि चात्मनि ।
कल्प्यंतेंऽबुगते चन्द्रे चलनादियथांभसः ॥ २१ ॥

જેમ મૂઢ પુરૂષ પાણીના હાલવારૂપ ધર્મને પાણીમાં પડેલા ચંદ્રના પડછાયાને વિષે કલ્પે છે, તેમ જ અજ્ઞાની જન પોતાનાં અજ્ઞાનને લીધે, કર્ત્તાપણું, ભોક્તાપણું, સુખ, દુઃખ, આદિ મનરૂપ ઉપાધિના ધર્મોને આત્માને વિષે આરોપે છે. ૨૧

હવે રાગ ઇચ્છા આદિ અંતઃકરણના ધર્મો કેવળ અજ્ઞાનકલ્પિત જ છે, એ વાર્તા અન્વય × વ્યતિરેક યુક્તિવડે કહે છે.

रागेच्छासुखदुःखादि बुद्धौ सत्यां प्रवर्तते ।
सुषुप्तौ नास्ति तन्नाशे तस्माद्बुद्धेस्तु नात्मनः ॥ २१ ॥

જાગ્રત્ અવસ્થા તથા સ્વપ્ન અવસ્થામાં બુદ્ધિ છે તો રાગ, (વિષયોમાં અત્યંત પ્રીતિ) ઇચ્છા (તેઓમાં સામાન્ય પ્રીતિ), સુખ, દુઃખ આદિ ધર્મો વર્ત્તે છે અને સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિનો અજ્ઞાનમાં લય થઈ ગયો હોય છે તથી રાગાદિ ધર્મો પ્રતીત થતા નથી, માટે રાગ આદિ ધર્મો બુદ્ધિના છે આત્માના નથી. જો આત્માના હોય તો ત્રણે અવસ્થામા માલુમ પડવા જોઇએ. કારણ કે ત્રણ અવસ્થામાં આત્મા છે જ. ૨૨

× જેના હોવાથી જેનું હોવું તે અન્વય, જેના ન હોવાથી જેનું ન હોવું તે વ્યતિરેક. આ ઠેકાણે બુદ્ધિના હોવાથી રાગાદિનું હોવું એ અને બુદ્ધિના ન હોવાથી તાદિનું ન હોવું તે વ્યતિરેક.

ત્યારે જો કદિ આત્માનો સ્વભાવ નથી ત્યારે તેનું સત્ય અર્થાત્ સ્વરૂપ કેવું છે ? આના ઉત્તરમાં કહ્યું છે કે

प्रकाशोऽर्कस्य तोयस्य शैत्यमग्नेर्यथोष्णता ।
स्वभावः सच्चिदानन्दनित्यनिर्मलतात्मनः ॥ २३ ॥

જેમ પ્રકાશ એ સૂર્યનો સ્વભાવ છે, શીતળપણું એ જળનો સ્વભાવ છે તથા ઉષ્ણતા એ અગ્નિનો સ્વભાવ છે તેમ સત્, ચિત્, આનંદ, નિત્ય, શુદ્ધપણું એ આત્માનો સ્વભાવ છે ૨૩

હું જાણું છું, હું સુખી છું, એ પ્રકારે અનુભવ થાય છે માટે આત્મજ્ઞાનનો તથા સુખનો આશ્રય હોય એમ જણાય છે ત્યારે તમે તેને નિર્વિકાર કેમ કહો છો ? તેના ઉત્તરમાં કહ્યું છે કે,

आत्मनः सच्चिदंशश्च बुद्धेर्वृत्तिरिति द्वयम् ।
संयोज्य चाविवेकेन जानामीति प्रवर्तते ॥ २४ ॥

જેમ અગ્નિમાં તપાવેલો લોઢાનો ગોળો અને અગ્નિ બને એકરૂપ થઈને રહેલ હોય છે તેમજ આત્માનો સત્ અંશ ચિત્ અંશ તથા બુદ્ધિની વૃત્તિ એ સર્વ પરસ્પર એકરૂપ થઈને રહેલ હોય છે. તેથી તેમનાં યથાર્થ વિવેક ન થવાથી હું જાણું છું, હું સુખી છું, એ પ્રકારની અહંકારવાળી વૃત્તિ ઉદય પામે છે.

आत्मनो विक्रिया नास्ति बुद्धेर्बोधो न जात्विति ।
जीवः सर्वमलं ज्ञात्वा कर्ता द्रष्टेति मुह्यति ॥ २५ ॥

આત્માને વિષે કોઈ પણ પ્રકારનો વિકાર નથી કારણ કે શ્રુતિ સ્મૃતિઓ તેને નિર્ગુણ નિષ્ક્રિય, શાંત, નિર્વિકાર તથા નિર્લેપ કહે છે તથા બુદ્ધિને વિષે જ્ઞાન કોઈ કાળે પણ નથી. કારણ કે તે માયાનું કાર્ય હોવાથી જડ છે, તો પણ અંતઃકરણ ઉપાધિવાળા જીવો અજ્ઞાનવડે ઉપાધિના ધર્મો પોતામાં અંગીકારવડે હું કર્તા છું, દ્રષ્ટા છું, એમ મોહ પામે છે.

ભાગત્યાગ લક્ષણાવડે તજી, બંને પદનો એક લક્ષ્ય અર્થ શુદ્ધ બ્રહ્મ હું છું એ પ્રકારનો અપરોક્ષ નિશ્ચય કરવો, એનું નામ જ તત્વજ્ઞાન અને તે જ, મુક્તિનું સાધન છે. ૨૯

સ્થૂલ આદિ ઉપાધિ ત્યાગ કદી ન કરીએ, તોપણ હાનિ નથી. કારણ કે ચૈતન્ય તો અસંગ છેજ, આના ઉત્તરમાં કહ્યું છે કે,

आविद्यकं शरीरादि दृश्यं बुद्बुदवत्क्षरम् ।
एतद्विलक्षणं विद्यादहं ब्रह्मेति निर्मलम् ॥ ३० ॥

દેહ ઇંદ્રિય આદિ દૃશ્ય પદાર્થો અવિદ્યાનાં કાર્ય છે તથા પાણીના પરપોટાની પેઠે નાશવાન્ છે તથા તેથી ભિન્ન સત્ ચિત આનંદસ્વરૂપ અવિદ્યારૂપ મળ રહિત જે બ્રહ્મ છે તેજ હું છું એમ નિશ્ચય કરવો. આવી અપરોક્ષ દૃઢ નિશ્ચયથી જ જીવ કૃતકૃત્ય થાય છે. ૩૦

જીવ બ્રહ્મની એકતારૂપ જ્ઞાન દૃઢ થવા માટે તત્ત્વ જ્ઞાનના મનનો પ્રકાર કહે છે.

બંનેનો પરસ્પર વિરોધ છે, માટે તે બંને વિરૂદ્ધ અંશનો ત્યાગ કરી અવિરૂદ્ધ દેવદત્ત પિંડમાં બંને પદની લક્ષણા કરવી. એ લક્ષણા ભાગત્યાગ કહેવાય છે. તેમજ 'तत्त्वमसि' એ મહા વાક્યમાં 'तत्' પદનો વાચ્ય અર્થ સર્વ શક્તિ, સર્વજ્ઞતા, આદિ ધર્મસહિત ઇશ્વર છે તથા 'त्वं' પદનો અલ્પશક્તિ અલ્પજ્ઞતા આદિ ધર્મસહિત જીવ એવો વાચ્ય અર્થ છે. એ બંને અર્થની એકરૂપતા ન સંભવવાથી બંને પદોના વાચ્યઅર્થમાં વિશેષણરૂપે રહેલા સર્વ શક્તિ, અલ્પ શક્તિ, સર્વજ્ઞતા, અલ્પજ્ઞતા આદિ વિરૂદ્ધ અંશોના ત્યાગ કરી કેવળ ચૈતન્ય અંશમાંજ તત્પદ અને ત્વંપદની લક્ષણા કરે છે. એ રીતે ભાગત્યાગ લક્ષણા મહા વાક્યમાં માનવાથી ઇશ્વરના તથા જીવના સ્વરૂપમાં વિરૂદ્ધાંશ ત્યાગ કરી શેષ રહેલો અવિરૂદ્ધ લક્ષ્યાર્થ જે ચૈતન્ય અંશ છે, તેની એકતા મહા વાક્ય કહે છે.

देहान्यत्वान्न मे जन्मजराकार्श्यलयादयः ।
शब्दादिविषयैः संगो निरिन्द्रियतया न च ॥ ३१ ॥

જન્મ, જરા, દુર્બળપણું, મરણ ઇત્યાદિ ધર્મો સ્થૂળશરીરના છે. હું સ્થૂળશરીરથી ભિન્ન છું માટે જન્મઆદિ ધર્મો મારા નથી તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોના ભોગરૂપ સંગ મારેવિષે નથી. કારણ કે હું ઇંદ્રિયોરહિત છું ઇંદ્રિયોના વિષયોની સંગાથે સંયોગ અથવા વિયોગ થવાથી મને અસંગને લાભ વા હાનિ નથી ૩૧

આત્માનેવિષે મનના ધર્મોનો નિષેધ

अमनस्त्वान्न मे दुःखरागद्वेषभयादयः ।
अप्राणो ह्यमनाः शुभ्र इत्यादिश्रुतिशासनात् ॥ ३२ ॥

દુઃખ, રાગ, દ્વેષ, સંકલ્પ, વિકલ્પ, શોક, મોહ, ભય, એ બધા મનના ધર્મ છે, મારા નથી, કારણ કે હું તો મનરહિત છું. શ્રુતિ પણ કહેછે કે "આત્મા મન અને પ્રાણરહિત છે તથા નિર્મળ છે," માટે ઉપર કહેલા દુઃખ આદિ મનના ધર્મો, ક્ષુધા, તૃષા પ્રાણના ધર્મો તથા મૂઢતા આદિ અજ્ઞાનરૂપ મનના ધર્મો મારેવિષે ત્રણ કાળમાં છે જ નહિ. હું તો અસંગ કૂટસ્થ સચ્ચિદાનંદ બ્રહ્મ છું.

જે જે કાર્ય છે તે અનિત્ય છે, માટે પ્રાણઆદિની અનિત્યતા તેની ઉત્પત્તિવડે બતાવે છે.

× एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापश्च पृथ्वी विश्वस्य धारिणी ॥ ३३ ॥

આ અસત્ જડ તથા દુઃખરૂપ સંસારથી વિપરીત સ્વભાવવાળા એટલે સત્ ચિત્ આનંદ બ્રહ્મથી ક્રિયાશક્તિવાળો પ્રાણ,

× આ શ્લોક આ પ્રતિ સિવાય બીજી કોઈ પ્રતિમાં નથી.

જ્ઞાનશક્તિવાળું મન, દશ ઈંદ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ તથા સ્થાવર જંગમ પ્રાણીઓને ધારણ કરનારી પૃથ્વી, અનાદિ અવિદ્યાવડે ઉત્પન્ન થાય છે.

निर्गुणो निष्क्रियो नित्यो निर्विकल्पो निरंजनः ।
निर्विकारो निराकारो नित्यमुक्तोऽस्मि निर्मलः ॥ ३४॥

સત્વ, રજ અને તમ એ પ્રકૃતિના ગુણો છે અને રાગ ઇચ્છાદિ બુદ્ધિના ગુણો છે. હું એ બધા ગુણરહિત છું; કારણ કે પ્રકૃતિ તથા બુદ્ધિ બંનેનો મારેવિષે અભાવ છે. ક્રિયા એ દેહ ઈંદ્રિયાદિનો ધર્મ છે. હું દેહ ઈંદ્રિયાદિરહિત હોવાથી કોઇ પણ ક્રિયા મારામાં નથી. હું નિત્ય એટલે સર્વ કાળમાં ચૈતન્યરૂપ છું. હું નિર્વિકલ્પ એટલે સંકલ્પ વિકલ્પ ધર્મવાળા મનરહિત છું. હું નિરંજન એટલે માયા તથા તેનાં કાર્યરૂપ મેલવિનાનો છું. ૩૪

વિકારો બધા લિંગશરીરને આશ્રયે રહેલા છે અને હું લિંગશરીરરહિત હોવાથી કોઇ પણ વિકાર મારામાં નથી. અવયવી પદાર્થ આકારવાન્ હોય છે. હું આકાશની પેઠે નિરવયવ છું તેથી આકારરહિત છું. હું બંધનરહિત હોવાથી નિત્યમુક્ત છું; અવિદ્યારૂપ મેલ મારા સ્વરૂપમાં નથી તથા હું સર્વત્ર પૂર્ણ હોવાથી અચળ છું.

ગુરુ શિષ્યની પરીક્ષા કરવા માટે પ્રશ્ન કરે છે, કે હે શિષ્ય ! તું કહે છે તેવા તું છે પણ તું પરિચ્છિન્ન છે. કારણ કે તું દેહવાળો દેખાય છે. એ સાંભળી શિષ્ય પોતાનો અનુભવ કહે છે.

अहमाकाशवत्सर्वं बहिरंतर्गतोऽच्युतः ।
सदा सर्वसमः शुद्धो निःसंगो निर्मलोऽचलः ॥ ३५ ॥

હું આકાશની પેઠે સર્વ પદાર્થમાં બહાર તથા અંતરે વ્યાપીને રહ્યો છું; ન્યૂનતારહિત, સર્વત્ર, સમ, શુદ્ધ, સંગરહિત, નિર્મળ તથા અચળ છું. ૩૫

તત્ તથા ત્વનું અભેદચિંતન

निरयशुद्धविमुक्तैकमखंडानंदमद्वयम् ।
सत्यं ज्ञानमनंतं यत् परं ब्रह्माहमेव तत् ॥ ३६ ॥

નિત્ય એટલે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાળમાં જેનો નિષેધ થતો નથી, જે અવિદ્યા આદિ મેલરહિત છે, જે નિત્યમુક્ત છે, જે એક એટલે જેના જેવી કોઇ બીજી વસ્તુ નથી, જે અખંડ એટલે સર્વ દેશ, સર્વ કાળ અને સર્વ વસ્તુઓમાં છે, જે સુખસ્વરૂપ છે તથા જે અદ્વય એટલે વિજાતીય ભેદ તથા સ્વગત ભેદરહિત છે, તે સત્યજ્ઞાન અને અનંત બ્રહ્મરૂપજ હું છું: બ્રહ્મથી ભિન્ન મારૂં સ્વરૂપ નથી. ૩૬

एवं निरंतराभ्यस्ता ब्रह्मैवास्मीति वासना ।
हरत्यविद्याविक्षेपान् रोगानिव रसायनम् ॥ ३७ ॥

ઉપર બતાવેલી રીત પ્રમાણે ચિરકાળ અભ્યાસ કરવાથી ઉત્પન્ન થયેલી "હું બ્રહ્મજ છું" એવી દૃઢ વાસના, જેમ રસાયન રોગોને નાશ કરે છે તેમ અવિદ્યાથી થયેલા ચિત્તના વિક્ષેપોને નાશ કરે છે. (હવે બ્રહ્મની અને આત્માની એકતાનાં ચિંતન કરવાનાં સાધન કહે છે.) ૩૭

विविक्तदेश आसीनो विरागो विजितेंद्रियः ।
भावयेदेकमात्मानं तमनंतमनन्यधीः ॥ ३८ ॥

નિર્જન સ્થાનમાં, સ્વસ્તિકાસન, પદ્માસન આદિ સુખપૂર્વક થઇ શકે તેવું આસન કરી,વિષયોમાં પ્રીતિરહિત તથા ઇંદ્રિયે

નો જેણે જય કર્યો છે એવા પુરૂષે, સજાતીય આદિ ભેદરહિત તથા દેશ, કાળ તથા વસ્તુ પરિચ્છેદ શૂન્યબ્રહ્મનું પોતાથી ભિન્ન ન જાણીને ચિંતન કરવું અર્થાત્ તે બ્રહ્મ હુંજ છું, એવી ભાવના કરવી. ૩૮

આ દૃશ્ય પ્રપંચ પ્રત્યક્ષ વર્તમાન છતાં એકતાનું ચિંતન કેમ બની શકે ? તેના ઉત્તરમાં કહ્યું છે કે,

आत्मन्येवाखिलं दृश्यं प्रविलाप्य धिया सुधीः ।
भावयेदेकमात्मानं निर्मलाकाशवत्सदा ॥ ३९ ॥

શુદ્ધ અંતઃકરણવાળા અધિકારી પુરૂષે, સકળ દૃશ્ય પ્રપંચનો યોગિજનોમાં પ્રસિદ્ધ × લયચિંતનને પ્રકારે, વિવેકવાળી બુદ્ધિવડે આત્મામાં લય કરીને આકાશની પેઠે નિર્મળ એવા સદા એકરસ આત્માનું ચિંતન કરવું. ૩૯

સર્વ દૃશ્ય પ્રપંચનો ત્યાગ કરીને વિવેકી કેવેરૂપે સમાધિમાં સ્થિતિ પામે છે ? આના ઉત્તરમાં કહ્યું છે કે,

नामवर्णादिकं सर्वं विहाय परमार्थवित् ।
परिपूर्णचिदानन्दस्वरूपेणावतिष्ठते ॥ ४० ॥

આત્માના વાસ્તવ સ્વરૂપને જાણનાર પુરૂષ, નામરૂપાત્મક દૃશ્ય પ્રપંચને મિથ્યા જાણી-તજી દઈને, પરિપૂર્ણ સત્ ચિત્ આનંદ સ્વરૂપે સમાધિમાં રહે છે. ૪૦

× લયચિંતનનો સામાન્ય પ્રકાર—પૃથ્વી એ જળનું કાર્ય છે; કાર્યને કારણમાં ભેદ નથી માટે પૃથ્વી જળરૂપજ છે એ પ્રમાણે ચિંતનવડે પૃથ્વીનો જળમાં લય કર્યા પછી જળના તેજમા, તેજનો વાયુમાં, વાયુનો આકાશમા, આકાશનો પ્રકૃતિમા અને પ્રકૃતિનો બ્રહ્મમાં લય કરવો.

સમાધિમાં પણ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય, એ પ્રકારની ત્રિપુટી પ્રતીત થાય છે, માટે આત્મા એક છે એવી ભાવના કેમ સંભવે? આના ઉત્તરમાં કહ્યું છે કે,

ज्ञातृज्ञानज्ञेयभेदः परात्मनि न विद्यते ।
चिदानन्दैकरूपत्वाद्दीप्यते स्वयमेव हि ॥ ४१ ॥

જો કે સવિકલ્પ સમાધિમાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવો ભેદ પ્રતીત થાય છે; પરંતુ નિર્વિકલ્પ સમાધિમાં તે ભેદ રહેતો નથી. તે કાળે તો સત્ ચિત્ આનંદ અખંડ આત્મા જ પોતે પ્રકાશે છે. ૪૧

(એ રીતે આત્માની એકતાના જ્ઞાનને માટે આત્માનું ધ્યાનાદિ કરનારને શું ફળ થાય છે, તે બતાવે છે.)

एवमात्मारणौ ध्यानमथने सततं कृते ।
उदितावगतिर्ज्वाला सर्वाज्ञानेन्धनं दहेत् ॥ ४२ ॥

પૂર્વે બતાવ્યા પ્રમાણે અંતઃકરણરૂપ નીચી અરણી સાથે ધ્યાનરૂપ ઉપરની અરણીવડે ઘર્ષણ નિરંતર કરવાથી ઉત્પન્ન થયેલી અખંડ બ્રહ્માકાર વૃત્તિરૂપ જ્વાળા, સર્વ અજ્ઞાનરૂપ કાષ્ઠને બાળી નાંખે છે. ૪૨

(પરમાત્માની એકતાનું યથાર્થ અપરોક્ષજ્ઞાન થવાથી આત્મા પોતે પ્રકાશે છે, એ વાત દૃષ્ટાંતસહિત કહે છે.)

अरुणेनेव बोधेन पूर्वं सन्तमसे हृते ।
तत आविर्भवेदात्मा स्वयमेवांशुमानिव ॥ ४३ ॥

જેમ પ્રાતઃકાળમાં અરુણોદય થવાથી તો પ્રથમ અંધકાર નાશ થયા પછી સૂર્યનારાયણ ઉદય પામે છે. તેમ જ હું બ્રહ્મ છું

નો જેણે જય કર્યો છે એવા પુરૂષે, સજાતીય આદિ ભેદરહિત તથા દેશ, કાળ તથા વસ્તુ પરિચ્છેદ શૂન્ય બ્રહ્મનું પોતાથી ભિન્ન ન જાણીને ચિંતન કરવું અર્થાત્ તે બ્રહ્મ હુંજ છું, એવી ભાવના કરવી. ૩૮

આ દૃશ્ય પ્રપંચ પ્રત્યક્ષ વર્તમાન છતાં એકનાનું ચિંતન કેમ બની શકે? તેના ઉત્તરમાં કહ્યું છે કે,

आत्मन्येवाखिलं दृश्यं प्रविलाप्य धिया सुधीः ।
भावयेदेकमात्मानं निर्मलाकाशवत्सदा ॥ ३९ ॥

શુદ્ધ અંતઃકરણવાળા અધિકારી પુરૂષે, સકળ દૃશ્ય પ્રપંચનો યોગિજનોમાં પ્રસિદ્ધ × લયચિંતનને પ્રકારે, વિવેકવાળી બુદ્ધિવડે આત્મામાં લય કરીને આકાશની પેઠે નિર્મળ એવા સદા એકરસ આત્માનું ચિંતન કરવું. ૩૯

સર્વ દૃશ્ય પ્રપંચનો ત્યાગ કરીને વિવેકી કેવેરૂપે સમાધિમાં સ્થિતિ પામે છે? આના ઉત્તરમા કહ્યું છે કે,

नामवर्णादिकं सर्वं विहाय परमार्थवित् ।
परिपूर्णचिदानन्दस्वरूपेणावतिष्ठते ॥ ४० ॥

આત્માના વાસ્તવ સ્વરૂપને જાણનાર પુરૂષ, નામરૂપાત્મક દૃશ્ય પ્રપંચને મિથ્યા જાણી-તજી દઈને, પરિપૂર્ણ સત્ ચિત્ આનંદ સ્વરૂપે સમાધિમાં રહે છે. ૪૦

× લયચિંતનનો સામાન્ય પ્રકાર—પૃથ્વી એ જળનું કાર્ય છે; કાર્યને કારણમાં ભેદ નથી માટે પૃથ્વી જળરૂપજ છે એ પ્રમાણે ચિંતનવડે પૃથ્વીનો જળમા લય કર્યા પછી જળના તેજમાં, તેજનો વાયુમા, વાયુનો આકાશમા, આકાશનો પ્રકૃતિમા અને પ્રકૃતિનો બ્રહ્મમાં લય કરવો.

એવા અપરોક્ષ નિશ્ચયવડે અજ્ઞાનરૂપ અંધકાર દૂર થયા પછી સૂર્યનારાયણની પેઠે આત્મા આપોઆપ પ્રકાશે છે. ૪૩

આત્મા તે પોતાનું સ્વરૂપ હોવાથી પ્રાપ્ત જ છે તેની જ્ઞાનવડે પ્રાપ્તિ [illegible] તેના ઉત્તરમાં કહ્યું છે કે,

---

પ્રકરણ ૨ જું.

અભેદ નિરૂપણ.

आत्मा तु सतत प्राप्तोऽप्यप्राप्तवदविद्यया ।
तन्नाशेऽप्राप्तवद्भाति स्वकण्ठाभरणं यथा ॥ ४४ ॥

જેમ કોઇ પુરુષ પોતાના કંઠમાં પહેરેલો મણિ વિસરી જઇ તેને ચોતરફ શોધતો ફરતો હતો, તેને કોઇ ભલા માણસે કહ્યું કે, જે મણિને તું ભૂલથી ખોવાયલો સમજી શોધતો ફરે છે, તે તો તારા કંઠમાં જ છે; એમ કહી તેને તેના કંઠમાં ધારણ કરેલો મણિ દેખાડી આપ્યો. ત્યારે તેને ભ્રાંતિથી અપ્રાપ્ત માનેલા મણિની પ્રાપ્તિ થઇ, તેમ જ આત્મા સર્વત્ર પૂર્ણ હોવાથી જ્ઞાની અજ્ઞાની બંનેને પ્રાપ્ત જ છે પરંતુ અજ્ઞાનીને અજ્ઞાનને લીધે પ્રાપ્ત છતાં પણ અપ્રાપ્ત સરખો થઇ ગયેલો હોય છે. જ્યારે તેનું સદ્‌ગુરુના ઉપદેશવડે અજ્ઞાન નાશ પામે છે ત્યારે તેને આત્મા જે પ્રથમથી જ પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ થાય છે; કંઇ અપ્રાપ્તની પ્રાપ્તિ તેને થતી નથી. ૪૪

જીવાત્મા તથા પરમાત્મા બન્ને પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી તેઓની એકતા જે તમે કહો છો તે કેમ સંભવે? આના સમાધાનમાં કહે છે કે,



પણ આકાશની પેઠે નિર્લેપ રહે છે. સર્વજ્ઞ છતાં પણ મૂઢની પેઠે રહે છે. અર્થાત્ પોતાની સર્વજ્ઞતા અન્યની આગળ પ્રગટ કરવાના હેતુથી પ્રકાશ કરતો નથી તથા વાયુની પેઠે પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થયેલા વિષયોમાં આસક્તિ પામ્યાવિના વિચરે છે. ૫૨

उपाधिविलयाद्विष्णौ निर्विशेषं विशेन्मुनिः ।
जले जलं वियद्व्योम्नि तेजस्तेजसि वा यथा ॥ ५३ ॥

જેમ નદી સમુદ્રમાં મળી પોતાના નામરૂપ છોડી સમુદ્રરૂપ થઈ જાય છે. જેમ ઘટાકાશ ઘટ ઉપાધિ વિનાશ થયા પછી મહાકાશરૂપ થઈ જાય છે. દીવા આદિનું તેજ [illegible] પછી સામાન્ય તેજમાં મળી જાય છે તેમજ આત્માને જાણનારો અને મનન કરનાર જીવન્મુક્ત મહાત્મા દેહાદિ ઉપાધિનો નાશ થયાથી [illegible] બ્રહ્મમાં પ્રવેશ કરે છે. અર્થાત્ બ્રહ્મરૂપ થાય છે. ૫૩

[illegible]

यल्लाभान्नापरो लाभो यत्सुखान्नापरं सुखम् ।
यज्ज्ञानान्नापरं ज्ञानं तद्ब्रह्मेत्यवधारयेत् ॥ ५४ ॥

[illegible]

अखंडानंदरूपस्य तस्यानंदलवाश्रिताः ।
ब्रह्माद्यास्तारतम्येन भवंत्यानंदिनोऽखिलाः ॥ ५८ ॥

અખંડાનંદ સમુદ્ર બ્રહ્મનો લેશ માત્ર આનંદ પામીને બ્રહ્મા આદિ સર્વ દેવો વધતા—ઓછા આનંદયુક્ત થયા છે; અર્થાત્ બ્રહ્મામાં બ્રહ્માનંદનો લેશ છે. તે કરતાં બૃહસ્પતિમાં [illegible] આનંદ ઓછો, તેથી ઇંદ્રનો ઓછો, એ પ્રમાણે બ્રહ્માથી મનુષ્ય પર્યંત સર્વમાં ઉત્તરોત્તર ન્યૂન ન્યૂન આનંદ છે. સર્વ આનંદનો અંતર્ભાવ બ્રહ્માનંદમાં છે માટે જ્ઞાની પુરુષ વિદેહમુક્તિ અવસ્થામાં પૂર્ણ બ્રહ્માનંદમાંજ સ્થિતિ પામે છે. ૫૮

જેના આનંદના લેશને સર્વ બ્રહ્માદિ દેવો ભોગવે છે તે બ્રહ્મ ક્યાં છે? શું તે લોકાંતરમાં છે? આના ઉત્તરમાં કહ્યું છે કે,

तद्युक्तमखिलं वस्तु व्यवहारस्तदन्वितः ।
तस्मात्सर्वगतं ब्रह्म क्षीरे सर्पिरिवाखिले ॥ ५९ ॥

તે સત્ ચિત્ તથા આનંદસ્વરૂપ બ્રહ્મવડે યુક્ત સર્વ ઘટાદિ વસ્તુ અસ્તિ ભાતિ પ્રિયરૂપે [illegible] છે તથા સર્વ વ્યવહાર પણ તે બ્રહ્મવડે જ સિદ્ધ થાય છે માટે જેમ દૂધમાં સર્વત્ર ઘી રહ્યું છે તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપ્ત છે. ૫૯

જો બ્રહ્મ સર્વત્ર [illegible] છે તો પણ તે [illegible] નથી, તે [illegible] કહે છે કે,

अनण्वस्थूलमह्रस्वमदीर्घमजमव्ययम् ।
अरूपगुणवर्णाख्यं तद्ब्रह्मेत्यवधारयेत् ॥ ६० ॥

જે વસ્તુ અણુ (સૂક્ષ્મ) નથી, સ્થૂલ નથી, હ્રસ્વ નથી [illegible]

વર્ણ અને સંજ્ઞા (નામ) રહિત છે, એમ નિશ્ચયવડે જાણવું ૬૦

> યદ્ભાસા ભાસ્યતેઽર્કાદિર્ભાસ્યૈર્યત્તુ ન ભાસ્યતે ।
> યેન સર્વમિદં ભાતિ તદ્બ્રહ્મેત્યવધારયેત્ ॥ ૬૧ ॥

જેના રૂપના પ્રકાશવડે સૂર્ય આદિ પ્રકાશે છે; પરંતુ જેના પ્રકાશવડે પ્રકાશ પામનારા સૂર્ય આદિવડે જે પ્રકાશ પામતું નથી, તથા જેવડે આ સંપૂર્ણ જગત્ પ્રકાશે છે, તે બ્રહ્મ છે એમ જાણવું. ૬૧

> સ્વયમન્તર્બહિર્વ્યાપ્ય ભાસયન્નખિલં જગત્ ।
> બ્રહ્મ પ્રકાશતે વહ્નિપ્રતપ્તાયસપિંડવત્ ॥ ૬૨ ॥

જેમ અગ્નિમાં તપાવેલા ગોળામાં, અગ્નિ, બહાર તથા અંતર વ્યાપીને પ્રકાશે છે તેમજ બ્રહ્મ, સંપૂર્ણ જગતની માંહે તથા બહાર વ્યાપ્ત થઈને પોતે પ્રકાશે છે તથા તે જગતને પણ પ્રકાશિત કરેછે. ૬૨

> જગદ્વિલક્ષણં બ્રહ્મ બ્રહ્મણોઽન્યન્ન કિંચન ।
> બ્રહ્માન્યદ્ભાતિ ચેન્મિથ્યા યથા મરુમરીચિકા ॥ ૬૩ ॥

આ જગત્ જે અસત્, જડ તથા દુઃખરૂપ છે, તેથી બ્રહ્મ વિલક્ષણ છે, એટલે સત્ ચિત તથા આનંદ સ્વરૂપ છે. માટે બ્રહ્મથી ભિન્ન કોઈપણ વસ્તુ નથી. જો બ્રહ્મથી ભિન્ન કોઈ વસ્તુ પ્રતીત થતી હોય તો તે મૃગજળની પેઠે મિથ્યા મ[illegible] થાય છે. ૬૩

> દૃશ્યતે શ્રૂયતે યદ્યદ્બ્રહ્મણોઽન્યન્ન તદ્ભવેત્ ।
> તત્ત્વજ્ઞાનાચ્ચ તદ્બ્રહ્મ સચ્ચિદાનંદમદ્વયમ્ ॥ ૬૪

ક્તિનું સાધન કહું છું તે એકાગ્ર ચિત્તકરે શ્રવણ કરો ૫

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः ।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम् ॥ ६ ॥

"તત્ત્વમસિ" આદિ મહા વાક્યના શ્રવણવડે થએલું જે જીવાત્મા તથા પરમાત્માનું એક સ્વરૂપે જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર, એ જ મુક્તિનું સાધન છે. ૬

જીવ ઈશ્વરનો અભેદ કેવી રીતે?

को जीवः कः परात्मा वा तादात्म्यं वा कथं तयोः ।
तत्त्वमस्यादिवाक्यं वा कथं तत् प्रतिपादयेत् ॥ ७ ॥

શિષ્ય-જીવ કોણ? તથા પરમાત્મા કોણ? અર્થાત્ એ બંનેના સ્વરૂપને હું જાણતો નથી. એ અજ્ઞાત (નહીં જાણેલા) જીવ તથા ઈશ્વર જે પરસ્પર વિલક્ષણ છે તેમની એકરૂપતા કેમ ઘટે? તથા એ અજ્ઞાત જીવ ઈશ્વરનો અભેદ "તત્ત્વમસિ" આદિ મહાવાક્યો પણ કેમ પ્રતિપાદન કરે? ૭

अत्र ब्रूमः समाधानं कोऽन्यो जीवस्त्वमेव हि ।
यस्त्वं पृच्छसि मां कोऽहं ब्रह्मैवासि न संशयः ॥ ८ ॥

ગુરૂ કહે છે કે શિષ્ય! તેં પૂછેલા પ્રશ્નોનું સમાધાન આપું છું અન્ય વળી જીવ કોણ છે? તું જ જીવ છે અર્થાત્ ઇંદ્રિય અંતઃકરણ આદિનો સાક્ષી છે તેજ જીવ છે. તું જેમને પૂછે છે કે "હું કોણ છું?" તેથી તું બ્રહ્મ જ છે તું બ્રહ્મ જ છે, તેમાં જરા પણ સંશય નથી ૮

ક્તિનું સાધન કહું છું તે એકાગ્ર ચિત્તવડે શ્રવણ કરો. ૫

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः ।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम् ॥ ६ ॥

“तत्त्वमसि” આદિ મહા વાક્યના શ્રવણવડે થએલું જે જીવાત્મા તથા પરમાત્માનું એક સ્વરૂપે જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર, એ જ મુક્તિનું સાધન છે. ૬

જીવ ઇશ્વરનો અભેદ કેવી રીતે?

को जीवः कः परमात्मा तादात्म्यं वा कथं तयोः ।
तत्त्वमस्यादिवाक्यं वा कथं तत् प्रतिपादयेत् ॥ ७ ॥

શિષ્ય.-જીવ કોણ? તથા પરમાત્મા કોણ? અર્થાત્ એ બેને સ્વરૂપને હું જાણતો નથી. એ અજ્ઞાન (નહીં જાણેલા) જીવ તથા ઈશ્વર જે પરસ્પર વિલક્ષણ છે તેમની એકરૂપતા કેમ ઘટે? તથા એ અજ્ઞાત જીવ ઈશ્વરનો અભેદ “तत्त्वमसि” આદિ મહાવાક્યો પણ કેમ પ્રતિપાદન કરે? ૭

अत्र ब्रूमः समाधानं कोऽन्यो जीवस्त्वमेव हि ।
यस्त्वं पृच्छसि मां कोऽहं ब्रह्मैवासि न संशयः ॥ ८ ॥

ગુરૂ—હે શિષ્ય! તેં પૂછેલા પ્રશ્નોનું સમાધાન આપું છું. અન્ય વળી જીવ કોણ હોય? તુંજ જીવ છે અર્થાત્ ઇંદ્રિય અંતઃકરણ આદિનો સાક્ષી છે તેજ જીવ છે. તું જેમને પૂછે છે કે “હું કોણ છું?” તેનો ઉત્તર એટલોજ કે તું બ્રહ્મજ છો. એમાં જરા પણ સંશય નથી. ૮

મુક્તિનું સાધન કહું છું તે એકાગ્ર ચિત્તવડે શ્રવણ કરો. ૫

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः ।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम् ॥ ६ ॥

“તત્ત્વમસિ” આદિ મહા વાક્યના શ્રવણવડે થએલું જે જીવાત્મા તથા પરમાત્માનું એક સ્વરૂપે જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર, એ જ મુક્તિનું સાધન છે. ૬

જીવ ઈશ્વરનો અભેદ કેવી રીતે?

को जीवः कः परात्मा वा तादात्म्यं वा कथं तयोः ।
तत्त्वमस्यादिवाक्यं वा कथं तत् प्रतिपादयेत् ॥ ७ ॥

શિષ્ય.-જીવ કોણ? તથા પરમાત્મા કોણ? અર્થાત્ એ બંનેના સ્વરૂપને હું જાણતો નથી એ અજ્ઞાન (નહીં જાણેલા) જીવ તથા ઈશ્વર જે પરસ્પર વિલક્ષણ છે તેમની એકરૂપતા કેમ ઘટે? તથા એ અજ્ઞાન જીવ ઈશ્વરનો અભેદ “તત્ત્વમસિ” આદિ મહાવાક્યો પણ કેમ પ્રતિપાદન કરે? ૭

अत्र ब्रूमः समाधानं कोऽन्यो जीवस्त्वमेव हि ।
यस्त्वं पृच्छसि मां कोऽहं ब्रह्मैवासि न संशयः ॥ ८ ॥

ગુરુ—હે શિષ્ય! તેં પૂછેલા પ્રશ્નોનું સમાધાન આપું છું. અન્ય નહીં જીવ કોણ હોય? તુંજ જીવ છે અર્થાત્ ઇંદ્રિય અંતઃકરણ આદિનો સાક્ષી છે તેજ જીવ છે. તું જેમને પૂછે કે “હું કોણ છું?” તેનો ઉત્તર જાણજે કે તું બ્રહ્મજ છે, એમાં જરા પણ સંશય નથી. ૮

ગુરૂ—જેમ ઘડાનો દ્રષ્ટા (જોનારો) ઘડાથી જૂદો છે માટે જેમ તે કોઇ પણ પ્રકારે ઘડો નથી તેમજ હું (આત્મા) પણ દેહનો દ્રષ્ટા છું, માટે કોઇ પણ પ્રકારે હું શરીર નથીજ, એવો નિશ્ચય કરવો. ૧૫

ઇંદ્રિયને આત્મા માનનારનું ખંડન

एवमिन्द्रियदृङ्नाहमिन्द्रियाणीति निश्चिनु ।
मनोबुद्धिस्तथा प्राणो नाहमित्यवधारय ॥ १६ ॥

" મારી નજર મંદ છે " " મારી નજર સૂક્ષ્મ છે " એ પ્રકારે હું ઇંદ્રિયોનો પણ દ્રષ્ટા હોવાથી ઇંદ્રિયો નથી તેમજ સંકલ્પવિકલ્પ પ્રવૃત્તિરૂપ મન, નિશ્ચયાત્મ બુદ્ધિ, તથા શ્વાસોશ્વાસરૂપ પ્રાણ, એ સર્વનો હું સાક્ષી છું માટે, હું મન, બુદ્ધિ તથા પ્રાણરૂપ નથી, એમ હે શિષ્ય! તું નિશ્ચય કર ૧૬

દેહેન્દ્રિયનો સમુદાય અનાત્મા

संघातोऽपि तथा नाहमिति दृश्यविलक्षणम् ।
द्रष्टारमनुमानेन निपुणं संप्रधारय ॥ १७ ॥

જેમ હું દેહ નથી, ઇંદ્રિયો નથી, તેમ દેહ ઇંદ્રિયના સમુદાયરૂપ પણ નથી. " જેમ પંચ ભૂતના સંઘાત (સમૂહ) રૂપ ઘડાનો દ્રષ્ટા ઘડાથી જૂદો છે, તેમ એ દેહ ઇંદ્રિય આદિના સંઘાતનો દ્રષ્ટા પણ તે સંઘાતથી જૂદો છે. " એ પ્રકારના અનુમાન વડે " આત્મા, દેહ આદિ સમુદાય, કે જે દૃશ્ય છે તેથી અત્યંત વિલક્ષણ છે. " એવો વિવેકપૂર્વક નિશ્ચય કર. ૧૭

देहेन्द्रियादयो भावा हानादिव्यापृतिक्षमाः ।
यस्य सान्निध्यमात्रेण सोऽहमित्यवधारय ॥ १८ ॥

જેમ દિવો ઘડાને પ્રકાશ કરનાર હોવાથી ઘડાથી જુદો છે તેમજ દેહને પ્રકાશ કરનાર હોવાથી દેહથી ભિન્ન હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું ૨૩

पुत्रवित्ताद्यो भावा यस्य शेषतया प्रियाः ।
द्रष्टा सर्वप्रियतमः सोऽहमित्यवधारय ॥ २४ ॥

પુત્ર, ધન, આદિ પદાર્થો જે આત્માને અનુકૂળ હોવાથી પ્રિય છે, તે આત્મા પુત્ર આદિ સર્વ પદાર્થ કરતાં અધિક પ્રિય છે. તે આત્મા. હું છું એમ તું નિશ્ચય કર. શ્રુતિ પણ કહે છે કે "आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति" (આત્માનું પ્રિય કરનાર હોવાથી સર્વ પદાર્થ પ્રિય છે.) ૨૪

ઉપર પ્રમાણે આત્મા આનંદસ્વરૂપ છે એ વાત કહી, હવે આત્મા અત્યંત પ્રેમનો વિષય હોવાથી તે ત્રણે કાળમાં સત્યસ્વરૂપ છે, એ વાત કહે છે.

परप्रेमास्पदतया मा न भूवमहं सदा ।
भूयासमिति यो द्रष्टा सोऽहमित्यवधारय ॥ २५ ॥

"હું કોઇ દિવસ ન હતો એમ ન હતું, કિંતુ સદા મારું અવસ્થાન હોવું જોઇએ" એ પ્રમાણે અત્યંત પ્રીતિનો વિષય જે દ્રષ્ટા છે, તે હું છું એમ તું જાણ ૨૫

यः साक्षिलक्षणो बोधस्त्वंपदार्थः स उच्यते ।
साक्षित्वमपि बोद्धृत्वमविकारितयात्मनः ॥ २६ ॥

જે જ્ઞાનસ્વરૂપ આત્મા "तत्त्वमसि" આદિ મહા વાક્ય વડે સાક્ષીસ્વરૂપે પ્રતીત થાય છે તે "तत्त्वमसि" મહા વાક્યમાં રહેલા त्वं પદનો અર્થ છે એમ કહેવાય છે આત્માનું સાક્ષી-

[illegible] મિશ્ર નથી, જે મનુષ્યોનાં [illegible] છે. જેમ [illegible]પણું, [illegible]પણું [illegible] નથી [illegible] જે [illegible], પરિણામ [illegible] છે [illegible]

[illegible]

[illegible] ॥ १ ॥

[illegible]

[illegible]

[illegible] ॥ १ ॥

[illegible]

[illegible] ॥ ३० ॥

[illegible]

શ્રુતિમાં આદિના અનેક દૃષ્ટાંતવડે જેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન પ્રતિપાદન કર્યું છે તે બ્રહ્મ છે, એમ તું નિશ્ચય કર ૩૨

यदानंत्यं प्रतिज्ञाय श्रुतिस्तत्सिद्धये जगौ ।
तत्कार्यत्वं प्रपंचस्य तद्ब्रह्मेत्यवधारय ॥ ३३ ॥

“ एकमेवाद्वितीयं ब्रह्म ” એ વાક્યવડે આ જેના અનંતપણાથી પ્રતિજ્ઞા કરીને, એ અનંતપણાને સિદ્ધ કરવા માટે શ્રુતિએ સંપૂર્ણ વિશ્વ તેનું કાર્ય છે એમ કહ્યું. તે બ્રહ્મ છે એમ તું જાણ ૩૩

विजिज्ञास्यतया यत्तु वेदांतेषु मुमुक्षुभिः ।
समर्थ्यतेऽतियत्नेन तद्ब्रह्मेत्यवधारय ॥ ३४ ॥

यतो वा इमानि भूतानि जायंते (જેથી સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે) ઇત્યાદિ વેદાંતવાક્યોમાં વિષે, મુમુક્ષુ પુરુષો જેને મહાપ્રયત્નવડે વિચારવાયોગ્ય કહે છે તે બ્રહ્મ છે એમ તું જાણ ૩૪

जीवात्मना प्रवेशश्च नियंतृत्वं च तान् प्रति ।
श्रूयते यस्य वेदेषु तद्ब्रह्मेत्यवधारय ॥ ३५ ॥

જેનો જગતમાં જીવાત્મારૂપે પ્રવેશ તથા સર્વ જીવો પ્રતિ નિયંતાપણું વેદમાં કહેલ છે તે બ્રહ્મ છે એમ તું જાણ ૩૫

૧ નીલોત્પલ (કાળું કમળ) એ વાક્યમાં “ નીલ ” પદ અન્ય રંગના કમળોથી જુદું પાડનાર હોવાથી “ નીલ ” (કાળું) એ ઉત્પલ (કમળ) રૂપ વિશેષ્યની સાથે વિશેષણરૂપે જોડાય છે, તેમજ “ ઉત્પલ ” પદ પણ “ નીલ ” ગુણને વસ્ત્ર વગેરેથી જુદો પાડીને “ નીલ ” વિશેષણ સાથે સંબંધ પામે છે. આ પ્રકારના સંબંધને “ વિશેષણવિશેષ્યભાવસંબંધ ”

આદિ પ્રમાણવડે વિરોધ આવે તો, મુખ્ય અર્થની સાથે સંબંધ રાખનારા અન્ય અર્થની જે પ્રતીતિ, તેને લક્ષણાવૃત્તિ કહે છે. ૪૭

ટીકા—કોઇ વાક્યમાં અમુક પદનો મુખ્ય અર્થ એટલે શબ્દ સાંભળતાંજ તુરત પ્રતીત થતો અર્થ ગ્રહણ કરવામાં પ્રત્યક્ષ આદિ પ્રમાણનો વિરોધ આવતો હોય તો મુખ્ય અર્થની સાથે હમેશ સંબંધ રાખનારા અર્થની જે પદવડે પ્રતીતિ થવી, તેને લક્ષણાવૃત્તિ કહે છે. એ લક્ષણા " જહતી, અજહતી તથા જહત્ અજહતી " એમ ત્રણ પ્રકારની છે.

गंगायां घोषः—(ગંગામાં નેસ) એ વાક્યમાં ગંગા શબ્દનો મુખ્ય અર્થ પ્રવાહ તજીને પ્રવાહ સાથે નિત્ય જોડાયલા કાંઠાને વિષે ગંગા-શબ્દનું વર્તવું તે જહત્‌લક્ષણા. આ લક્ષણા, ગંગાપદમાં માનવાનું કારણ એ કે ગંગાપદનો મુખ્ય અર્થ પ્રવાહને વિષે ઘોષ એટલે નેસની સ્થિતિ પ્રત્યક્ષ આદિ પ્રમાણવડે સંભવતી નથી.

" श्वेतो धावति " (શ્વેત દોડે છે) એ વાક્યમાં શ્વેતગુણને દોડવું એ પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે માટે શ્વેત શબ્દની શ્વેતગુણયુક્ત ઘોડાને વિષે જે પ્રવૃત્તિ તે અજહલ્લક્ષણા. કારણ કે મુખ્ય અર્થ શ્વેતગુણનો ત્યાગ ન થતાં શ્વેતગુણ સહિત અશ્વ (ઘોડો) નો લાભ છે.

सोऽयं देवदत्तः (તે આ દેવદત્ત) એ વાક્યમાં 'सः' પદનો મુખ્ય અર્થ જે 'તે દેશકાળ વિશિષ્ટ' (તે દેશ કાળમાં સ્થિત) તથા 'अयं' પદનો મુખ્ય અર્થ જે આ દેશ કાળ વિશિષ્ટ (આ દેશ તથા આ કાળમાં સ્થિત) એ બન્નેની એકતા સંભવતી નથી. માટે તે દેશ કાળ તથા આ દેશ કાળ વિશિષ્ટપણાને ત્યાગી, કેવળ દેવદત્તના શરીરમાં જ લક્ષણા ઘટે છે. ઉભયપદની પ્રવૃત્તિ, તે જહત્ અજહલ્લક્ષણા કહેવાય છે, કારણ કે દેશ કાળરૂપ વિશિષ્ટ અંશનો ત્યાગ કરીને વિશેષ્ય અંશને વિષે શબ્દ પ્રવર્તે છે

તત્ત્વમસિની લક્ષણાનું ઉત્તર.

तत्त्वमस्यादिवाक्येषु लक्षणा भागलक्षणा ।
सोऽयमित्यादिवाक्यस्थपदयोरिव नापरा ॥ ४८ ॥

જેમ "સોઽયં દેવદત્ત" એ વાક્યમાં સ પદનો મુખ્ય અર્થ "તે દેશ કાળ વિશિષ્ટ" તથા અયં પદનો મુખ્ય અર્થ "આ દેશ કાળ વિશિષ્ટ" એ બંન્નેની એકતા ન સંભવતાં તે બંન્નેમાંથી વિશિષ્ટપણું તજીને દેવદત્ત માત્રમાં સ તથા અયં પદ વર્તે છે તેમ "तत्त्वमसि" મહાવાક્યમાં પણ તત્ પદના તથા ત્વં પદના મુખ્ય અર્થને ગ્રહણ કરવામાં વિરોધ આવે છે. કારણ કે તત્ પદનો મુખ્ય અર્થ જે ઇશ્વર તે પરોક્ષ તથા પૂર્ણ છે તથા ત્વંપદનો અર્થ પ્રત્યક્ તથા પરિચ્છિન્ન છે. પરોક્ષ અને પૂર્ણની, પ્રત્યક્ અને પરિછિન્નની સાથે એકતા સંભવી શકે નહીં, માટે તત્ પદના મુખ્યાર્થમાંથી પરોક્ષપણા આદિનો તથા ત્વંપદના મુખ્ય અર્થમાંથી પરિચ્છિન્નપણા આદિનો ત્યાગ કરીને બંને પદ, પૂર્ણ આનંદ અખંડ બોધસ્વરૂપને વિષે પ્રવર્તે છે. આ લક્ષણાને ત્યાગલક્ષણા અથવા જહદજહતી લક્ષણા કહે છે. ૪૮

अहं ब्रह्मेति वाक्यार्थबोधो यावद्दृढीभवेत् ।
शमादिसहितस्तावदभ्यसेच्छ्रवणादिकम् ॥ ४९ ॥

"હું બ્રહ્મ છું" "એ પ્રકારે જ્યાંસુધી બ્રહ્મથી અભિન્ન અપરોક્ષજ્ઞાન (સાક્ષાત્કાર) અસંભવના તથા વિપરીતભાવના દૂર થઇને દૃઢ થાય, ત્યાંસુધી શમદમ સાધનમાં નિરત રહી વારંવાર શ્રવણ, મનન તથા નિદિધ્યાસનનો અભ્યાસ કર્યા કરવો. વ્યાસ સૂત્રમાં પણ કહ્યું છે કે आवृत्तिरसकृदुपदेशात् અર્થ–"વેત-

એકાંત સ્થાન વિષે સુખેકરી બેસવું તથા પરમાત્માને વિષે ચિત્તને સ્થિર કરવું. આ સર્વ જગતને કેવળ બ્રહ્મમય જોવું તથા તેને મિથ્યારૂપે માનવું. પૂર્વના કર્મને ભોગવીને ચિત્તના બળવડે ક્ષય કરવો તથા હવે પછી કર્મ બાધ કરે નહિ તેમ વર્તવું. આ પ્રમાણે પ્રારબ્ધને ભોગવી પરબ્રહ્મનેવિષે સ્થિતિ કરવી. ૫

यःश्लोकपंचकमिदंपठतेमनुष्यः
संचिंतयत्यनुदिनंस्थिरतामुपेत्य ।
तस्याशुसंसृतिदवानलतीव्रघोर
तापःप्रशांतिमुपयातिचितिप्रसादात् ६

જે કોઈ આ પાંચ શ્લોકનું પઠન કરે છે તથા દરરોજ ચિત્તને સ્થિર રાખી ચિંતન કરે છે તો શુદ્ધ ચૈતન્ય અર્થાત્ પરબ્રહ્મની કૃપાવડે તેનાં સંસારરૂપી દાવાનળમાં રહેલ તીવ્રતર તાપનું શમન થાય છે. ૬

इति श्रीमच्छंकराचार्यविरचितं साधनपंचकंसंपूर्णम् ।



ટીકાઃ—તું જો સ્વયંજ્ઞાનરૂપ છે તો ઇંદ્રિયોદ્વારા બોલી કેવી રીતે શકે છે ? તેના સમાધાનમાં કહે છેઃ—

निमित्तं मनश्चक्षुरादिप्रवृत्तौ
निरस्ताखिलोपाधिराकाशकल्पः॥
रविर्लोकचेष्टानिमित्तं यथायः
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ३ ॥

મનાદિ કહેતાં મન, બુદ્ધિ, ચિત્ત તથા અંહકાર અને ચક્ષુ આદિ કહેતાં નેત્ર વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા હસ્તપાદાદિ પાંચ કર્મેન્દ્રિયો વગેરેની પ્રવૃત્તિના કારણરૂપ હું છું. હું મન આદિ સર્વ ઉપાધિથી રહિત આકાશસદૃશ છું. (છતાં ચેષ્ટા કેવી રીતે કરૂં છું, તેના ઉત્તરમાં કહે છે કે) જેવી રીતે સૂર્ય લોકોની ચેષ્ટાના કારણરૂપે છે તેમ હું છું. હું નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મારૂપે છું. ૩.

ટીકાઃ—શિષ્યઃ—મન, ચક્ષુ આદિની પ્રવૃત્તિનું અધિષ્ઠાન કોણ છે ? હું પોતે જ કેમ વર્તતો નથી ? નિત્ય ઉપલબ્ધિ કહેતા પ્રાપ્ત સ્વરૂપ જ્યારે હું છું તો પછી અધિષ્ઠાતા કેવો ? ગુરુ.—જે નિત્ય બોધસ્વરૂપ આત્માના આશ્રયરૂપ મન આદિ પ્રવર્તે છે, તે નિત્ય આત્મા હું છું. શિષ્ય.—બોધ અર્થાત્ જ્ઞાન તો ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય છે તો પછી આત્મા નિત્ય કેવી રીતે કહેવાઇ શકે ? જે ઉત્પત્તિવાળો છે તેનો નાશ પછી બોધ પણ અનિત્ય છે અને આત્મા નિત્ય છે તો નિત્ય અનિત્યની એકતા કેવી રીતે યુક્ત છે ? પ્રત્યક્ષ રીતે જ વિરોધ છે. ગુરુઃ—ચૈતન્યનું નામ બોધ છે. આ ચૈતન્ય, જ્ઞાતારૂપે જે છે, જ્ઞાનરૂપે જે ઇન્દ્રિયો છે તથા જ્ઞેયરૂપે જે ઘટાદિ વિષય છે તેનાથી ભિન્ન સાક્ષીરૂપે છે. આ સાક્ષી સર્વથી જુદો છે. જેમ ઘટને

ભિન્ન એટલી જ રહેલી છે કે, ચૈતન્યતાનો સ્વભાવ પ્રાણમાં છે જે આકાશમાં નથી. ' ઇન્દ્રિયો જડ છે તથા આત્મા તેના જ્ઞાતા સ્વરૂપ છે. આ નાન્યોઽતોઽસ્તિ દ્રષ્ટા ઇત્યાદિ શ્રુતિથી સિદ્ધ થાય છે. एकमेवाद्वितीयं ઇત્યાદિ શ્રુતિથી આત્મા એક તથા અદ્વિતિયરૂપ છે. શિષ્ય પાછી શંકા કરે છે કે, સુખ તથા દુઃખની અવસ્થાને લીધે આત્મા એક પ્રતીત થતો નથી. કારણ કે જો સર્વ શરીરમાં એક જ આત્મા હોય તો એકના સુખદુઃખથી સર્વ કોઇ સુખી તથા દુઃખી થાય, એકના જાણવાથી સર્વ કોઇ જાણે, એકના જન્મવાથી સર્વ જન્મે તથા મરે, એકના બંધનથી સર્વનું બંધન થાય, એકની મુક્તિથી સર્વની મુક્તિ થાય. આ સર્વ કારણોને લીધે આત્મા એક નથી, પણ અનેક છે. આના ઉત્તરમાં ગુરૂ કહે છેઃ—

मुखाभासको दर्पणे दृश्यमाने
मुखत्वात्पृथक्त्वेन नैवास्ति वस्तु ॥
चिदाभासको धीषु जीवोऽपि तद्व-
त्सनित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ५ ॥

જેમ મુખભાસ કહેતાં મુખની છાયા દર્પણમાં જોવાથી તે અનેક પ્રકારે પ્રતીત થાય છે. પણ પરમાર્થસ્વરૂપે મુખથી પૃથક્‌વડે કોઇ વસ્તુનું અસ્તિત્વ નથી (ઉપાધિગત મલિન તથા શ્વેત આદિ ધર્મવડે જેમ મલિન ધર્મની પ્રતીતિ થાય છે,), તેજ પ્રમાણે મુખરૂપી જીવ ચૈતન્યની છાયા, બુદ્ધિરૂપી દર્પણમાં પ્રતીત થાય છે આ નિત્ય તથા જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું. ૫

ટીકાઃ—ઉપાધિરૂપ સુખદુઃખ આદિ અંતઃકરણ બુદ્ધિમા પ્રતીત થાય છે. પણ ખરૂં જોતાં તે સુખદુઃખ આદિ આત્મામાં અયુક્ત છે. આત્મામાં ભેદવ્યવસ્થા નથી. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે एकमेवाद्वितीयं ब्रह्म

ભિન્નના એટલી જ રહેલી છે કે, ચૈતન્યતાનો સ્વભાવ ઘડામાં છે જે આકાશમાં નથી.' ઇન્દ્રિયો જડ છે તથા આત્મા તેના જ્ઞાતા સ્વરૂપ છે. આ नान्योऽतोऽस्ति द्रष्टा ઇત્યાદિ શ્રુતિથી સિદ્ધ થાય છે. एकमेवाद्वितीयं ઇત્યાદિ શ્રુતિથી આત્મા એક તથા અદ્વિતિયરૂપ છે. શિષ્ય પાછી શંકા કરે છે કે, સુખ તથા દુઃખની અવસ્થાને લીધે આત્મા એક પ્રતીત થતો નથી. કારણ કે જો સર્વ શરીરમાં એક જ આત્મા હોય તો એકના સુખદુઃખથી સર્વ કોઇ સુખી તથા દુઃખી થાય, એકના જાણવાથી સર્વ કોઇ જાણે, એકના જન્મવાથી સર્વ જન્મે તથા મરે, એકના બંધનથી સર્વનું બંધન થાય, એકની મુક્તિથી સર્વની મુક્તિ થાય. આ સર્વ કારણોને લીધે આત્મા એક નથી, પણ અનેક છે. આના ઉત્તરમાં ગુરૂ કહે છે.—

मुखाभासको दर्पणे दृश्यमाने
मुखत्वात्पृथक्त्वेन नैवास्ति वस्तु ॥
चिदाभासको धीषु जीवोऽपि तद्व-
त्सनित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ९ ॥

જેમ મુખભાસ કહેતાં મુખની છાયા દર્પણમાં જોવાથી તે અનેક પ્રકારે પ્રતીત થાય છે. પણ પરમાર્થસ્વરૂપે મુખથી પૃથક્‌વડે કોઇ વસ્તુનું અસ્તિત્વ નથી (ઉપાધિગત મલિન તથા શ્વેત આદિ ધર્મવડે જેમ મલિન ધર્મની પ્રતીતિ થાય છે,), તેજ પ્રમાણે મુખરૂપી જીવ ચૈતન્યની છાયા, બુદ્ધિરૂપી દર્પણમાં પ્રતીત થાય છે આ નિત્ય તથા જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું. ૫

ટીકા:—ઉપાધિરૂપ સુખદુઃખ આદિ અંતઃકરણ બુદ્ધિમાં પ્રતીત થાય છે. પણ ખરૂં જોતાં તે સુખદુઃખ આદિ આત્મામાં અયુક્ત છે. આત્મામાં ભેદવ્યવસ્થા નથી. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે एकमेवाद्वितीयं ब्रह्म

મેઘવડે જેની દૃષ્ટિ ઢંકાયલી છે એવો અત્યંત મૂઢ, વાદળાથી ઢંકાયલા સૂર્યને પ્રકાશથી રહિત માને છે. તેમ મૂઢ દૃષ્ટિવાળાને અર્થાત્ અવિદ્યાવૃત અજ્ઞાની મનુષ્યને અબદ્ધ આત્મા બદ્ધ સરખો ભાસે છે. આ જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું. ૧૨

समस्तेषु वस्तुष्वनुस्यूतमेकं
समस्तानि वस्तूनि यन्न स्पृशंति ॥
वियद्वत्सदा शुद्धमच्छस्वरूपं
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ १३ ॥

સર્વ પ્રપંચ માત્રમાં એક અદ્વૈત આત્મા અનુસ્યૂત (પરોવાયલો) છે. (જેમ પુષ્પ વગેરે માળાની દોરીમાં પરોવાયલા હોય છે તેમ) છતાં તે સર્વ પ્રપંચમાં લિપ્ત નથી. જુદો જુદો છે તે આકાશની માફક શુદ્ધ, નિર્મળ, રાગદ્વેષાદિથી રહિત તથા સ્વચ્છસ્વરૂપ છે. આ નિત્ય તથા જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું ૧૩

उपाधौ यथा भेदता सन्मणीनां
सदा भेदता बुद्धिभेदेषु तेऽपि ॥
यथा चंद्रिकाणां जले चंचलत्वं
तथा चंचलत्वं तवापीह विष्णो ॥ १४ ॥

જેમ સ્ફટિકાદિ શુદ્ધ મણિને લાલ, કાળા, પીળા આદિરંગ, ઉપાધિ અર્થાત્ બીજા જુદા રંગવાળી વસ્તુ સમીપ રહેવાથી પ્રતીત થાય છે તથા જળમાં પ્રતિબિંબિત ચંદ્રમા જળરૂપ ચંચળ પ્રતીત થાય છે, તેમ હે વિષ્ણુ ! તમારૂં સ્વ

જે છું. તે માટે કંચનપણું પણ તેવા જ પ્રકારનું છે પરમાર્થ-સ્વરૂપે આ કંચનત્વ નથી. ૧૪

यथा वेददृष्ट्यैव ते सूतकादि
यथा बुद्धिरुत्पद्यते सूतकीति ॥
तथा वेदवेद्यं विशुद्धात्मतत्त्वं
स्वकीयं गृहीतं विवादः कुतस्ते ॥ १५ ॥

અર્થઃ—જેમ વેદદૃષ્ટિવડે તને સૂતકાદિ કર્મમાં વૃથા બુદ્ધિ ઉત્પન્ન થાય છે કે હું સૂતકી છું, તેમ શ્રુતિ શુદ્ધ આત્મતત્વનો ઉપદેશ કરે છે. આ ઉપદેશવડે તું આત્માને સાક્ષી બ્રહ્મરૂપે અંગીકાર કરે તો પછી બીજો વાદવિવાદ ક્યાં રહ્યો? ૧૫



મેઘવડે જેની દૃષ્ટિ ઢંકાયલી છે એવો અત્યંત મૂઢ, વાદળાથી ઢંકાયલા સૂર્યને પ્રકાશથી રહિત માને છે. તેમ મૂઢ દૃષ્ટિવાળાને અર્થાત્ અવિદ્યાવૃત અજ્ઞાની મનુષ્યને અબદ્ધ આત્મા બદ્ધ સરખો ભાસે છે. આ જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું. ૧૨

समस्तेषु वस्तुष्वनुस्यूतमेकं
समस्तानि वस्तूनि यन्न स्पृशंति ॥
वियद्वत्सदा शुद्धमच्छस्वरूपं
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ १३ ॥

સર્વ પ્રપંચ માત્રમાં એક અદ્વૈત આત્મા અનુસ્યૂત (પરોવાયલો) છે. (જેમ પુષ્પ વગેરે માળાની દોરીમાં પરોવાયલા હોય છે તેમ) છતાં તે સર્વ પ્રપંચમાં લિપ્ત નથી, પણ જુદો છે. તે આકાશની માફક શુદ્ધ, નિર્મળ, રાગદ્વેષાદિથી રહિત તથા સ્વચ્છસ્વરૂપ છે. આ નિત્ય તથા જ્ઞાનસ્વરૂપ આત્મા હું પોતે છું. ૧૩

उपाधौ यथा भेदता सन्मणीनां
तथा भेदता बुद्धिभेदेषु तेऽपि ॥
यथा चंद्रिकाणां जले चंचलत्वं
तथा चंचलत्वं तवापीह विष्णो ॥ १४ ॥

જેમ સ્ફટિકાદિ શુદ્ધ મણિને લાલ, કાળા, પીળા આદિરંગ, ઉપાધિ અર્થાત્ બીજા જુદા રંગવાળી વસ્તુ સમીપ રહેવાથી પ્રતીત થાય છે તથા જળમાં પ્રતિબિંબિત ચંદ્રમા જળવત્ ચંચળ પ્રતીત થાય છે, તેમ હે વિષ્ણુ! તમારારૂપ

જે છું. તે મારૂં ચંચળપણું પણ તેવા જ પ્રકારનું છે પરમાર્થ-સ્વરૂપે આ ચંચળત્વ નથી ૧૪

यथा वेददृष्टयैव ते सूतकादि
यथा बुद्धिरुत्पद्यते सूतकीति ॥
तथा वेदवेद्यं विशुद्धात्मतत्त्वं
स्वकीयं गृहीतं विवादः कुतस्ते ॥ १५ ॥

અર્થ.—જેમ વેદદૃષ્ટિવડે તને સૂતકાદિ કર્મમાં વૃથા બુદ્ધિ ઉત્પન્ન થાય છે કે હું સૂતકી છું, તેમ શ્રુતિ શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ કરે છે. આ ઉપદેશવડે તું આત્માને સાક્ષી પ્રજ્ઞરૂપે અંગીકાર કરે તો પછી બીજો વાદવિવાદ ક્યાં રહ્યો ? ૧૫